૨૪૫૨૮

ઓખાહરણ

(મહાકવિ પ્રેમાનંદ કૃત.)

૨૪૫૨૮

(વડોદરા તથા સુરતમાંથી મેલવેલી જૂદી જૂદી ચાર પ્રતોપરથી સુધારી)

છપાવનાર

એક વ્યાસ.

મુંબઈ:

ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ.

૧૮૮૫.

કિંમત છ આના.

２૪૨૮

ઓખાહરણ.

(મહાકવિ પ્રેમાનંદ કૃત.)

(વડોદરા તથા સુરતમાંથી મેલવેલી જુદી જુદી
ચાર પ્રતોપરથી સુધારી)

છપાવનાર

એક વ્યાસ.

મુંબઈ:

ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ.

૧૮૮૫.

કિંમત છ આના.

સૂચના.

" ઓખાહરણ " આપણી ભાષામાં બે ત્રણ કવિઓએ રચ્યાં છે; પણ તે સઘળામાં ગુજરાતી સર્વોપરિ કવિ પ્રેમાનંદનુંજ ઓખાહરણ શ્રેષ્ટ ગણાય છે અને લોકપ્રસિદ્ધ પણ સહુથી વધારે એજ ઓખાહરણ છે. એ ગ્રંથની હજારો પ્રતો આગળ છપાઇ ગઇ છે અને તે ખપી પણ ગઇ છે. પણ તેમાં અશુદ્ધિ એટલી જોવામાં આવે છે કે તેથી સમજુ વાંચનારને કંટાલો ઉપજ્યા વગર ન રહે. આવા પ્રકારની અશુદ્ધતા તેમાંથી જેમ બને તેમ કાઢી નાખવી એવા હેતુથી અત્રેના એક પ્રસિદ્ધ વ્યાસ જે ઓખાહરણ સંગીતશાસ્ત્રના નિયમને અનુસરી ગાવામાં વખણાય છે તેમની પોતાની ઓખાહરણની એક પ્રત તથા એજ ગ્રંથની બીજી ત્રણ પ્રાચીન પ્રતો મેલવી આ ગ્રંથ તેની સાથે મેલવી શુદ્ધ કરી બાહાર પાડ્યો છે. એ જુની પ્રત સંવત ૧૮૨૭ માં વડોદરામાં લખાયલી છે, ને તેજ વિશેષ આધારપૂર્વક માન્ય રાખવા જેવી હતી. હાલમાં જેમ જેમ લોકોમા કેલવણીનો વધારો થતો જાય છે તેમ તેમ આપણા પ્રાચીન ઉતમ કવિઓના ગ્રંથો શુદ્ધ મેલવવા તેઓને ઉત્કંઠા ઉપજે એ સ્વાભાવિક છે. એ તેમના મનોરથ સફળ કરવાના હેતુથી આ ઓખાહરણનું પુસ્તક શુદ્ધ કરી તેમની સેવામાં મુકવામાં આવ્યું છે.

પ્રકટકર્તા.

[1] ભાગ ૬૩-૫૪ તથા ૬૨ કડાનું ઓખાહરણ પ્રેમાનંદકૃત મારા જોવામાં આવ્યું નથી.

ઓખાહરણ.

પ્રેમાનંદ કૃત.

કડવું ૧ લું.-રાગ રામગ્રી.

શ્રી ગુરૂ ગોવિંદને ચર્ણે લાગુંજી, ગણપતી સારદા વાણી માગુંજી ;
અંતર્ગતમાં ઇચ્છા છે ઘણીજી, ભાવે ભાખું કથા હરીતણીજી.
જે સાંભળતાં સુખ થાયેજી, મનની તે ચિંતા જાયેજી ;
ચતુરર્દશ લોક જેને માનેજી, તેના ગુણ શું લખિયે પાનેજી.

ઢાળ

પાને તે લખ્યા જાય નહીં, શ્રીગણેશના ગુણગ્રામ ;
સકળ કારજ સિદ્ધિ પામે, મુખે લેતાં નામ.
ગજવદન ગજનાસિકા, વળિ દંત ઉજવળ એક ;
આયુધ ફરસી કર ગ્રહી, જેણે હણ્યા અસુર અનેક.
સુદ્ધ બુદ્ધ બે શામછે, સુત લાભ ને વળી લક્ષ ;
સિંદુર અંગે શોભિતૂં, મોદક અમૃત ભક્ષ.
નીલાંબર પીતાંબર પેહેર્યાં, ચઢે સેત્રંત્રા સેવ ;
મ્હારા પ્રભુજીને પ્રથમ પૂજીએ, જય દુંદાળો દેવ.
ગૌરીનંદન વિશ્વવંદન, ભીડભંજન દેવ ;
તેત્રીશ ક્રોડમાં દીપતો, સુરનર કરે તારી સેવ.
સેવું બ્રહ્મતનયા સરસ્વતી, રૂપમનોહર માત ;
બ્રહ્મચારિણી ભારતી, તૂં વૈષ્ણવી વિખ્યાત.
શ્વેતવસ્ત્ર ને શ્વેત વપૂ, શ્વેત વાહન હંસ ;
વિશ્વંભરી વરદાયિની, કરે કોટી વિઘ્નનો ધ્વંશ,

કરૂણાકટાક્ષી કમળનયની, કમળાભૂકન્યાય ;
વેદ, કર્મ જટા ઊપનીષદ, ધર્મશાસ્ત્ર ને ન્યાય.
બ્રહ્મવિદ્યા ને યોગવિદ્યા, પુરાણ અષ્ટાદશ ;
ગાનતાન રસાલ તાલ, એ સર્વ તારે વશ.
દુહા ગાથા ને કવિત કથા, છંદભેદ ને નાદ ;
એ તરંગ તારા સરસ્વતી, છે શબ્દના સંવાદ.
ચતુરભુજ ને ચાતુરી, વરણવું તારા ન્યાસ ;
વૈશંપાયન વાલ્મિકી, તુંને માને વેદવ્યાસ.
જૈમિનિ ને સૂત પુરાણિક, તેને કૃપા તારી હવી ;
તેંજ ભટ્ટાચાર્ય કીધો, કાળિદાસ કીધો કવી.
કરૂણાળ તું ને દયાળ તું, હું કિંકર તારો માય ;
રંક જાણી આપ્ય વાણી, ગ્રંથ પૂરણ થાય.
સદકાર કરૂ વામણો ઇચ્છે, અપંગ તરવા સિંધુ ;
તેમ દાસ તારો હું ઇચ્છું છઊં, બાંધવા પદબંધ.

વળણ.

પદબંધ બાંધું કથાકેરો, આખ્યાન ઓખાહરણરે ;
વદે વિપ્ર પ્રેમાનંદ માગું, મા કરો ગ્રંથ સંપૂર્ણરે.

કડવું ૨ જું—રાગ રામગ્રી

એણી પેરે બોલ્યા શ્રીશુકદેવજી, બાણાસુરનો ઊતાર્યો અહમેવજી ;
હરે આપ્યા સહસ્ર હાથજી, ચક્રે છેદ્યા તે વૈકુંઠનાથજી.

વળણ.

વૈકુંઠ નાથે હાથ છેદીને, ઉતારયું અભિમાન ;
પરિક્ષિત પુછે શુકદેવને, કહો ઓખાનું આખ્યાન.
વ્યાસનંદન વદે વાણી, વર્ણવૂં પૂર્ણાનંદ ;
રસિક કથા ભાગવતતણી, તેમધ્યે દશમસ્કંધ.
શુકદેવ કહે પરિક્ષિતને, સુણ બાસઠમો અધ્યાય ;
આખ્યાન ઓખાહરણનું, અનિરૂધ્ધહરણકથાય.
પરબ્રહ્મથી એક પદ્મ પ્રગટ્યૂં, તેથી પ્રજાકર ;
પ્રજાપતીનો મરીચી, તેનો કશ્યપનામે કુંવર.

તેથી હિરણ્યકશ્યપુ, પ્રહ્લાદજી, તેથી વૈરોચન ;
વિરોચનનો બળી બળી, તેનો બાણાસૂર રાજન.
તે શોણિતપુરમાં રાજ કરતો, ઉપન્યો મન વિચાર
વર પામૂં ઇશ્વર આરાધું, વશ વરતાવું સંસાર.
તેણે શુક્રાચાર્યને પૂછીયું, લાગી ગુરૂને પાય :
કહો ગુરૂજી તપ કર્યાનો, શુદ્ધ મને ઉપાય.
શુક્ર બોલ્યા હેત કરીને, સૂણ બાણાસુર રાજાન ;
સર્વથકી ઉતમ ઉપાસન, કહું પરમ નિધાન.
ગંગાતટે જઇ તપ કરો, ઉપાસો મહાદેવ :
ભોળો શંભુ પ્રસંન્ન થઇ, વર આપશે તતખેવ.
શુક્રનાં વાયક સાંભળી, થયો બાણ મન ઉલ્હાસ :
તપ કરવાને ચાલિયો, મન ધરીને વિશ્વાસ.
કૌભાંડ નામે મોટો મંત્રી, તેને સોપ્યું પૂર ;
કૈલાસ નિકટે ગંગાતટે, જઇ તપ કરે અસૂર.
આસન વાળી ને લાગી તાળી, જપે ભોળો દ્રઢ મન :
શત વરસ એમ વહી ગયાં, ઉધઇ વળગી તંન.
વૃષા, શીત ને ગ્રીષ્મ વેઠે, ઓઢવા અવની ને આભ ;
શ્રવણે સુગ્રીવે માળા ઘાલ્યા, મસ્તકે ઉગ્યો ડાભ.
ક્ષુધા તૃષા તજીને બેઠો, અઘોર માંડયું તપ ;
માળા ફેરવે મનતણી, જપે જોગેશ્વરનો જપ.
ઇંદ્રે મોકલી અપ્સરા, તપધ્યાન કરવા ભંગ :
બાણાસુર ચુકે નહીં, પરભવે નહી અનંગ.
વૃષભે ચઢી શિવ આવિયા, ધરી અતીતકેરૂં રૂપ ;
બાણાસુરને બોલાવિયો, ભાવે કરીને ભૂપ.
નેત્ર ઉઘાડીને નિરખીયું, ત્યારે દીઠા શંકર જાણ ;
ધશી હરશીને ચરણે લાગ્યો, સ્તુતી કરી નિરવાણ.
માગ્ય માગ્યરે મહિપતી, એમ કહે છે ઉમિયાનાથ :
બાણાસુર કહે નાથજી, મુને આપો સહસ્રજ હાથ.

વલણ.

સહસ્ર હાથ આપો હરજી, ગણો ગણપતી સમાનરે ;
વિપત પડે તો આવજો, એમ, કહી શિવ હવા અંતરધ્યાનરે.

કડવું ૩ જું.—રાગ યમન-કલ્યાણ.

આવ્યા આવ્યા ઉમયા સહિત મહાદેવ, દીઠી દીઠી અસુરતણી ઘણી સેવ.
નયણે નીરખ્યો શ્વાસજ દેહ, દીઠો સુકા કાષ્ટવત તેહ.
તેને લાગી શંભુજીસું તાળી, બાણાસુર બેઠો આસન દ્રઢ વાળી.
એવા એવા તપનો માંડયો અભ્યાસ, માથા ઉપર ફુટી નિકળ્યાં ઘાસ.
એના તપનો નહીં આવ્યો પાર, એમ વર્ષ ગયાં છે એક હજાર.
એવું તપ જોઇને બોલ્યા ત્રિપુરારી, તમે સાંભળો પાર્વતી નારી.
એને તપે ત્રૈલોક બાંધું ડોલે, બાણાસુર તો બોલાવ્યો નવ બોલે.
તમે કહો તો એને વર આપૂં, ને હૂં સત્ય વચન કરી થાપૂં.
વળતાં બોલ્યાં પારવતી રાણી, એવા દુષ્ટને નાપો શૂલપાણી.
દૂધ પાઇને ઉછેરોછો સાપ, તેથી તમે પામશો મહા સંતાપ.
પેહેલાં તમે ભસ્માંગદને વરદાન દીધૂં, વરદાન પામ્યો કારજ એનૂં સીધ્યું.
વરદાન રાવણાદીકને આપ્યાં, તેણે દુષ્ટે જાનકીનાથ સંતાપ્યા.
તે માટે ઝાઝું શું તમને કહિયે, હાંરે એવા દુષ્ટથી વેગળા રહિયે.
પછે તમને શી શીખામણ દીજે, ભોળા શંભુ રૂડું જાણો તેમ કીજે.
જાઓ નારી પાનીએ બુદ્ધિ તમારી, વરદાન આપતાં ન રાખીએ વારી.
એવું કાહને બોલ્યા તે ભોળોનાથ, દીધો બાણાસુરને શિર હાથ.
ઉઠ ઉઠ પુત્ર તૂં વર માગ્ય, તૂં તો સમાધી તજીને જાગ્ય.
વાણી શંભુની સુણીને જાગ્યો, તેણે શિવજી પાસે વર માગ્યો.
સ્વામી મને સહસ્ત્ર હાથજ આપો; મુજને પુત્ર કરીને થાપો.
એકએક હસ્ત એવો કીજે; હસ્તી સહસ્રતણું બળ દીજે.
અસ્તુ અસ્તુ કહિને શિવે વર આપ્યો, તેને તો પુત્ર કરીને થાપ્યો.
વરદાન લઇને દાનવ ઘેર આવ્યો, તેને બધા નગ્રલોકેરે વધાવ્યો.

વળણ.

વધાવ્યો ત્યાં લોક સરવે, આનંદ ઘણો મન થાયરે;
આવી રાજ બેઠો બાણાસુર, તેને ઉલટ અંગ ન માયરે.

કડવું ૪ થું.—રાગ કેદારો.

વર આપી વળ્યા વિષધારીરે, સહસ્ર ભુજ પામ્યો અહંકારીરે;
ઓંખારીને કહે પામ્યો હું જયરે, હું તો થયો પૂર્ણ અક્ષયરે.

અભીમાની બોલે એમ ગર્વ વચનરે, પુરવિષે આવ્યો રાજનરે; સહુને આનંદ વાધ્યો મનરે.

ઢાળ.

પાય લાગે પ્રજા પુરની, આવી મળ્યો પરધાન;
સહસ્ત્ર ભુજ અંબુજ ફૂલ્યાં, તરૂવરને સમાન.
જાણે જગમાં વડડાળ ફુલી, હસ્ત એમ રાજાતણા;
પોહોંચે પોહોંચી જગમગે, જેવી શેશનાગની ફણા.
એકએક હસ્તે સહસ્ત્ર હસ્તિબળ, વસૂધાતળ વશ કીધું;
નાગવર્ગને સ્વર્ગ જીતી, એક ચક્રવે રાજ કીધું.
ચોસઠ દેશને ચારે દિશા, બાણે વરતાવી આણ;
પાયે પૃથ્વીને ધ્રુજાવે, જુદ્ધ જુદ્ધ વદે મુખ વાણ.
મંત્રી સાથે વઢવું માગે, બાથ ભીડીને અંગ;
માતંગ મારે હયને પછાડે, પાડે પરવતશૃંગ.
ભરાવે બાથ ને હાથ ઝાટકે, મુખે ભાખે મેઘસ્વર;
વઢનાર પાખે બાણશરીરે, પ્રગટયો પ્રાક્રમજવર.
ગુણ ગાંધ્રવ ને અપ્સરા સાથે, કૈલાસ ગયો રાજાન;
બાણાસુરે શંકરદ્વારે, માંડયું સંગીત ગાન;
થેઇ થેઇકાર ધમકાર ઘુઘરના, અબળા પગમાં ઠમઠમતા;
મંદિરમાંથી મહાદેવ નિકળ્યા, રામાની સંગે રમતા.
અસુર ઇશ્વર ને અપ્સરા નાચે, તે ઇંદ્રાદિક જોય:
ચંગ મૃદંગ ને વીણારસના, શબ્દ એકઠા હોય.
મહાદેવજી રસમગ્ન હવા, રાયને થવા તુષ્ટમાન;
બાણાસુરને કહે ઉમિયાવર, માગ્ય માગ્ય વરદાન.
રાય કહે પ્રભુ પ્રથમ તમે, આપ્યા સહસ્ત્ર હસ્ત;
તે ભુજબળ મારૂં કોણે ન ભાગ્યું, મેં જીત્યા લોક સમસ્ત.
સ્વામી બળ આપ્યું તો જોધ્ધો આપો, એ માગવું છે મ્હારે
તમે વઢો કે વઢનાર આપો, જે મ્હારા મદને ઉતારે.
તવ રીસ ચઢી અંતર ઇશ્વરને, તૂં માગતાં ચુકયો મૂર્ખ;
તારા ભુજનો ભાર ઉતારશે, લોકપૂજનપુરૂષ.

પુત્રી તારીનો વડસસરો, તે તારા ભુજને હણશે ;
થડથી છેદીને કર તારાના, કટકેકટકા કરશે.
તવ બાણાસુરને સુધ હવી, એ તો મેં માંગ્યો શાપ ;
કડાકકડાક કટકા થાશે, ત્યારે કેમ ખમાશે અદાપ.
ભૂપ કહે સાંભળિએ સ્વામી, તમ વચન પ્રમાણ ;
એટલું માગું આપ કને, આગળથી થાએ જાણ.
શિવ કહે તારી ધરમધજા, આફણિયે ભાગી પડશે ;
ત્યારે તો તૂં જાણજે, રિપૂ આવી ગડગડશે.

વળણ.

ગાજશે શત્રૂ કહી વળાવ્યો, નગ્રમાં આવ્યો સોયરે ;
આસન બેશી દાહાડી બાણાસુર, ધજા સામું જોયરે.

કડવું ૫ મું.—રાગ બિલાવર.

વળિ વળિ પૂછ્યું પરિક્ષિતરાયજી, શુકદેવજી કહોને કથાયજી ;
દેવકન્યા પ્રગટી જેહજી, દૈત્યપુત્રીતણો સંદેહજી.

ઢાળ.

દૈત્યપુત્રી કેમ હવી, શુકદેવજી કહોને સત્ય ;
વિસ્તારીને વર્ણવો, ઓખાતણી ઊતપત્ય.
શુકદેવ વળતું બોલિયા, તમે ભલી પુછી વાત ;
ઓખાની ઉત્પત્ત કયમ હવી, કહું તમને સાક્ષાત.
એકવાર ગિરિ કૈલાસથી, શિવજી તે મધુવન જાય ;
ઉમિયાજી ઘેર એકલાં, તેણે વિચારયું મનમાંય.
શિવને દિવસ થાશે ઘણા, નંદી ને ભૃંગી સંગ ;
સંતાન મ્હારે કાંઈ નહીં, તેમાટે લ્યોને સંગ.
શિવજી કહે કરજો પ્રગટ, ઇછાથકી સંતાન ;
તપ કરવાને જાઉં છું, ધરવાને હરિનૂં ધ્યાન.
એમ કહીને શંકર ચાલ્યા, આવ્યા તે ગંગાતીર ;
દૃઢ આસન વાળીને બેઠા, મનમાં રાખી ધીર.
દિવસ કેટલા વહી ગયા, ને, ચૈત્રમાસ તે આવ્યો ;
પરસેવો ઉમિયાને અંગે, થયો તે તો નવ ભાવ્યો.

માર્જન કરવા ઇચ્છા કીધી, મલીન દીઠું અંગ.
સુગંધી તેલ કકડાવિયાં, જલ ઉષ્ણ મૂકયું પ્રસંગ ;
પારવતીએ મન વિચાર્યું, મંદિરમાં નથી કોય;
હું પુત્ર એક પ્રગટ કરૂં, જે દ્વાર આગળ જોય.
પછે દક્ષિણ અંગથી મેલ ઉતારી, ઘડયું પુત્રનું રૂપ ;
તેના હાથ પગ ને ઘુંટણ, ન્હાની, ટુંકડું અંગસ્વરૂપ.
ચતુર્ભુજ ને ફાંદ મ્હોટી, મ્હોટું તે મસ્તક સંગ ;
કપોલ ગ્રીવા સુંદર શોભે, વિચિત્ર દીસે અંગ.
તેના વામ કરમાં કમળ આપ્યું, બીજે ફરશી જાણ ;
ત્રીજે હાથે જળકમંડળ, દક્ષિણ કરથી પાણ.
બાજુબંધ ને બેરખા, કુંડળ ઘાલ્યાં કર્ણ ;
કટીએ શોભે મેખલા ને, ઘુઘરા બાંધ્યા ચરણ.
તેને સરપનું ઉપવીત આપ્યું, મોદિક આપ્યો આહાર ;
મુષકનું વાહન આપ્યું, ઉર સેવંત્રાનો હાર.
તેનૂં ઘૃત સિંદૂરે અંગ ચરચ્યું, કાયા કાંચનની પરિધામ ;
પ્રતિહાર કરીને થાપીયો, ગણપતી ધરિયું નામ.
મુખ વચન માતાજી બોલ્યાં, હું માર્જન કરૂં આ વાર ;
કોઈ પુરૂષ આવે આંગણે તો, રાખજે ઊભો દ્વાર.
એકલો બાલક બારણે બીશે, વીચારયું મન માત ;
એની પાસે જોડ હોય તો, બેઠાં કરે બેઉ વાત.
વામ અંગથી મેલ ઉતારી, ઘડયું કંન્યાસ્વરૂપ ;
તેની શોભા શી વરણવું, શુકદેવ કહે સુણ ભુપ.
તેનૂં વદન પુનમચંદ્ર સરખું, નેન નિરમળ જાણ ;
નાસિકા શૂકચાંચ સરખી, દશન બીજ પ્રમાણ.
તેના અધર અતિ ઓપે રાતા, કપોલ ગ્રીવા જેહ ;
ભુજદંડ છે ગજસુંઢ સરખા, કુચ બીજોરાં તેહ.
તેની જંઘા જાણે કદલી સરખી, ઉર ઊજવળ અંગ ;
તેના ચરણ જાણે પદ્મની, કેસરી કટીનો લંક.
કર કંકણ ને મુદ્રિકા, કંઠે પુષ્પનો હાર ;
કરણે ઝાલ ઝબુકે, પાયે નેપુરનો ઝમકાર.

મસ્તકે ગુંથી રાખડી, કંઠે મુકતાનો હાર ;
અણુવટ પગે વીછુવા, કટીમેખલા સણુગાર.
તેને ચણિયો ચોળી પેહેરાવીયાં, શિર ઘાટડી પરિધાન ;
શુકદેવ કહે પરીક્ષિતને, તેનું ઓખા ધરિયું નામ.
તેને ઢીંગલાં ને ટોલડી, કુડલી, કોથળી જેહ ;
પાંચ કોડાં હાબડી, વેલણુ રમવા આપ્યાં તેહ.
કુંકમ ચંદન ચાંદલો, કાજળ સિંદુર સંગ ;
તેલ તંબોલ ને નાડાછડી, કરી તે પુજા અંગ.

વલણ.

કરી પુજા અંગ સોહિયે, કુંવરી કન્યા જેહરે ;
શુકદેવ કહે પરિક્ષતને, એમ ઓખા પ્રગટી તેહરે.

કડવું ૬ ઠું.–રાગ રામગ્રી.

વળી વળી પુછયું પરિક્ષતરાયજી, શુકદેવજી કહોને કથાવજી;
ઉમયાઅંગથી ઉપની જેહજી, દૈત્યપુત્રીતણો સંદેહજી.

ઢાલ.

સંદેહ મ્હારા મનતણો, તે ટાળીયે રૂષિરાય ;
એ ભ્રાત ભગની દ્વાર. મુકી, રચ્યો કુણ ઉપાય.
ત્યારપુઠે શું થયું, મુને સંભળાવોને એહ ;
વિસ્તારીને વરણુવો, શુકદેવજી સરવે તેહ.
શુકદેવ વળતું બોલીયા, તું સાંભળ રાજકુમાર ;
ઉમયાયે ઓખાની પ્રત્યે, એમ કહ્યું તેણીવાર.
હું મંદિરમાં મારજન કરૂં છું, ત્યાં દીધી શીખામણુ ;
કોઇ પુરૂષ આવે આંગણે તો, કરજે મુજને જાણુ;
એમ કહીને ગયાં ઘરમાં, ઉતારયું ઉષ્ણોદક સાર ;
બાવના ચંદન ઘોળીયાં તે, કનકપાત્રમોઝાર.
વસ્ત્ર આભુષણુ તજીને, ન્હાય છે ઉમયા માત ;
મોકળે કેશે નેત્ર મીચી, બેઠાં છે સાક્ષાત.

રાગ મારૂની દેશી.

રૂષીનારદજી તેણુીવાર, હૂતા બ્રહ્મસભા મોઝાર ;
રૂશીએ મન કરયો વીચાર, હુંતો જાઊં ત્યાં નિરધાર.

શિવ ઉમિયાને વઢવાડ, માંહોમાંહી કરાવું રાડ;
એવું વીચારયું રૂષીરાય, જ્યાં ઉમિયાજી બેઠાં ન્હાય.
આવ્યા અંત્રીક્ષથી રૂષિરાય, ત્યારે દીઠી પારવતીએ છાંય;
જાણે પેહેરૂં તે વસ્ત્ર સુવેખે, રખે ઉઘાડું અંગરે દેખે.
તેમાટે શીરના કેશ, તેણે ઢાંકયું તે અંગ સુવેશ;
જોઇ રૂશી નારદ સીધાવ્યા, શિવ પાસે ગંગાતટે આવ્યા.
આવી બોલ્યા શિવસું વાણી, મ્હારી વાત સુણો શૂલપાણી;
તમે ધરી બેઠા શૂં ધ્યાન, ઘેર પ્રગટયાં છે બે સંતાન.
એવું સાંભળતાં તતકાળ, ઉઠી અંગમાં મ્હોટી જવાળ;
એવું કહિને ચાલ્યા છે મુન્ય, મહાદેવ થવા અતિ શૂન્ય.
શિવ ઘરમાં પેસે જ્યારે, પેલે જોધ્ધે વારયા ત્યારે;
અલ્યા ચોરટો છે કે ભિખારી, ન્હાવા બેઠાં છે માત અમારી;
શિવ ઘરમાં પેસે જ્યારે, જોદ્ધે અટકાવ્યા ત્યારે.
માહોમાંહી થયો સંગ્રામ, બેમાં કોઇ ન છાંડે ઠામ;
જટા સાહીને નાખ્યા છે ઇશ, મહાદેવને ચડી અતિ રીશ.
ઢીકા પાટુ ને ગડદા સાથ, અન્યોઅન્ય ભીડી બે બાથ;
ધાયા ભુત ભૈરવ વૈતાળ, રણે કોપ્યો ઉમિયાનો બાળ.
ઘણું કોપ્યા શ્રીત્રિપુરારી, ગાજ્યા ગણપતી બહૂ રીસ ધારી;
બેહૂ સરખા છે બલવંત, ઘણું કોપ્યા તે ઉમિયાના કંથ.
કોપ્યા ગણપતી તે બહુ અંગ, સર્વ સૈન્યાનો કીધો ભંગ;
નાઠી સૈન્યા દેખી બળધીશ, કોપ્યા ગણપતી કોપ્યા ઇશ.
બેનું રૂપ ભયંકર ભાસે, દેખી મુનિવર નાવે પાસે;
જટા સાહીને નાખ્યા ઇશ, ત્યારે શિવને ચડી અતી રીશ.

રાગ ઢાલ.

જટીલજોગી ને ભસ્મભોગી, દીસતો અવધૂત;
આજ્ઞાવિના અધિકાર ન જાવા, જો હોય પૃથ્વીનો ભૂપ.
વચન એવું સાંભળીને, કોપીયા શિવરાય;
ત્રિશૂલ મારી શિર છેદિયું, જઇ પડયું ચંદ્રરથમાંય.
ઓખા મનમાં ત્રાસ પામી, દેખીને દારૂણુ કર્મ;
માતાની પાસે કેહેવા ન ગઇ, નવ લહયો આગળ મર્મ.

મહાદેવ મંદિરમાં ગયા, ઝબકયાં તે ઉમયા મંન,;
નેત્ર ઉઘાડીને નિરખિયા, શિર કેશે ઢાંકયું તંન.
વસ્ત્ર પેહેરીને થયાં બેઠાં, પૂછીયૂં શિવરાય;
એ બાલક તો બારણે મૂકયાં, કેમ આવ્યા મંદિરમાંય.
શિવ કહે શિર છેદિયું, પેલો પુરૂષ હતો જેહ;
સ્ત્રીહત્યા મેં નવ કરી, જીવતી તો મૂકી તેહ.
એમ કેહેતાં ઉમયા પડયાં પૃથ્વી, એ શું કીધું શિવરાય;
અંગથકી ઉત્પન્ન કરયાં, બેઉ બાલક તમારાં થાય.
હમણાં તે મ્હારા પ્રાણ કહાડું, કાં જીવાડો એહ;
શિવ કહે શિર છેદીયૂં, જઈ પડયું પર્વત તેહ.
એક મુરતમાંહી મસ્તક આણી, મેહેલો તે એને અંગ;
નંદી ભૃંગીને મોકલ્યા, જઇ જોયા પર્વતશૃંગ.
મસ્તક તો લાધ્યું નહીં, એક હસ્તી દીઠો વંન;
એકદંતને મહા ઉનમત, જઇ વિડારયૂં તંન.
મસ્તક લઈને આવિયા, શિવ ઉમિયાકેરી પાસ;
મહાદેવે મસ્તક ચ્હોડીયું, વરદાન દીધૂં હાથ.
મ્હારે હાથે દુઃખજ પામ્યો, મુજ પેહેલો પૂજાય;
શુભ કામે સમરણ કરે, તેનૂં સિદ્ધ કારજ થાય.

વલણ.

વરદાન એવું આપીયું, શિવે તેણે ઠામરે;
પેહેલી પૂજા કરી પોતે, ગજવદન ધરિયું નામરે.

કડવું ૭ મું.–રાગ મારૂ.

ઉમયા આવ્યાં તે મંદીર બાહાર, નવ દીઠી તે ઓખાકુમાર;
મિઠાની કોઠડી હુતી જયાંહે, કન્યા નાશીને પેઠી ત્યાંહે.
ઉમયાને ક્રોધ ચડયો અપાર, ઓખાને શાપ દીધો તેણી વાર;
ત્યારપૂઠે તે શું થાય, તેની કહૂં હવે કથાય.

રાગ ઢાલ.

શાપ પુત્રીને હવો, તે સાંભળો કહૂં રાય;
વરસ એક લગણ પુત્રી, રેહેજે લવણનીમાંય.
વચન એવું સાંભળીને, દુઃખ પામી મંન;
લવણમધ્યે કોમળ કાયા, કેમ જાશે વરસ દંન.

મહમદ કહે ઓખા બોલી, દયા કરો મુજ માત ;
અપરાધ કિંચિતમાત્ર છે, તેમાં આવડી શી બાત.
મેં શાપ તમારો શીશ ચડાવ્યો, અનુગ્રહ કેમ થાય ;
માતા કહે મહિમા વાધશે, તારો મૃત્યુલોકની માંહ્ય.
પછે પારવતીજીએ પ્રેમ આણી, કહ્યો માસજ એક ;
વરસ આધે ઉત્તમ કહિયે, ચૈત્રમાસ વિશેક.
તે માસે તે લવણકેરો, કરે સંગ્રહ જેહ ;
પારવતીજી પુત્રીને કેહે, તે દુષ્ટ પામે દેહ.
ચૈત્ર માસે વ્રત અલૂણું, કરે જે સ્ત્રીજંન ;
સંસારના સુખ ભોગવે, પામે પુત્ર કળત્ર ને ધંન.
ચૈત્રકેરા દિન ત્રીશે, અંન અલૂણું ખાય ;
માતા કહે સત્ય જાણજો, તે સ્વર્ગવાસી થાય.
માતા કહે મહિમા કહૂં, એવો ચૈત્ર નિર્મળ જાણ ;
એક માસ અલૂણું ન કરે, તેનું મિથ્યા જીવ્યું જાણ.
વ્રત કરીને દાન કરવું, લવણકેરું જેહ ;
આખ્યાન સાંભળે પાતક જાયે, નિરમળ થાયે દેહ.
પાંચ દહાડા પાછલા, વ્રત કરે સ્ત્રી જંન ;
કરે ભોજન લવણ પાખે, એક ઉજવળ અંન.
હું શાપમોચન તુંજને કહું છું, ઓખાને કહે છે માય ;
શ્રી ભગવાનકુલમાં વર થશે, તે ગ્રહશે તારી બાંય.
સરવે દોષ ટળશે તેથકી, સાંભળ ઓખાબાઇ ;
સંતોષી એમ એ સરવે કહી, આનંદ પામ્યાં સહી.
પછે ઓખા લવણમાં પેઠી, શાપ મટાડવા કાજ ;
શુકદેવ કહે પરીક્ષતને, કહું બાણાસુરની કાજ.

વલણ.

કથા કહૂં તે સાંભળો, ધરીને એક ધ્યાનરે ;
તે પછી શું નીપન્યૂં, વિસ્તારું રાજાન રે.

કડવું ૮ મું–રાગ વેરાડી.

એક સમે ચંડાળણી, ઉભી રાજદ્વાર ;
વાસીદું વાળી કરી, કીધું ઝાકઝમાળ. એક સમે ચંડાળણી. ટેક.

રાજા તે સુતા ઉઠીયા, અતી પ્રાતુસકાળ ;
મુખ આડી સનમાર્જની, રાખીરે ચંડાળ. એક સમે.
તે જોઇ બાણાસુરે પૂછિયું, સઘળો વિસ્તાર ;
મુખ આડી સનમાર્જની, કેમ રાખી તેં નાર. એક સમે.
ચંડાલણી કહે રાયજી, સાંભળો મહારાજ ;
વાણામાં મુખ કેમ દાખવું, જાણી કીધી મેં લાજ. એક સમે.
રાજા કહે સત્ય બોલ તૂં, નહિંકર દેશુંરે દંડ ;
શામાટે આડી ધરી, સનમાર્જની રંડ. એક સમે.
વળતી ચંડાલણી એમ વદે, સાંભળોરે ભૂપાળ;
સાચું બોલૂં છું હું હવે, રખે દેતારે ગાળ. એક સમે.
પ્રાતઃસમે જોવું નહીં, વાંઝીયાનૂં વદન ;
તમારે કાંઇ છોરૂ નથી, સાંભળોને રાજંન. એક સમે.
તેમાટે સનમાર્જની, આડી કીધી મેં રાય ;
સાચૂં બોલીછું જે ઘટે, તેવો કરજોરે ન્યાય. એક સમે.
રાજાએ સત્ય માન્યું સહી, નવ કીધોરે ક્રોધ ;
રાજ મૂકી કૈલાસે ગયો, બાણાસુર જોધ. એક સમે.
તપ કરવા વેગે ગયો, દ્રઢ રાખી વિશ્વાસ ;
ધ્યાન ધરયું મહાદેવનૂં, મુને પુત્રની આશ. એક સમે

કડવું ૯ મું.—રાગ મારૂ.

તેણે સમે રાણી કહેવારે લાગી, જોઇ રાજાનૂં રૂપ ;
બાણુમતી એમ બોલીયાં, રાય થયો વૃક્ષસ્વરૂપ.
રાયં એ વરને શું લાવીયા, તમારી કોણ આવશે સંગ ;
આપત્ય સે નવ લાવીયા, હૂં હુલાવત ઉછરંગ.
બાણુમતી દુઃખ પામી કહે, બહુ બળતણું શૂં કામ ;
સંતાન મ્હારે કાંઇ નથી, શીર વાંઝીયાનૂં નામ.
રાયે રિધસિધ ત્યાગ કીધી, ચાલીયો વનમાંહે;
કૈલાસગિરિએ આવીયો, બેઠા છે શિવજી જ્યાંહે.
તાતને ચરણે લાગીયો, તવ પૂછીયું શિવરાય ;
સંતાન મ્હારે કાંઇ નથી, કાંઇ પુત્ર પુત્રી થાય.

ત્યારે પારવતીજી બોલીયાં, મારે પુત્ર એક ગણેશ;
તે તો આપ્યો જાય નહીં, ત્રીલોકનો દેવેશ.
આપત્ય કો આપે નહીં, જે પોતાનૂં સંતાન;
તેત્રીશ કોટીએ પૂજા કરી, મૃત્યુલોકમાં માન.
દેવ દૈત્યમાં પ્રીત ન હોયે, પીતા પુત્ર ન થાય;
વચન એવું સાંભળી, મન ઝાંખો થયો છે રાય.
પછે ઉમાએ શિવને કહ્યું, પુત્રી લવણમાં છે જેહ;
તેને ત્રીશ દાડા થયા પૂરા, આપોને પુત્રી તેહ.
ત્યારે પુત્રી કહેવા લાગી, સાંભળો મુજ માત;
કૈલાસે હૂં કયારે આવું, સત્ય કહોને વાત.
ફાગણવદ તૃતીયાને દીવસ, તૂં આવજે મુજપાસ;
ગોર કરીશ જો પુત્રી મ્હારી, તો પુરીશ તારી આશ.
તે ભરયું ભાજન લઇને ચાલ્યો, લવણમધ્ય કુમાર;
માથે ચડાવી થયો મારગ, આવ્યો નગરમોઝાર.
પછે ભાજન ભાગીને કન્યા કાહાડી, દીઠું તે સુંદર રૂપ;
પંચામૃતે પખાળી કરી, સણગાર સજ્યા ભૂપ.
ભાટ ચારણ ગુણ ગાંધ્રવને, ત્યાં આપીયાં બહુ દાન;
તરીયા તોરણ બાંધીયાં, જાણે પુત્રી પુત્ર સમાન.
ગજે બેસારી નગ્રમધ્યે, ફેરવી લાવ્યો રાય;
વાજીત્ર વાજે અતિ ઘણાં, વળી બંદી જશ બહુ ગાય.
શુકદેવ કહે પરીક્ષત સુણો, પ્હેલી દેવકન્યા રાય;
સંદેહ મનનો ટાળીએ, પછે દૈત્યપુત્રી થાય.
નિત્ય રાજસભામાં બાણ બેસે, ધરે બહુ અભીમાન;
એવૂં જોઇને બોલ્યો, કૌભાંડ જે પરધાન.
ગર્વ ન કીજે રાયજી, કાંઇ મન વિચારી જોય;
પાંચ દહાડા પુરૂષને, કાંઈ છાયા ફરતી હોય.

વલણ.

છાંયા ફરતી પુરૂષને, સરખી સદા ન હોયરે;
ગર્વ કદી નવ કીજીએ, માનો રાજા સોયરે.

કડવું ૧૦ મું.—રાગ સામેરી.

બાણાસુર નૃપ ઓચર્યો, દેશું તે કન્યાદાન ;
તેનું પુણ્યે પામશું, ફળ કોટી યજ્ઞ સમાન.
આકાશ વાણી એમ હવી, સાંભળજે રાય નિરધાર ;
પુત્રી ઇચ્છાવરે પરણશે, કારણરૂપ કુમાર.
ત્યારે રાજા વિસ્મય પામ્યો, છે કાંઈ કારણ વાત ;
આકાશ વાણી એમ હવી, કાંઇ વરતશે ઉત્પાત.
શુક્રાચાર્યને તેડીયા, પ્રશ્ન પૂછ્યૂં રાય ;
આકાશવાણી સુણીને, મને ચિંતા મન બહુ થાય.
જન્મપત્રિકા કરો એહની, અશુભ ગ્રહ જે હોય ;
તેને હું કરૂં પાધરા, કર મુછ ઘાલ્યો સોય.
શુક્રાચાર્યજ બોલીયા, એ બળતણું નહિં કામ ;
વીચારીને જોને રાજા, મનમાં મોટી હામ.
તે ભવીશ ટાળ્યૂં નવ ટળે, સહુ કહે જે આડે આંક ;
નિમિત્ત કો છૂટે નહીં, ત્યાં ગ્રહતણો શો વાંક.
જન્મપત્રીકા કરી એહની, સાંભળ રાજકુમાર ;
એ કન્યા જો પરણશે, ત્યારે વરતશે હાહાકાર.
મન વીચારી રાજા બોલ્યો, શુક્ર પ્રત્યે એમ ;
એ કન્યા નવ પરણાવું, એ વાતનો મારે નેમ.

વલણ.

નિયમ મારે એ વાતનો જે, પરણાવવાનો હું નહીં ;
વિપ્ર પ્રેમાનંદ કહે ઓખાને, માળિએ ચડાવિયે સહી.

સાખી.*

એમ કહિને માળીએ, રાખી ઓખાબાઇ રે ;
રખવાળો બહુ મુકીયા, સુણો પરીક્ષત રાયરે.

કડવું ૧૧ મું.—રાગ લલિત.

રૂપી કહે સુણ રાય અનુભવી, એક કથા મધ્ય બીજી નવી ;
બાણાસુર વર પામીને વળ્યો, તે એકલો મૃગીયાને પળ્યો.

---

* બે પ્રતમાં આ સાખી છે, ને બેમાં નથી છતાં આપી છે.

મહાવનમાં ગયો રાય બાણુ, સારંગને કર્યો સાવધાન ;
મૃગીયાને ગયોરે વનમાં તાત, ઓખા ચિત્રલેહાયે જાણીરે વાત.
ચિત્રલેહાને કહે ઓખાય, ચાલો સહિયર પુજીયે ઉમિયાય ;
ચંદનપાત્ર કુસમનારે હાર, શ્રીફળ ફોફળ મૂકયાં સાર.
નૈવેદ બીજોરાં ને સર્કરા સાર, પૂજાથાળ ગ્રહી કર નાર ;
ઉપહાર લઇને ચાલ્યાં સતી, મનમાં વિરહની થઇ ચટપટી.
ગંગા ન્હાવા ગયાં ઉમયા માત, તે ઓખા ચિત્રલેહાએ જાણી વાત ;
સંગાથે લીધી સહસ્રજ સખી, બાંધી આયુધ અબળા અંગરખી.
મદને ઘેલી બંન્યોરે જતી, થઇ છે ઉદય ભાયગની રતી ;
જઇ પારવતીને લાગ્યાં પાય, મસ્તકે કર મૂકયો ઉમિયાય.
લીધું ચરણામૃત અંજળી ભરી, ષોડશોપચારે માની પૂજા કરી ;
કુસુમહાર કંઠે ધારતી, અગરધૂપે કરી આરતી.
પૂજા કરી ફરી લાગ્યાં પાગ્ય, વદે દેવી દીકરી વર માગ્ય ;
કંન્યા કહે રૂપકંદ્રપ કોડ, એવા વરની માગૂં જોડ.
ઉમયા કહે માગ્ય બીજી વાર, તોએ તેણે માગ્યો ભરથાર ;
ત્રીજી વાર કહ્યું માગ્ય ફરી, આપો સુંદર સ્વામી ઓચરી.
દેવી કહે વરદાન હશે ખરાં, જા કન્યા પરણે ત્રણ વરાં ;
ઓખા કહે કરમે દઇ હાથ, ત્રણ નાથ તે મહા ઉત્પાત.
મેં પૂજયાં તમને સ્વારથ, એમ પરણે લોકમાં હસારથ ;
દેવી કહે ટાળૂં સંદેહ, ત્રણવાર પરણીશ તેનો તેહ.
શુભ સ્વામી ઇછે જો તરત, તો જઇ કરજે અલૂણું વરત;
કુંવરિ કહે કંથનૂં શું જાણુ, વ્રત કરયાનું કુણ એંધાણ.
દેવી કહે તેની ચિંતા કશી, વૈશાક સુદી દ્વાદશી ;
ભોગવશે સ્વામી અંગ તુજતણું, મધ્ય રાત્રે આવશે સ્વપનૂં.
તુજને પ્રેહ ઘણો વ્યાપશે, ચિત્રલેહા આણી આપશે ;
ગયાં ઉમયાજી કરૂણા કરી, ઓખા પધારયાં મંદિર ભણી.
મૃગીયા રમીને આવ્યો તાત, પુત્રી વર પામ્યાની જાણી વાત;
ચિંતા ચિતમાં થઈ છે હદે, ભયદાવાનળ પ્રગટયો રૂદે.
વિચાર ઉપન્યો અંતર ઘણો, વડસસરો જે પુત્રીતણો ;
તે સગાઇ કાંઇએ નહી ગણે, નિશ્ચે મ્હારા ભુજને હણે.
પુત્રી ઘડપણ પાળે શુંય, માટે ઓખાંને મારૂં હુંય;
જયારે નાશ પામે ઓખારે બાઇ, નહીં વેવાઈ ને નહીરે જમાઈ.

વેવાઈ હોય તો છેદે પાણ, માટે ઓખાને મારૂં નિરવાણ;
ભુપતી ક્રોધાતૂરજ થયો, નગ્ન ખડગ ખેંચીને ગયો.
જેમ પુત્રીને મારવા જાય, ત્યાં આવ્યા રૂષિ નારદરાય;
નારદ કહે રાય ખડગજ ધરી, કયાં ચાલ્યા તમે ક્રોધજ કરી.
રાજા કહે છે માંડીને વાત, જાણીઍ છું પુત્રીની કરવા ઘાત;
રૂષી કહે શાંભળ ભૂપાળ, શું કરે પુત્રી ન્હાનૂં બાળ.
તુજને લાગશે સ્ત્રીહત્યાય, માટે કરોને એક ઉપાય;
આપણુ બાળકને પરણાવીએ કાંય, રાખ્ય કુંવારી પરણાવીસ માંય.
નહીં જમાઈ વેહેવાઈ કોય, પછે તારે શી ચિંતા હોય;
ગયા નારદ એવું કહી, બાણે બાળકી મારી નહીં.
ઢળાવ્યું શીશૂં દૈત્ય નરેશ, ન્હોય ઘરમાં પવન પ્રવેશ;
દશસહસ્ર મુકયા રખવાળ, મેડી ઉપર ચડાવી બાળ.
પાસે મૂકી બાળ સનેહ, વિધાત્રીનામે ચિત્રલેહા તેહ;
જોઇએ અંન વસ્ત્ર ને પાણી, બાંધી દોરીએ લીયે છે તાણી.
રહી સખી બે મનમાં મોદ, ખાઈ પીઈ કરે હાસ્યવિનોદ;
ઉપજે કામ દ્રઢ મન રાખતી, ઘણું દોહ્યલા દાહાડા નાખતી.

વલણ.

નાખતી દિવસ દોહ્યલા, સાંભળ પરીક્ષત ભૂપરે;
એમ કરતાં ઓખાને આવ્યું, વર વરવાનૂં રૂપરે.

કડવું ૧૨ મું.—રાગ ગોડી.

વર વરવાને જોગ થઇ, પ્રગટયાં તે સ્ત્રીનાં ચેનજી;
ઓખા કહે છે ચિત્રલેહાને, એક વાત સાંભલને બેનરે.
સહિયર શૂંરે કીજે, મારી બેનીરે દાડલા કેમ લીજે.—ટેક.
જમર્પે ભૂંડૂં મ્હારૂં જોબનીયૂંને, મદપૂરણ મુજ કાયજી;
પિતા તો પ્રીછે નહીં, મારો કુંવારો ભવ કેમ જાયરે. સૈયર.
સહુકો સાસરે જાય ને આવે, સહિયરો મુજ સમાણીજી;
હૂં અપરાધવણુ ઘણુંરે પિડાણી, આંખે ભરૂં નિત્ય પાણીરે. સૈયર.
એરે દુખે હૂં દુબળી, મુને અંન ઉદક નવ ભાવેજી,
આ અવાસરૂપી સુળીરે સેહેવી, નિદ્રા તે કઇપેરે આવેરે? સૈયર.

ધન્ય ધન્ય તે કામની, જેણે કંથને કંઠ ગ્રહી રાખ્યોજી;
હૂં અભાગ્યણીએ પરણ્યા પીયુનો, અધરસુધારસ ન ચાખ્યોરે. સૈયર.
મરજાદા સહીત માટે માણસ, કરે આંખ્યનો અણુસારોજી;
તે સુખ તો મેં સ્વપને ન દીઠું, વ્યર્થ ગયો જનમારોરે. સૈયર.
સ્વામીકેરો સંગ નહીં નારીને, એથી બીજું શૂં નરતૂંજી;
હવે આશા શી પરણ્યાતણી, મારૂં જોબન જાએ ઝરતૂંરે. સૈયર.
બીજી વાત રૂચે નહિં, ભરથારભોગમાં મગ્નજી;
ઇહાં વર આવે તો તરત વરૂં, નવ પુછું જોશીને લગ્નરે. સૈયર.
બચન રસીક કેહેતાં કરૂણાભેર, આવે લટકતી ચાલેજી:
પ્રેમકટાક્ષે પીયુને બોલાવે, તે રૂદીયાભીતર સાલેરે. સૈયર.
મરકડલે મુખે ને મધુરે વચને, મરજાદા મન આણીજી:
શાકપાક મેં પીયુને ન પીરસ્યાં, આધો પાલવ તાણીરે. સૈયર.
એવાં સુખ મેં નયણે ન દીઠાં, મારૂં કર્મ અતી કઠોરજી;
જનમ મારો એળે ગયો, જેમ વગડાનૂં ઢોરરે. સૈયર.
જળવીના જેવું માનસરોવર, ચંદ્રવિના નીશા જેવીજી:
એમ કંથવિનાની કામની, હું અભાગ્યણી તેવીરે. સૈયર.
અરણ્યમાં જેમ વેલી ફૂલી, ત્યાં નહીં ભોગી ભમરજી:
તેમ વપૂવેલી જોબન ફુલ્યું, ન મળ્યો ભોગી વરરે: સૈયર.
જળવિના જેવી વેલડી, લવણવિના જેમ અન્નજી;
ભરથારવિના જે ભામની, તેને દોહ્યલા નાખવા દનરે. સૈયર.
એ સૂખ હૂં મિથ્યા ગણું છું, હૂં તો લેવાઇ માહારે પાપેજી;
આ બંધોગીરી કરમે કીધી, સુળિયે ચઢાવી બાપેરે. સૈયર.
અકળ ગત્ય છે ગોવિંદજીની, શૂં નિપજશે બેનીજી;
ગોવિંદજીનૂં ગમતૂંરે થાશે, મનડું મ્હારૂં રહે નહીંરે સૈયર.

વલણ.

મન મ્હારૂં રહે નહીં, વિરહવન્હી થયો ઉદેરે;
એમ વલવલતી ઓખાને દેખિ, ચિત્રલેહા વાણી વદેરે.

કડવું ૧૩ મું.—રાગ મેવાડાની દેશી.

શીખામણ દે છે ચિત્રલેહાજો, તૂં તો સાંભળ બાળસનેહાજો;
એમ છોકરવાદી ન કીજેજો, બાઇ બળિયા બાપથી બ્હીજેજો.

એવું નીચ સમજવું તોરૂંજો, આપણુ મ્હોટા માબાપના છોરૂંજો;
એમ લાંછન લાગે કુળમાંજો, પ્રતિષ્ટા જાએ એક પળમાંજો.
કીજે કહ્યું હોય જે તાતેજો, નવ જઇએ બીજી વાટેજો;
હૂં તો રહિ છું રક્ષાસારૂજો, એની તૂં માણસ નહીં વારૂજો.
મેં ન થયું તારૂં રક્ષણજો, બાઇ તુજમાં પ્રગટયું અપલક્ષણજો;
તૂંમાં કામકટકદલ પ્રગટયુંજો, હવે મારે રેહેવું નથી ઘટતૂંજો.
જોને રાવ બાણાસુર જાણેજો, અંત આપણુ એનો આણેજો;
મંત્રી દુખદાયક છે વળતીજો, હું તો ભુંડી કેહેવાઊં તુજ મળતીજો.
મ્હારા સમજો તું કરે મન વ્યગ્રજો, એમ સ્વામી ન પામીએ શીઘ્રજો;
થાકે ડગલાં ન ભરીયે લાંબાંજો, ઉતાવળે ન પાકે આંબાજો.
હૂં પ્રીછી કામનૂં કારણજો, એની રાખ્ય હઇયામાં ધારણજો;
પિયુને મળવું કોને નથી ગમતૂંજો, સઉને જોબન હીંડે છે દમતૂંજો.
તૂમાં જ્ઞાન અકલ નથી અર્થજો, કારાગ્રહમાં તે કયાંથી કંથજો;
મારી ઓખાબાઇ સલૂણા જો, તમે વ્રત કરોને અલૂણા જો.
આવ્યો ચૈત્ર માસ એમ કરતાં જો, પછે ઓખાજી વ્રત આચરતાંજો;
અલવણ અંન જમી દિન ખુવે જો, દીપક બળે ને ભૂમીએ સુવે જો.
માત ઉમયાને આરાધે જો, દેહ દમન કરે મન વાધેજો;
થયું પૂરણ વ્રત એક માસે જો, કોણ જાણે એકાંત અવાસે જો.

વળણ.

અવાસ એક સ્થંભ વિષે, વ્રત કીધૂં ઓખાયરે;
થયો સ્વપ્નસંજોગ સ્વામીનો, તે ભટ પ્રેમાનંદ ગાયરે.

કડવું ૧૪ મું–રાગ કેદારો.

નાથ વિના હૂં એકલી, કેમ કરીને રેહેવાય;
કામજવર પ્રગટ થયો, જવાળા કેમરે સેહેવાય. નાથ વિના. ટેક.
માતપિતા વેરી થયાં, જેણે દુખમાં નાખી;
વાંક વિના વીપત ઘણી, આ શૂલીએ રાખી. નાથ વિના.
મારો હરખ રહયો હઇડા વિષે, રંડાપો વળગ્યો;
કંથવિજોગ છે દોહ્યલો, પ્રાણજીવન અળગો. નાથ વિના.
સણગાર સજીને હું શું કરૂં, દેખાડૂં કોને?
સેજ બિછાવી સ્વામી વિના, જોઊં કોના મ્હોને. નાથ વિના

ઉજડ વનમાં હૂં રહું, નહીં કોને જોઉં ;
તસ્કરની જેમ માતને, કોઠીમાં રોવૂં. નાથ વિના.
મારી દિનદિન કાયા દૂબળી, સહિયર શું કરીયે ;
કંથવિજોગ છે દોહ્યલો, ફાટીને મરીયે. નાથ વિના.
હોએ સૂખ ઘણું પીયર વિષે, તોએ ઓછું આવે ;
ભાઇભોજાઇ મેણાં દીયે, નઠારી કહાવે. નાથ વિના.
કોનોરે પીઉ મેં પરભવ્યો, પેલા ભવનીરે માંહે ;
તે દૈવે મુને દંડ દિધો, આવી આ ભવમાંહે. નાથ વિના.
રાત વેરણ થઈ માહરી, નહીં વ્હાણું વાએ ;
પ્રેમાનંદપ્રભૂ જો મળે, તો સુખડૂં થાએ. નાથ વિના.

કડવું ૧૫ મું.—રાગ કેદારો.

શુક દેવજી વાણી વદે, ઓખા ભરી છે પૂરણ મદે ;
વૈશાખ સુદી દ્વાદશી હૂતી, સ્વામી સ્વામી કરતી સૂતી.
સુખે નિદ્રા કરે છે બાળ, તન તપ્ત ઉઠે વ્રેહજવાળ ;
વ્રેહની જ્વાળાનો તાપ ન સમે, ઘણા દોહ્યલા દિવસ નિર્ગમે.
સમયસંજોગ સૂર્યને અસ્તે, કુચમરદન કરેછે સ્વહસ્તે ;
અધર કરડે ચુંબન દે ઘેલી, બેઉ ચરણ રૂદેપર મ્હેલી.
લડથડતી આવે હીંડી, ચિત્રલેહાને પાડે ભુજ ભીડી ;
સુતાં સજ્જાંએ એકઠાં વળગી, સહિઅરને ન કરે અળગી.
પર્યંકે પ્રેમદા રમે, એમ આળે નિશા નિરગમે ;
કાંઇ લખીત વાત છે ભાવી, જુગ્મ કામનીને નિદ્રા આવી.
ઓખા ઊંઘમાં ન જાણતી હૂતી, સખીની સેજે જઇને સૂતી ;
તેને થાવા ન દે ઉફરાંટી, અન્યોઅન્ય ભરાવે આંટી.
સુતી સ્વામી સ્વામી કરતાં, થાવા લાગ્યાં સ્વપ્નાંતર ત્યાં ;
થઈ સ્વપને ઓખા આનંદી, વર મળ્યો છે વ્રેહનો ફંદી.
મંડપ મનુષે ભરાયો ખચખચી, દીઠી નૌતમ ચોરી રચી ;
એક સ્વામી તે રૂપે રસાળો, તેની સાથે મળ્યો હાથેવાળો.
ચાર મંગળ ફેરા ફરીયાં, કંસારના ભોજન કરીયાં ;
દાસી ગીત ગાયેછે વરણી, ઓખા પીયુજીશું ઉઠી પરણી.

લાયક સ્તંભ પોતાની મેડી, ત્યાં પિયુજીને લાવ્યાં તેડી ;
પિળી પાઘ ને વાગો લાલ, શીર તોરો છે ફૂલ ગુલાલ.
શોભે ભૂષણુ તે નવરંગ, હાથે મીંઢળ શોભે અંગ;
બેઠાં શૈયાએ શામા ને સ્વામી, એવું સ્વપ્ન તે પ્રેમદા પામી.
વાપ્યો વામાને વ્રેહનો રોગ, સ્વપ્ને પામી સુખ સંભોગ;
નાથ બોલાવે કરી આદર, પ્હોંતી શામાની સાદર.
રતીસંગ્રામ કરે છે નિઃશંક, ગૃહી અધરે દેતી ડંખ;
તુટયો હાર વછુટી મેખલા, રમે રતી સુખ આસનકળા.
સ્વપને નારીને મળીઓ નૃપ, કન્યા ખલીત થઇ કંદ્રપ;
ભાગી નાખ્યો તે ભોગનો ભેદ, ઉપન્યો અમૃત પરસ્વેદ.
મધુરી બોલે જંતરણી, એમ મ્હોડે વાત અંતરની;
સ્વપનામાં રજની જાગે, તે તો કન્યાને રૂડું લાગે.
મનમાંહી તે મન ગયૂં પેશી, ખાવું ખાધું તે એકઠાં બેશી;
બિડી અરધી કરડી નાથે, આપી ઓખાજીને હાથે.
ખાતાં મુખ મરડયું બિડી બોટી, પિઉને રીસ ચડી પ્રિત ખોટી ;
અનીરૂદ્ધ વિમાસે મંન, ચિત ભાગ્યું વિચાર ઉતપંન.
કહે મુજ કુલ ખોઇ લાજ, રખે જાણે શ્રી મહારાજ ;
હું તો થઇ ગયો કામી અંધ, પરનારી સાથે શો સંબંધ.
એમ વિચારે ભરથાર, વિરહાતૂર બાણકુમાર ;
પતીને જોઇ મોહજ પામી, પછે વિરહની વેદના વામી.
બિડી પાનની અરધી કરડી, ખાધી મન વિના મુખ મરડી ;
ભરથારને ભ્રાંતજ આવી, સેજેથી નાથ ગયો રીસાવી.

વલણ.

રીસાવી ગયો રમણકરતા, સ્વમાંતરની વાતરે,
ઓચિંતી ઉઠી ઓખા જાગી, સાચે માંડયો આંસુપાતરે.

કડવું ૧૬ મું.*–રાગ સામેરીની સાખી.

સામેરી સજન વળાવિયો, તાતી વેલૂં માંહે ;
હૂં ને સરજી વાદળી, પિઉને પલ પલ કરતી છાંયરે.

---

* જુદી જુદી ચાર પ્રતોમાં આ સાખીઓ જોવામાં આવી, તોપણ એ પ્રેમાનંદનીજ રચેલી હશે એમ ખાતરીથી કહી શકાય નહિ.

સાહેલી સાગર ઉલટયો, રતન તણાયાં જાય ;
કરમહીણો ભરે મુઠડી, તેના શંખલે હાથ ભરાયરે.
સેજે સુતાં સ્વપનો ભયો, પિયા ગૃહી મોરી બાંહે ;
ઓચિંતાં ઝબકી ગઇ, પીયા ન દેખું ત્યાંહેરે.
સુઊં ત્યારે પિયુ સાંભરે, જાગું તો પિયુ જાય ;
રેન કે સ્વપનાંતરે, ક્યું જિઊં મોરી માય.
સ્વપનામેં પિઊ આવીયા, ઉંધે લાગો ધાય ;
બલિહારી એ સ્વપનાકીરે, મત સ્વપના હો જાયરે.
સ્વપનાનેં તોરા કહા કીયા, મત જગાવે મોય ;
જો મેરા પિયા ના મીલે, તો મેં મરૂંગી સોયરે.

રાગ સામેરી.

જાગી જાગીરે રામા રસભરી, તપાસે સેજલડી ફરીફરીરે.–રામા રસ. ટેક.
ઉઠીને સજ્જાપર બેઠી, વિચારવિષે પેઠીરે ;
ચતુરાં ચક્ષુને ચોળીને જોતી, પછે નેત્રે નિર ભરી રોતીરે. રામા રસ.
ભુજ દઇને લલાટેરે બેઠી, વિરહભરી છે બાળીરે ;
થરથર ધ્રૂજે ને કાંઈ નવ સૂઝે, રૂવે છે આંસુડાં ઢાળીરે. રામા રસ.
મુખે કરડે છે આંગળી, મેં વણુસાડયૂં થોડાને કાજેરે ;
મેં મુહ મોહોડું મચકોડયું, બિડો ન ખાધી તે દાઝેરે. રામા રસ.
લડથડતી ચાલે ને પાલવ ઝાલે, ભમર ભોળી ભાળેરે ;
કરે સ્વામીને સાદ સંભારી, નૈણે તે આંસુડા ઢાળેરે. રામા રસ.
ધબધબ ગઇ નારી, તપાસી બારી, દિઠી તે ભોગળ ભીડીરે;
જોઈ ચારે ખુણે, ને મસ્તક ધુણે, વિલપે વિજોગની પીડીરે. રામા રસ.
કરે કાલાવાલા, મનોરથ ઠાલા, ઠણુઠણુતી દે છે સમરે ;
તમારે હસવૂં, મ્હારે રોઈ મરવું, ધીરજ રાખૂં કયમરે. રામા રસ.
આપી સંભોગસુખ, પછી દેવૂં દુખ, મારી નિરબળ કરમની રેખારે;
અતીશે માતાણો, દયા મન આણો, તમને બાપના સમ હો દેખારે. રામા રસ.
જુઓ પ્રીત તપાસી, હૂં છૂં દાસી, દંડ લો અપરાધ સારૂંરે ;
કરો સ્નેહ, કે વ્હાલા તજું દેહ, અતી ઘણું તે નહીં વારૂંરે. રામા રસ.
મિટમિટ માંડો, ને ખટપટ છાંડો, ન બોલો તો કંઠ નાખૂં વાહાડીરે ;
બીડી માટે થયાં મન ખાટાં, કહોતો મુખના તંબોળ લઊં કહાડીરે. રામા રસ.

અરે નાથજી ન જઇએ હાડે, રાડ તે ફોગટ ફાંસુરે;
અમોપર ન આવે દયા, દેખી મારી આંખડીએ આંસૂરે. રામા રસ.
અનેક ઉપાય કીધા કન્યાએ, ન બોલ્યો નાથ આશા ભાગીરે;
વદે વિપ્ર પ્રેમાનંદ, થઇ ગતિમંદ, પછે ઓખા તે રોવા લાગીરે. રામા રસ.

કડવું ૧૭મું.–રાગ રસિક મલ્હાર.

મારો પીઉ પરદેશી થઇ રહ્યો, રિસાવ્યો ભરથાર;
રતન આવ્યું'તૂં હાથમાં, રાખી ન શકી આણીવારરે. મારો.
હવે દોષ દેવો શો કરમને, હાસ્યમાં થયું કલ્પાંત;
મેં તો મરકલડે મુખ ફેરવ્યું, મારા નાથને પડી છે ભ્રાંતરે. મારો.
હવે વેહેલા પધારોને નાથજી, મ્હારૂં હૃદય ફાટીરે જાય;
સુખ સાગર વહી ચાલીયો, જોબન તણાયૂં જાયરે. મારો.
વ્યાકુળ મન કન્યાતણું, કેશ છુટા છે ચારે દીશ;
હાથ ઘસે કલપાંત કરે, હવે શું થાશે જગદીશ. મારો.
પેલે ભવે કર્મ શા કરયાં, પામી પતીવિજોગની જવાળ?
હું શ રહી હઇડા વિષે, રંગમાં ડશીયોરે વ્યાળ. મારો.
ચોદિશા ભાળે ભામની, ઓચિંતા દ્યો દરશંન;
ઉઠે બેસે અવની પડે, જેમ જળ વિના તલપે મીન. મારો.
એમ રૂદન કરે સુંદરી, જાગી ચિત્રલેહા તતકાળ;
તેણે રૂદીયા સાથે ચાંપીને, ચુંબન દીધું ગાલ. મારો.
તાત તારો જો જાણશે, આપણ બેનો આણશે અંત;
સાચું કહે ને મારી બેનડી, તેં શું દીઠું સ્વપન. મારો.

વલણ.

ઓખા કહે સુણ બેનડી, મુને ભાવ ન લગારરે;
ભટ પ્રેમાનંદ એમ કેહે, પ્રાણ લાવતા શી વારરે.

કડવું ૧૮ મું.–રાગ વેરાડી.

આશા ભંગ થઈ ભામીની, રૂવે સ્તુતિ કરે સ્વામીની;
ચિત્રલેહા ભણી તે ગઇ, ઉઠ બેનિ તું શું સૂઇ રહી.
છે ચતુર કૌભાંડ-કુમારી, પુછે વાત સકળ વિસ્તારી;
ચિત્રલેહા કહે શુણ બાળી, કેમ રૂવે છે આંસુડાં ઢાળી.
જાગિ સૈયર બેબાકૂળી, કેમ રૂવે છે કન્યા વ્યાકૂળી;
આવડી ઓખા શાને કાંપી, શકે ઓથારે તુજને ચાંપી.

આરિ મીઠી તું રહે છાની, તને રક્ષા કરે રે ભવાની;
કહે બેનિ તને શું હવું, સ્વપ્નામાં દિઠું કાંઇ નવું?
ઓખા કહેછે કરમે દેઇ હાથ, થોડાસારૂ દુભ્યો મેં નાથ;
હસતાં રમતાં ચડિ ગયો ક્રોધ, ફોગટ ફાંસૂ થયો વિરોધ.
કર દીવો ને ઘર નિહાળિયે, છે તો આટલામાં પિયુ ભાળિયે;
ચિત્રલેહા કહે ઘેલી થઈ, દેવે અહિયાં અવાયે નહીં.
આવિ ન શકે પ્રાણી પંખના, એ તો સ્વપ્નાની ઝંખના;
પીયુ પિયુ કરતાં તું સૂતી, માટે સ્વપ્નામાં દીઠો પતી.
સ્વપ્ને નિર્ધન પામે ધન, સ્વપ્ને વંઝા પ્રસવે તન;
જાગે ને ઠાલો ઉછરંગ, સ્વપ્ન મૃગજળના તરંગ.
ઇંદ્રજાળની જેવી વસ્ત, ગ્રહિયે ને ઠાલો હસ્ત;
લભ્ય ન થાય દીઠું સ્વપ્ને, દર્પણ રૂપ ન આવે કને.
ગાંધર્વ નગર ને ગગનકુસુમ, ભોગ અસ્થિર સ્વપ્નના તેમ;
નિદ્રાવશ મન ક્યાંહીં ભમે, સ્વપ્ન સુખ નહિ સાચું કયમે.
ચિત્રલેહાયે દીધિ હારણ, સખી ઓખાને આપે ધારણ;
કુંવરીનું મનાવા મન, કીધો દીપક ફેરવ્યો ભવન.
તપાસ્યું ભાળિયું ચારે પાસ, પડિ ઓખા થઇને નિરાશ;
વાધિ વિરહતણી વેદના, મુર્છાગત થઇ અચેતના.
ચિત્રલેહાએ બેઠી કરી, રૂદયે ચાંપી બે ભુજ ભરી;
કામવશાથકી મન લાજતું, વિરહતપ્ત છે તન દાઝતું.
છાંટિ સખિયે પાયું નીર, વિરહે વ્યાકુળ સ્વેદ શરીર;
ચિત્રલેહા કહે સૂણ સતી, સાવધાન થા લાવું પતી.
કેમ વિસર્યું ઉમાનું વચન, સ્વપને વરશો સ્વામીન;
ઓખા કહે મને સ્મરણા થઇ, આણી આપ પ્રભૂને અહીં.
બિધાત્રી કહે શું તેનું નામ, સ્વપને સ્વામીનૂં કોણ ગામ;
કોણ જાત પિતા ને માત, લઇ આવું કહે માંડિ વાત.
ઓખા કહે કરમે દઇ ભૂજ, વારે વારે શું પૂછે મૂઢ;
મન મળવા રહ્યું ટમટમી, તેનું રૂપ અંતર રહ્યું રમી.
ઓખા કહે હું તો ઘેલી થઇ, નામ ઠામ પુછાયું નહીં;
નાત જાત ને માત પિતાય, પ્રીછિ નહિ જે પ્રથમ પુછાય.

રૂપ કળા મને મન ગમી, તે સ્વરૂપ રહ્યું ચિત્ત રમી ;
માઇ તે નાથે મિથ્યા મને દમી, સુખસુરજ ગયો આથમી.
નિશા નહિ જાયે નિર્ગમી, મળવા મનડું રહ્યું ટમટમી ;
વિરહદુઃખ ન રહેવાય ખમી, લાવ નાથને ચરણે નમી.
સખી કહે કરમે દઇ હાથ, તું માંડી કહે બધી વાત ;
મિથ્યા વાત કહે છે મને, નામ ઠામ વિના લાવું કેને.
તું કાંઇએક આશરો વદ, તારા સ્વામીને લાવું સદ્ય ;
ઓખા બોલેછે આળપંપાળ, આવે તો ઓળખું તતકાળ.
ઘણું રૂપ સબળ છે સારૂં, તેણે ચિત્તડું ચોર્યું છે મારૂં ;
લાવ સખિ શીઘ્ર તેહને, નહિ તો પાડું મારા દેહને.
સ્વામિ વીના તો જીવવું વૃથા, માટે પિંડ પાડું સર્વથા.

વલણ.

પિંડ હું પાડું સર્વથા, આજ ન આવે સ્વામીરે ;
ચિત્રલેહા રૂપ ચીતરે, કાગળમાં બહુ કામીરે.

કડવું ૧૯ મું.-રાગ નટની દેશી.

કાગળ રંગ લિધોરે વિધાત્રી, ભાત્યભાત્યના ચિતરે સ્વરૂપ ;
સ્વરગના સુર પાતાલના પન્નગ, લખીયા તે ભૂમીના ભૂપ. કાગળ.
વાયુવરૂણ ને પાવક લખીયા, જક્ષરાય ને જંમ ;
ઓખા કહે તૂં લઘુને મૂકીને, વૃદ્ધને દેખાડે છે કયમ. કાગળ.
ગણેશઇશ ને અંબુઇશ લખીયા, લખીયા તે સેનાના ધીશ;
જુગ્મ તુરૈયા સઉ જોવડાવ્યા, તોએ ધુણાવે શીશ. કાગળ.
પ્રભાકર સુધાકર લખીયા, ગિરીજાવર ગંભીર ;
ઓખા કહે એમાં કોઇ નહીં, મારા સ્વામીજીકેરૂં શરીર. કાગળ.
અષ્ટ વસૂ ગુણ ગાંધ્રવ લખીયા, લખીયા તે બારે મેહ ;
સપ્ત જળનિધી અષ્ટ ધાતુકર, લખી તે તેની દેહ. કાગળ.
વેદ મુની ને જુગ્મ વિણાધર, લખીયા ચીત્રવિચીત્ર ;
મારૂતગણ ને લખીયા વિદ્યાધર, સપ્તરૂષીજી પવીત્ર. કાગળ.
શત કૈરવ ને પાંચે પાંડવ, દેશદેશના રાય ;
કન્યાના કોઈ મનમાં ન આવે, આકુળવ્યાકુળ થાય. કાગળ.
ચિત્રલેહા મનમાંહી વિચારે, મેં લખીયા તે ઠામોઠામ ;
વિષયી પુરૂષ ભામનીનો ભોગી, શ્રીકૃષ્ણતણું એ કામ. કાગળ.

ચતુરભુજ પીતાંબરધારી, લખીયા તે શ્રીમહારાજ ;
દીઠા શ્રીકૃષ્ણ ને ઓખા ઉઠી, કીધી વડસસરાની લાજ. કાગળ.
અરે સહિયર એ બિયાનારે કુળમાં, છે મારો ભરથાર ;
તવ પ્રદ્યુમનને લખી દેખાડયો, લાજ કીધી બીજી વાર. કાગળ.
કન્યા કહે અવયવ પ્રભુના, આ પુરૂષ કોઈ વૃદ્ધ ;
ચિત્રલેખાએ લખીને દેખાડયો, કાગળમાં અનીરૂદ્ધ. કાગળ.
મુગટ ભમરપર વદન સુધાકર, નેત્ર બે અબુંજ ;
ઘેલી ઓખા ધાઇને ભેટી, કાગળને ભરી ભૂજ. કાગળ.
ધન્ય ધન્ય નાથજી, હાથ ગૃહીને, ન મુકીએ તે બીડીસારૂ ;
હૃદય અબળાનું હોય કાચું, કુણ ગજું છે મ્હારૂં. કાગળ.
ના ના બોલો મારા સમ છે, લાજોછો શામાટે ;
ચિત્રલેહા કહે ન હોય સ્વામી, વલગ્યામાં કાગળ ફાટે. કાગળ.

વલણ.

કાગળ ફાટે કામની, ચિત્રલેહા બોલી વાણીરે ;
ઓખા કહે તું દ્વારિકાંથી, આપ્ય પ્રભૂને આણીરે.

કડવું ૨૦ મું.—રાગ મારૂ.

ઓખા કહેછે શુણ સાહેલી, લાવ નાથને વ્હેલી વ્હેલી ;
બાઇ તું છે સુખની દાતા, લાવ સ્વામીને થાય સુખશાતા.
ઓખા તને તો પડયો એ હેવા, સખી આણવાના ઉપાય કેવા ;
તને પરણ્યાતણું મન થાય, નથી લાવ્યાનો એક ઉપાય.
દૂર પંથ છે દ્વારામતી, કેમ જવાય મારીવતી ;
ત્યાં તો જૈ ન શકે રાય શક્ર, રક્ષા કરવા ફરે છે ચક્ર.
જીવતાં તો ફરી ન અવાય, નિશ્ચે મસ્તક છેદન થાય ;
જાવું જોજન સહસ્ત્ર અગિયાર, તારો કેમ આવે ભરતાર.
નયણે નીરની ધારા વહે છે, કર જોડીને કન્યા કહેછે ;
બાઇ તારિ ગતી છે મોટી, તને તો ન કહે કોઈ ખોટી.
સહિયરને સહિયર વાલી, બાઈ તેં મને હાથે ઝાલી ;
આપણે બે બાળસંઘાતી, તું તો પ્રાણદાતા છે વિધાંત્રી.
માબાપ વેરી થયાં મારાં, મેં તો ચરણ સેવ્યાં છે તારાં ;
ચિત્રલેખા તું દીનદયાળ, એમ કહિને પગે લાગી બાળ.

ચિત્રલેહાયે ધારણા દીધી, પછી કાયા પક્ષીણિનિ કીધી;
બોલિ ચિત્રલેહા સત્યવાણી, ક્ષણ એકમાં આપું આણી.
તેશું પરણાવું રૂડી રીત, તો તું જાણજે મારી પ્રીત;
ઓખા કહે રહેજે રૂડે આચરણે, રખે અનિરૂદ્ધને તું પરણે.
સખિ સુંદર વરને જાણી, રખે થાતી તું પટરાણી;
એનો અતિશે છે હાથ રૂપાળો, રખે મેળવે તું હાથેવાળો.
બાઇ જાદવ વર છે રૂડો, રખે પ્હેરીને બેસતિ ચૂડો;
બાઇ જઇને આવજે તર્તે, રખે તે સાથે મંગળ વર્તે.
સખિ આવજે વ્હેલી વ્હેલી, વહાણું વાતાં પેહેલી પેહેલી;
બાઈ તારો છે વિશ્વાસ, રખે કરતી મને નીરાશ.
કોઈ ન જાણે એવું કરજે, વેગે સ્વામિને લઈને ફરજે;
જો જાણશે પીતા બાણ, તો તો આપણા લેશે પ્રાણ.
તું તો કરજે સ્વામીનું જતન, મુજ રાંકને હાથ રતન;
પછે પંથે વળાવિ વિધાત્રી, પક્ષિણી મનવેગે જાતી.
દ્વારિકા પહોંચી કામીની, છેલી દોઢ પહોર જામીની;
જાવા કીધું નગરમાં મન, એવે આવ્યું સૂદરશન.
જેવું મસ્તક છેદે બળમાં, કન્યા પેઠિ ગોમતિના જળમાં;
એવે નારદરૂષિ ત્યાં આવી, ચક્રભયથકી કન્યા મુકાવી.
કહે નારદ સૂદરશંન, એને લઇ જવા દેજે તંન;
એ તો કામ છે કૃષ્ણને ગમતું, માટે રખે તું એને દમતું.
પછે ઉદકનિ અંજળિ લીધી, મંત્રે વીધાત્રી નિર્ભય કીધી;
તામસી વિદ્યા રૂષિયે આપી, પછે પીઠ પ્રેમાદાનિ થાપી.
હવે અલ્પ રહી છે રાત્રી, જા લે અનિરૂધને તું વિધાત્રી;
ગયું ચક્ર તે પશ્ચિમ પાસે, રૂષિ નારદ વળિયા આકાશે.
ચાલિ ચિત્રલેખા જોતિ ગામ, સામસામાં શોભિતાં છે ધામ
સપ્ત ભૂમિના ભવન તે ભાસે, જોતાં ભૂખ તરસ તે નાસે.
બહુ કળશ ધજા બિરાજે, જોતાં અમરાપુરી તો લાજે;
શોભે છજાં ઝરૂખા ને માળ, મણીમય થંભ ઝાકઝમાળ.
વાંકી બારી નેં ગોખે જાળી, નીલા કાચ મુકયા છે ઢાળી;
લીંપી ભીતે સોનાની ગાર, ચળકે કામ તે મીનાકાર.

ભલાં ચૌટાં શેરી ને પોળ, સામસામી હાટનિ ઓળ;
ઘેર ઘેર તે વાટિકા કુંજ, કરે ભમર તે ગુંજાગુંજ.
મોટા માતંગ ધૂમે ને ડોલે, ગુણગાન બંદીજન બોલે.
દીસે દ્વારિકાં વૈકુંઠ સરખી, ચિત્રલેહાયે નગરી નરખી
દુર્ગ કોસીશાં રૂડાં બિરાજે, ચારે પાસે રત્નાગર ગાજે.
ત્યાં ગોમતિનો સંગમ, ઉધરે સ્થાવર ને જંગમ ;
શકે અવાસ અડશે વ્યોમ, જાણે વૈકુંઠ આવ્યું ભોમ.
ઘેર ઘેર હરિગુણ ગાય, ચિત્રલેહા તે જોતી જાય ;
વસુદેવનાં ઘર નીહાળી, ગઇ જ્યાં વસે શ્રીવનમાળી.
સોળસહસ્ર નારી વીહારી, દીઠા ઘેર ઘેર દેવ મુરારી ;
હરિના સાઠલાખ છે તંન, જોયાં તેહતણાં ભવંન.
જોયું કામધામ ધાતકાર, દીઠો મેડિયે કામકુમાર ;
અનિરૂદ્ધ સુતો છે હિંડોળે, ત્યાં દાસિયો વાયૂ ઢોળે.
શોભે દીપક ચારે પાસ, બે ચરણ તળાંસે દાસ ;
ત્યાં બાવનાચંદન બેહેકે, બહુ હિંડોળે ઝૂમતાં લેહેકે.
કામકુંવર તે કામજ જેવો, ચિત્રલેહાને ચોરી લેવો ;
લેવા કુંવરનું કારણ, સમર્યું નિદ્રાનૂં ધારણ.
રાતે જે કોઈ જાગતું હતું, તે તો જે જેમ તે તેમ સૂતું ;
ધારણ ભારણ ભારી કાયા, વ્યાપમાન થઈ જોગમાયા.
અનિરૂદ્ધતણિ કિંકરી, તેતો સૂતી નિદ્રાયે ભરી ;
ચિત્રલેહા ઘરમાં ગઇ, પણ કુંવર જાગ્યો નહીં.
ત્યાં વિચાર અંતરમાં કીધો, કડાં કાઢી હિંડોળો લીધો ;
બે બે ડાંડી કરમાં ઝાલી, ખેચરીગતે ચતૂરા ચાલી.
કરે જત્ન અંતરમાં વહાલ, એવિ ઉડિ જે આવે ન આળ ;
ગોવિંદે ગોઠવણી કીધી, જાણિ જોઇને જાવા દીધી.
ઘેર ઓખા જુવે છે વાટ, નાવ્યા નાથ ને થાય ઉચાટ ;
એવે સાંભળિ પાંખજ વાગી, ત્યારે ઓખાની આરંત ભાગી.
આવિ ચિત્રલેહા કહેવા લાગી, આપ વધામણી મુખમાગી ;
આ નાથ તારો હિંડોળે, નરનારિ મળો તમે ટોળે.

સાખી.

રાખે મળો તમે તારૂણી, આ તારો ભરથાર;
પછે ઓખાયે ચિત્રલેહાને, દિધા સોળ સણગાર.

કડવું ૨૧ મું.–રાગ મારૂની દેશી.

ઓખા કહેછે ચિત્રલેહાને, તેં આપ્યું પ્રાણનું દાન;
સખી કહીને કેમ બોલાવૂં, તૂં છે દેવી સમાન.
દીપક જાગતો કરીને કન્યા, પરણ્યાની પાસે આવી;
શું સુતા નિદ્રાવશ સ્વામી, હીંડોળે સોહાવી.
કામકુંવરને આ શી નિદ્રા, સુવું સારૂં લાગે;
દુર પંથથી કંથ પધારયા, તોએ સુતા નવ જાગે.
રજની અલ્પ રહી છે રાણા, ઉંઘ તે તમને આ શી;
જોને સખી એ ભીયા દિસે છે, કુંભકરણના ઉપાસી.
ઊંચે સ્વરે જઇને બોલાવે, ચરણ નેપૂર વજાડે.
હસ્યામિષે હિંડોળો હલાવે, તોએ ન આંખ ઉઘાડે.
વાયૂ ઢોળે ને ચરણ તળાંશે, મુખે કરે સ્તવંન;
એવે સમે અનીરૂધ્ધને આવ્યું, નિદ્રાવશમાં સ્વપંન.
કોઇક નારી મુજને લાવી છે, હીંડોળો કરીને હરણ;
એકાંતવાસમાં રાજકન્યાનૂં, કીધૂં મેં પાણીગ્રહણ.
તેના પિતાએ મુજને બાંધ્યો, હાક તે ચોદશ વાગી;
લાવ્ય ભોગળ મારૂં સેનાને, સાચે તે ઉઠયો જાગી.
હસીખસી ઓખા રહી અળગી, હાકી ઉઠયે આ શુંય;
અનિરૂધ ધાબરો થઇને કહે છે, કયાં આવ્યો છું હૂંય.
હીંડોળો એ નિશ્ચે મારો, નોહે એ મેડી મ્હારી;
દાસી ચાર દિસતી નથી, આ બે કોણ રાજકુમારી.
ઓખાએ ચિત્રલેહાને પ્રેરી, તે બોલી શીર નામી;
હૂં તમને હરી લાવી છું, ક્રોધ ન કરશો સ્વામી.
આ બાલા છે બાણાસુરની, ઓખા છે એનૂં નામ;
સ્વપનાંતરમાં વરી ગયા છો, તમ આવે થયો વિશ્રામ.
આ નારી પ્રભૂજી તમારી, સમાવો તનનો તાપ;
સ્ત્રીભરથાર બંન્યો રહો છાનાં, ન જાણે એનો બાપ.

વચન સાંભળી વિધાત્રીનાં, ચડી અનીરૂદ્ધને રીસ ;
શૂં કરૂં જે ખડગ નથી, નહિંતો છેદત બન્યોનાં શીશ.
ગામ મુકાવ્યું ને ધામ મુકાવ્યું, મુકાવ્યૂં સજન કુટુંબ;
કેમ વરૂં અસુરની કન્યા, હું જાદવકુળનો તંન.
પરૂં જોઇને ઓખા કહે છે, જાદવકુળ તો પવિત્ર;
વીચારીને બોલો નાથજી, જાણૂં પિતામહનાં ચરિત્ર.
રીંછસુતા ને કુબજા દાસી, તેથી હું નથી નરતી ;
તાત તમારો પરણીને લાવ્યા, તે તો પ્રગટ નથી કરતી.
અનિરૂધને તવ હાસ્ય આવ્યું, રીસ ગઇ ઉતરી ;
અવળે મુખે શુંરે બોલોછો, જુવોને પાછાં ફરી.
એવે સમે રૂષી નારદ આવ્યા, ઇશ્વરી ઇચ્છાય ;
ગાંધ્રવવિહિવા તતક્ષણ કીધો, પરણાવ્યાં વરકન્યાય.

વલણ.

વરકન્યા પરણાવિયાં, નારદ હવા અંતરધ્યાનરે;
નરનારી સુખ ભોગવે, ઇંદ્ર ઇંદ્રાણી સમાનરે.
નરનારી આનંદ ઘણો, વાધ્યો પ્રેમ અપારરે;
વિધાત્રી તુજને નમૂં, મુને મેળવ્યો ભરથારરે.

કડવું ૨૨ મું.—રાગ ચોપાઈ.

શુકજી બોલ્યા પરમ વચંન, સાંભળ પરીક્ષત રાજંન ;
મળી બેઠી બેઉ સૈયારી, બોલી વચન કૌભાંડ કુમારી.
સુખ ભોગવે શ્યામા ને સ્વામી, ચિત્રલેહા કહે શીર નામી ;
અન્ન બેનું આપે છે રાય, ત્રીજું માણુસ કેમ સમાય.
તમે નરનારિ ક્રીડા કીજે, બાઇ મુજને તો જાવા દીજે ;
રડતિ ઓખા તે વળતું ભાખે, બાઇ કેમ જીવું તુજ પાખે.
તમે તાતને ઘેર ન જવાય, જો જાઓ તો વાત ચરચાય ;
રહિ એકઠાં દહાડા નિર્ગમશું, આપણ ત્રંણે વેહેંચી અન્ન જમશું.
બાઇ રહિશ કદી હું ભૂખી, નહિ તુજને થવા દેઊં દુ:ખી ;
તને આપિશ મારો ભાગ, નથી હમણા જવાનો લાગ.
દુ:ખ થાશે તો દેઈશું થાવા, પણ નહિ દેઉં બેલડી જાવા;
ચિત્રલેહા કહે સુણ શાણી, રખે આંખે તું ભરતી પાણી.

પ્રધાનપુત્રિ કહેવાઉછું માત્ર, હું છું બ્રહ્માણિ માનવગાત્ર;
તુજઅર્થે લિધો અવતાર, મારે મેળવ્યાં સ્ત્રાભરતાર.
એમ કહિને થઈ અદર્શન, ચિત્રલેહા ગઇ બ્રહ્મસદન;
ઓખાયે રોઈ આંખ્યો ભરી, કંથે આસનાવાસના કરી.
સ્વામિયે સંબોધી નારી, સુખે વિધાત્રિ મેલી વિસારી;
બેઉને વિસરિ વિજોગની પીડા, નરનારિ કરે કામક્રિડા.
આસનભેદે બંનો છે પૂરાં, નરનારી રતીજુધ્ધે શૂરાં;
બેનિ છે ચઢતિ જોબન કાયા, પ્રીતિબંધને બાંધી માયા.
સ્નેહઅર્ણવ ઓખા નારી, ઝીલે અનિરૂદ્ધ નાથ વિહારી;
જે જે જોઇયે તે ઉપર આવે, ભક્ષ ભોજન કરે મન ભાવે.
પહોંત્યો ઓખાનો અભીલાષ, પછે આવ્યો વૈશાખ માસ;
જાળિયે બારિયે વાયુ વાયે, ત્યમત્યમ હર્ષ અધિક તે થાયે.
આવ્યા વર્ષાકાળના દિન, ગાજે વરસે ને થાય પરજન્ય;
થાય આકાશે વીજળિ પૂરી, બોલે કોકિલા વાણી મધૂરી.
ત્યાંતો મોર બપૈયા બોલે, મહા તપસીનાં મનડાં ડોલે;
માળિયાતળે સાગર ગાજે, અંગે નવસપ્ત શણગાર સાજે.
તેલમર્દન મંજન અંગે, ચરચે ચંદન કેસર સંગે;
નેત્રે અંજન આભરણ સાર, મુખે તાંબુળકેરો આહાર.
તપે નિલવટ ચાંદલો તેવો, ચંદ્ર શરદ પુનમના જેવો;
શીર રાખડી શોભા ઘણી, ચોટલો જાણે નાગનિ ફણી.
શીશફુલ સેંથે સિંદૂર, તેણે મોહયો અનિરૂદ્ધ શૂર;
કાને ઝાલ અમુલ્યક જોઈ, કામકુંવર રહયો છે મોહી.
નાકે સોહે મોતીની વાળી, તેને અનિરૂદ્ધ રહયોછે ન્યાળી;
નારિ તારિ નાસિકાનો મોર, નો'ય ભૂષણ ચિત્તનો ચોર.
રક્ત અધર હસે મંદ મંદ, નહિ હાસ્ય એ મોહનો ફંદ;
પંકજમાં મેઘબિંદુ પડતાં, મોતિ મોરના અધરે અડતાં.
ચપળ નેત્ર ઝિણું અંજન, જાણે જાળે પડયાં ખંજન;
મોહયો મોહયો તે મુખને મોડે, મોહયો મોહયો ભૃકૂટિને જોડે.
મોહયો મોહયો સ્નેહને સંધે, મોહયો મોહયો હાર ગળબંધે;
મોહયો મોહયો તે હસ્ત-કમળે, મોહયો મોહયો ઉર ગળસ્થળે.

મોહયો મોહયો અલકાલટે, મોહયો મોહયો કેસરી-કટે;
મોહયો મોહયો તે પેરણ ફાળી, મોહયો મોહયો તે ક્ષુદ્રઘંટાળી.
મોહયો મોહયો અરગજાને બેહેકે, મોહયો મોહયો ચાલને લેહેકે;
મોહયો મોહયો ઝાંઝરને ઝમકે, મોહયો મોહયો ઘુઘરીને ઘમકે.
મોહયો મોહયો તે પ્રેમને પાશે, મોહયો મોહયો તે મંદ મંદ હાસે;
દેખિ એક સ્થંભનૂં ધામ, તેથિ વીસર્યું દ્વારિકા ગામ.
ઘણું ભક્ષ ભોજન પામ્યો આપ, તેણે વિસરિ ગયાં માબાપ;
પામ્યો અધરામૃતનૂં પાન, ગયું વિસરી હરિનું ધ્યાન.
નિરંકુશ વિષયનો સ્વાદ, તેણે વિસરી કુળમરજાદ;
ઓખા સ્નેહતણો સાગર, તેણે વિસર્યો રત્નાગર.
અનિરૂદ્ધનિ ચાલ છે ગમતી, હીંડે નારી નેહથિ નમતી;
મહિલા મહિલા એમ ઓચરતો, હીંડે નારિનિ પૂડે ફરતો.
ઘેલો કીધોછે મૃગયાનેણી, નવ જાણે દિવસ કે રેણી;
અંગોઅંગ કામ રહયો રમી, ચારે નેત્રે ઝરી રહયો અમી.
સ્ત્રિયે મોહિનીમદિરા પાઈ, આલિંગન દે ધાઇધાઇ;
શુદ્ધબુદ્ધ તો વિસરી ગઇ, એમ ચોમાસૂં ગયું વહી.

વલણ.

ગયું ચોમાસું વિષય રમતાં, આવ્યો આશ્વિન માસરે;
કન્યા ટળી નારી હવી, ઓખા પામી વિલાસરે.

કડવું ૨૩ મું.–રાગ દેશાખ.

વરષારૂતુ વહીગઇરે, રમતાં રમતાં રંગવિલાસ;
સુખ પામ્યાં ઘણુંરે, તવ આવ્યો કાંઇ આશ્વિન માસ.
એક સમે સહીરે, શરદરૂતૂ સમે નર ને નાર;
માણકઠારી પૂરણીમારે, ઉત્તમ દિવસ આવ્યો સાર.
ચંદ્રકિરણ ચાંદણીરે, બેઠાં હિંડોળે નર ને નાર;
હાસ્યવિનોદશુંરે, કરતાં ક્રીડા વિવિધ પ્રકાર.
રક્ષક રાયનારે, તેણે દીઠી રાજકુમાર;
કન્યારૂપ કયાં ગયુંરે, ઓખાજી દીસે છે હવે નાર.
ચિત્રલેહા છે નહીંરે, એકલડી દીસે છે એહ;
રાતીરાતી આંખડીરે, પ્રફુલીત દીસે એની દેહ.

હિંડે ઉર ઢાંકતીરે, શકે થયા છે નખપાત;
અધરપર શામતારે, છે કોઇ પુરૂષ દંતના ઘાત.
સેવક સંચર્યારે, કાંઇએક દેખી મંન વિચાર;
મંત્રી કોભાંડનેરે, જઇને કહ્યા સમાચાર;
પ્રધાન પરવરયોરે, જ્યાં છે અસુરકેરો નાથ.
રાયજી સાંભળોરે, મંત્રી કહે છે જોડી હાથ.
લૌકિક વારતારે, કંઇક આપણુને લાંછંન;
રસના છેદીએરે, હું કેમ કહું કઠણુ વચંન.
બાળકી તમતણીરે, તે તો થઇ છે નારીરૂપ;
વારતા સાંભળીરે, આસનથી ડગીયો છે ભૂપ.
ધજા ભાગી પડીરે, તે તો આફ્ડી અકસ્માત;
બાણુ કોપ્યો ઘણુંરે, મંત્રી સાચી કહોને વાત.
શિવે કહ્યું તે થયુંરે, તારી ધજા થાશે પતંન;
ત્યારે તૂં જાણુજેરે, કોઇ શત્રૂ થયો ઉતપંન.
જાઓ મંત્રી તમેરે, જુવો પુત્રીની શી છે પેર;
કોઇ જાણે નહીંરે, તેમ તેડી લાવોને ઘેર.
પરધાન પરવરયોરે, સાથે ડાહ્યાડાહ્યા જંન;
ઓખાજીને માળીએરે, હેઠાં રહીને વદેરે વચંન.
કૌભાંડ ઊચરયોરે, ઓખાજી ઘોને દરશંન;
ચિત્રલેહા કયાં ગઇરે, તેડેછે રાજંન.
થરથર ધ્રૂજતીરે, પડી કાંઇ પેટડીયાંમાં ફાળ;
શૂં થાશે નાથજીરે, આવી લાગી મહા જંજાળ.
તમો રખે બોલતારે, કંથજી દેશો મા દરશંન;
મુખ ઉડી ગયુંરે, થયાં સજળ બન્યો લોચન.
બાળા બેબાકળીરે, કંપે કદળી સરખા ચર્ણ;
કસણુ કસ્યાવિનારે, કંચુકી અવળાં છે આભ્રણુ.
બારીએ બાળકીરે, ઉભી રહી છે ત્યાં આવી;
કૌભાંડે કુંવરીનેરે, અભય વચને બોલાવી.
ચિત્રલેહા કયાં ગઇરે, તું એકલી કયમ દેખાય;
કન્યારૂપ કયાં ગયુંરે, કેમ તું નારીવેશ જણાય.

શરીર સંકોચતીરે, કાં બેબાકળી તૂં બ્હેની;
ઘરમાં કુણ છેરે, શીદ્યે સાચેસાચું કહેની.
ગલસ્થળે કર દીસેરે, કોઇ પુરૂષ દંતના ઘાત;
શણગટ તાણુતીરે, બોલે આખીભાગી વાત.
દિલ વારૂ નથીરે, કીધું ચિત્રલેહાએ શયંન;
તેણે હૂં વ્યાકુળીરે, દુખણીભરૂં છઉં લોચંન.
મંત્રી ઓચરેરે, બાઇ કાં બોલો આળપંપાળ;
હેઠાં ઉતરોરે, નહીં તો ચડીને જોશું માળ.

વલણ.

માળ જોઇશું તમતણો, ભાગશે તમારો ભારરે;
એવું જાણી હેઠાં ઉતરો, રાય કોપ્યો છે અપારરે.

કડવું ૨૪ મું–રાગ રામકલી.

કન્યાએ ક્રોધ જણાવિયો, હાકટ્યો પરધાન;
લંપટ બોલતો લાજે નહી, ઘડપણે ગઇ સાન. કન્યાએ.
પાપી પ્રાણ લેવા કયાંથી આવિયો, બોલતો ક્ષુદ્ર વચંન;
એવાસારૂ કીધી જોઇશે, જીભલડી છેદંન. કન્યાએ.
હું તો ડાહ્યો દાનવ તુંને જાણુતી, ભારેખમ કૌભાંડ;
એવું આળ કોને ન ચડાવીયે, ભાગી પડેરે બ્રહ્માંડ. કન્યાએ.
કેહેવા દેની તું મારી માતને, પછે તારીરે વાત;
હત્યા આપૂં હું તુજને, કરૂં ઝંપાપાત. કન્યાએ.
કૌભાંડ લાગ્યો કંપવા, પુત્રી પરમ પવિત્ર;
પછે કાલાવાલા માંડીયા, ન જાણ્યું સ્ત્રીનું ચરીત્ર. કન્યાએ.
બાઇ રાજાએ મુજને મોકલ્યો, લોકે પાડયો વિરોધ;
પુછીયામાટે શું આવડો, રંક ઉપર ક્રોધ. કન્યાએ.
એવું કહેતાં સેવક મોકલ્યો, બાણાસુરનીરે પાસ;
રાજાએ મંત્રીને કહાવિયું, ચડી જુવોને અવાસ. કન્યાએ.
કૌભાંડ ક્રોધ કરી ગાજીયો, વજડાવ્યાં નિશાન;
માળિએથી બન્યો ઉતરો, બાણાસુરની આણ. કન્યાએ.
દાસને આપી આજ્ઞા, સ્થંભ કરોને છેદંન;
ઓખાએ આંસુડાં ઢાળિયાં, ચંપાશે સ્વામીન. કન્યાએ.

હોકારો અસુરનો સાંભળી, ઉભો થયો અનિરૂદ્ધ;
મેઘની પેરે ગાજીયો, કાંપી નગરીરે બદ્ધ. કન્યાએ.
મંત્રી કહે સુભટ સાંભળો, કો બોલ્યો જોદ્ધો અહીં;
આપણે નાદે હાંકી ઉઠીયો, મેઘ શબ્દથી સહીં. કન્યાએ.
ઓખાએ નાથ બાથ ઘાલીઓ, શું જાય છે વહી;
મરડી મરડી જાઓ જુદ્ધને, દૈવડા જાણી કહી. કન્યાએ.
આશો ઉજમ વઢવાતણો, સામું નથી કામધામ;
દાનવને માનવ જીતે નહીં, ન્હોય રૂતુસંગ્રામ. કન્યાએ.
નાથ કહે સુણો સુંદરી, વાત સઘળેરે થઇ;
હવે ચોરી શાની આપણે, બેશીએ બારીયે જઇ. કન્યાએ.

વલણ.

જઇ બેઠાં નરનારી બંન્યો, વાત વિપરીત કીધીરે;
છજે ભજે કામકુંવર, ઓખા ઉછંગે લીધીરે.

કડવું ૨૫ મું.–રાગ.રામગ્રી.

જોડી જોવા મલ્યા જોદ્ધ ટોળેજી, ઓખા લીધી અનિરૂધ્ધે ખોળેજી;
કંઠે બાંહેડી ગ્રહી છે બાળાજી, દેખી કૌભાંડને પ્રગટી જવાળાજી.

ઢાળ.

જવાળા પ્રગટી ને ભાલ ભૃગુટી, સુભટ તેડયા જમલા;
મંત્રી કહે ભાઇ સબળ શોભે, જેમ હરિઓછંગે કમળા.
લઘુરૂપ કોઇ લક્ષણવંતો, સુતાની સંગે બેઠો;
પ્રવેશ નહીં જ્યાં પવનકેરો, તો માળિયામાં કેમ પેઠો.
નિઃશંક નિર્ભય થઇને બેઠાં, નિરલજ નર ને નારી;
કુચગ્રહણ ચુંબન કરે, કાંઇ લજજા ન આણે હમારી.
ઓખાએ ઉતપાત માંડયો, ધાઇ ધાઇને દો સાંઈ;
પ્રધાન કહે કોઇ પુરૂષ મ્હોટો, કારણ દીસે છે કાંઈ.
અંબુજવરણી આંખડી, એ ભૃગુટી મુગટે ચાંપી;
રોમાવળી વાંકી વળી, વઢવાને રહયો છે ટાંપી.
માળ ઘેરયો સુભટ સરવે, બોલતા અતાડ;
અહો વ્યભિચારી જન ઉતર હેઠો, એમ કહે કૌભાંડ.

(અરે) અલ્પ આયુષ્યના ધણી, યમપુરીના મારગસ્થ ;
અસુરેશ સરખો રીપૂ મસ્તક, કેમ બેઠો થઇ સ્વસ્થ.
બાણુરાયની કિંકરી, તેની અમરે ન થાયે આળ ;
તે તૂં રાજકંન્યાની સંગે, ચઢી બેઠો કેમ માળ.
સાચું કહે જેમ શીશ રેહે, કુણ ન્યાત કુળ ને નામ ;
જથારથ હોય તે બોલજે, કેમ સેવ્યું ઓખાનું ધામ ;
અનિરૂધ વળતૂં બોલીયો, તમે સાંભળો સુભટ માત્ર ;
હું ક્ષત્રીનંદન ઇચ્છાથી આવ્યો, બાણાસુરનો જામાત્ર.
મંત્રી કહે અલ્યા ! બોલ્ય વિચારી, ઉતરશે અભિમાન ;
જામાત્ર શાનો બાળકા, કોણે આપ્યું કન્યાદાન.
અપરાધી પ્રાણી ઉતર હેઠો, છે બાણુસુરની આણ ;
આ દૈત્ય તારા પ્રાણ લેશે, મરણ આવ્યું તુજ જાણ.
જીવવાનો ઉપાય નહીં, પડી જેવારે ચૂક ;
હોય કેસરી તો હાંકી ઉઠે, પણ દીસેછે જંબૂક.
બોલ બળના સાંભળી, બળે બોલ્યો કામબાળ ;
બારીની ભોગળ કરમાં લીધી, ઇચ્છા કીધી દેવા ફાળ.

વલણ.

ફાળ દેઊં ને અંત લેઊં, હોકારો જવ કીધોરે ;
ઓખાએ અનિરૂદ્ધને, ઊંચકી ઘરમાં લીધોરે.

કડવું ૨૬ મું.—રાગ સોરઠી.

કામનીએ જ્યારે કટકજ દીઠું, અને થઈ નીરાશ.
અરે દૈવ તેં એ શું કીધું, મુને હુતી મોટી આશ;
વાહલા કેમ વઢશોરે,
મારા નાંધડીઆ ભરથાર. વાલા૦
બોલાવી બોલે નહી, પડા થઈ આશા ભંગ,
ઊઠાડી બેઠી કરી, તેનું વદન નીહાલે કંથ. વાલા૦
સ્વામી તું કેમ સાંખીઓરે, રાંકને ઘેર રતંન ;
ઘાડે કષ્ટે હું પામી, મારો મદનમનોહર કંથ. વાલા૦
તીવ્ર બાણ જારે છુટેશેરે, કેમ સેહેશો કોમલ શરીર ;
એવું શ્રવણે સાંભળીને, હાંકી ઊઠયો વીર. વાલા૦

માહરા પીતાનેરે જાણ થયુંછે, કટક મોકલ્યું પ્રૌઢ;
બાણાસૂર નથી જાણતો, એવો કેમ થયો છે તે મૂઢ. વાલા૦
અરે સ્વામી તમે ઠાલે હાથે, આયુધ નથીરે એક;
ચાર લાખ વીર પાઠવ્યા, સામા થતાં ધરો વિવેક. વાલા૦
અબળા તુને શું કહુંરે, તું તો થઇરે અજાણ;
બારતણી ભોગળ કહાડીને, લેઊં સરવના પ્રાણ. વાલા૦
ઓખા તુને શું કહુંરે, તું તો ઘેલી નાર;
તારે બાપે વીર મોકલ્યા, તે તો મારે લેખે ચાર. વાલા૦
અજાતણાં તાંહાં જુધ મલીઆં, પંચાએનન મળીઓ એક;
તેનું પ્રાક્રમ કેટલું, તમે કોહોની વિનતા વીશેક. વાલા૦
એમ કરતાં નહી છુટીએરે, કાલાવાલા તે ફોક;
જુઓની વાહાલી હું જુધ કરૂં, જેમ જુએ ગામના લોક. વાલા૦
અનીરૂધ મરડીને નીસર્યોરે, ઓખાએ સાહ્યો હાથ;
પ્રીતમ વઢવા નહીં દઊં, મારા મદનમનોહર નાથ. વાલા૦

કડવું ૨૭ મું-રાગ મારૂની દેશી.

ઓખા કહે કંથ એમ ન કીજે, બળિયાશું વઢતાં બીહીજે;
એ ઘણા તમો એક જાતે, સેના મોકલી મ્હારે તાતે.
દૈત્યને વાહન ને તમે પાળા, નાથજી તમે ઠાલામાલા;
એને ટોપ કવચ ને બખતર, તમારે અંગે સોહે પીતાંબર.
દૈત્યને સાંગ બાણુ બહુ ભાલા, એ કઠણ તમે સુંવાળા;
એતો મદોનમત્ત બહુ બળિયા, તમે સકોમળ પાતળિયા.
સ્વામી પછે અસુરને ભેદો, પેહેલાં મસ્તક મારૂં છેદો;
તમને દેખી દેખીનેરે મોહૂં, તમે જુદ્ધ કરો તે કેમ જોઊં?
ઇછા અંતરની ગઇ ફીટી, દૈત્યે માળીયું લીધુંરે વીટી;
પ્રભુ પ્રાણ કંપે છે મ્હારા, મુવા દૈત્ય કરે છે હોકારા.
ઘણું ક્રોધી વીરોધી છે બાણ, હાકે ઇંદ્રનું જાએ ઓસાન;
જક્ત ભય પામે બાણની હાકે, બાણે પૃથ્વી ચહડાવી ચાકે.
જેને નાદે મેરૂ હાલે, ચક્રવરતી સાથે નહીં ચાલે;
ક્ષત્રીસાથ રહે સર્વે બિહીતો, નાથજી તમે કઇપેરે જીતો?
મંત્રી દાંત રહયો છે કરડી, શું જાઓછો મૂછરે મરડી;
માટે પેહેલાં તે મુજને મારો, પછે નાથજી રણમાં પધારો.

શશી સૂર્યવંશી નૃપ જેહ, તેની થરથર ધ્રુજે દેહ ;
પ્રધાન ક્રોધી પાવકની જવાળ, તેથી વીશેષ બાણુ ભૂપાળ.
એમ કહિ ભરતી લોચન, દેખી વારે છે સ્વામીન;
કંથ કહે ન કરૂં સંગ્રામ, તો નાસી જવાનો કુણુ ઠામ.
અંત્યે જીવતાં છુટશું નહીં, કાં ન મરીએ સામા થઇ
નથી ઉગરવાનો ઉપાય, માટે ભય પામે શું થાય ?
નાઠે લાંછન લાગે કુળમાં, પ્રતિષ્ઠા જાએ એક પળમાં ;
મોઅર બોલે ને મણીધર ડોલે, ન ડોલે તો સરપને તોલે.
ધન ગાજે કેસરિ દે ફાળ, ન ઉછળે તો જાણવો શીઆળ ;
ક્ષત્રી નાસે દેખીને દળ, ન્હોએ પુરૂષ જાણવો બ્યંદળ.
હાંકયો વાઘ ન માંડે કાન, શારદૂલ નહીં જાણવો સ્વાન ;
ઘરમાં ઘોજારો રહે પેશી, સુદ્દે ચરણુવ્હોણો રહે બેશી.
એમ કહીને ઓખા અળગી કાધી, ભડ ગાજ્યો ને ભોગળ લીધી ;
અસુરસેનાપર કોપીયો, છજેથકી ઠેકીને પડિયો.
જેમ ગ્રાહ પેસે બહુ જળમાં, તેમ અનિરૂદ્ધ પેઠો દળમાં ;
જેમ ઈંદ્ર પેસે વાદળમાં, તેમ અનીરૂધ્ધ ધાયો બળમાં.
દૈત્યને આવ્યો મૃત્યુનો દહાડો, ગાજ્યો અનિરૂધ ધન અખાડો ;
પડતામાં બહુ પડતાળ્યા, ભોગળપ્રહારે ધરણીએ ઢાળ્યા.
કૈભાંડે સેનાને પ્રેરી, જાદવ જોદ્ધો લીધો ઘેરી ;
ગજજુથમાં લઘુ કેસરી, બહુ વીંટી વળ્યા છે વેરી.
ચંદનને બાવળિએ ઝીટી, અસુરે અનીરૂદ્ધ લીધો વીંટી ;
દાનવ કહે માનવ શૂંય, અમે સિંહમાં મૃગબાળ તૂંય.
મુગટ મંત્રીને ચરણે ધરે, તો તો મૃત્યુથકી ઉગરે ;
મંત્રીવાયક એવાં સાંભળી, ધાયો અનીરૂધ બહૂ ઉકળી.
નાખે દૈત્ય ભારી મુદગલ, તેમ અનીરૂધ ભૂજભોગળ ;
વીસ સહસ્ત્ર અસૂર ત્યાં ત્રૂટયા, એકીવારે શર બહૂ છુટયાં.
આયુધધારા રહી છે વરસી, પડે પરીઘ પટી ને ફરસી ;
દાનવ ધાયા છે ટોળેટોળાં, વરસે ભિંડીમાળ ને ગોળાં.
થાય દુંદુભીના ગડગડાટ, થાય ખાંડાતણા ખડખડાટ ;
હાકયા હસ્તી દે હલકાર, થાય ખડગતણા ચળકાર.

મંત્ર અમીના ઝુઘત્તાટ, બોલે બાણુતણા સુસવાટ;
રથ ચક્ર ગાજે ગડગડાટ, હોય હયતણા હણુહણાટ.
છુટે બાણો સણુસણાટ, થાય ગગને ધજા ફડફડાટ;
દેખિ દોહ્યલો નાથનો ઘાટ, થાય ઓખાને ઉચ્ચાટ.
દાનવનો વાળ્યો દાટ, અનીરૂદ્ધ મુકાવે વાટ;
કોઇને ઝીકયા ઝાલીને કેશે, કોઇને ઉરાડ્યા પગની ઠેશે.
કોઇને હણ્યા ભોગળને ભડાકે, કોના મુખ ભાગ્યાં લપડાકે;
કોઇ અધસરતા કોઇ પૂરા, એમ સેના કરી ચકચૂરા.
તે રણુ ભયાનક ભાસે, બળ દેખીને ઓખા ઉલ્હાસે;
મેં તો આવડું ન્હોતૂં જાણ્યું, ચિત્રલેહાએ રતનજ આણ્યું.
શોણિતસ્પર્શ થયો છે દીલે, નાથજી રણુ રૂધીર ઝીલે;
ભડ ગાજ્યો ને પડયું ભંગાણુ, નાઠો કૈભાંડ લઇને પ્રાણુ.
કહ્યું બાણાસુરને જાણુ, એક પુરૂષે વાળ્યો ઘાણુ;
અસુરેશને ચડીયો કોપ, સજ્યાં કવચ આયુધ ને ટોપ.
સર્વે સૈન્ય તે તતપર કીધું, ચડયો રાય દદામૂં દીધું;
પ્રલયઅગ્ની જેવો જાજવલ્ય, બાણરૂપ થયું મદતૂલ્ય.
ચડયો રાય ક્રોધે ગડગડિયો, જાણ્યું ઓખાએ રણુ તાત ચડિયો;
સૈન્યના લોક આગળ ચાલ્યા, કરમાં બહૂ ભાલા ઝાલ્યા.
વાગી હાક ને ચડિયો બાણુ, તે તો થયું ઓખાને જાણુ.

વલણ.

જાણુ થયું જે તાત ચડિયો, કુણુ જીતશે સહસ્ત્ર હાથરે;
આંસૂડાં ભરતી ને શોક ધરતી, ઓખા સાદ કરતી નાથરે.

કડવું ૨૮ મું.-રાગમારૂ.

મારા સ્વામીજી ચતુરસુજાણુ, બાણુદળ આવ્યુંરે જાદવજી;
દીસે સૈન્ય તે ચારેરે પાસે, હવે શૂં થાશેરે જાદવજી.
એ બળિયા સાથે બાથ, નાથ કેમ ભીડોરે જાદવજી;
હૂં કહૂં છું તમારી દાસી, નાસીને હીંડોરે જાદવજી.
ઓ દળ આવ્યું બળવંત દિસે, રીશે રાતારે જાદવજી;
એકલડા અસૂરને મુખે, રખે તમે જાતારે જાદવજી.
ઓ ગજ આવે બળવંત, દંત કેમ સેહેશોરે જાદવજી;
અસૂર અરણુવ ઘાયા, તણાયા જાશોરે જાદવજી.

એવું જાણીને ઓસરિયે, ન કરિયે ક્રોધરે જાદવજી;
એકલડાંને આશરો શાનો, માનો પ્રતીબોધરે જાદવજી.
ધીરા થાઓ ને ધાઓ, વઢોતો ફાંસુરે જાદવજી.
મારી જમણી ફરકેછે આંખ્યરે, વરખે આંસૂરે જાદવજી.
મને દિવસ લાગે છે ઝાંખો, નાખોને ભોગળરે જાદવજી.
તેતો ન સમજે સમજાવ્યું, આવ્યું દળરે જાદવજી.
તમે મુજ દેહડીના હંસ, મુકોને જુદ્ધરે જાદવજી.
પાછા વળોજી લાગું પાય, માનો મારી બુદ્ધરે જાદવજી.
ઘેલી દીસે છે ધરણી, તરણી તારી ટેવરે રાણીજી.
અમો બાણથકી નહિ ઓસરશું, કરશું સેવરે રાણીજી.
અનીરૂધ જો રણથી ભાજે, લાજે શ્રી ગોપાળરે રાણીજી;
નાઠે અરથ ન એકે સીઝે, શી કીજે ચાલરે રાણીજી.

વલણ.

ચાલ શી કીજે અંત આવ્યો, ઉગારશે મોરારરે;
ધસ્યો નાથ ને હાથ ધરીયા, રોવા લાગી નારરે.

કડવું ૨૯ મું—રાગ મેવાડો.

ઓખા કરતી તે કંથને સાદ, હોરે હઠીલા રાણા;
એ શાસારૂ ઉનમાદ, હોરે હઠીલા રાણા.
હૂં તો લાગું તમારે પાય, હોરે હઠીલા રાણા;
આવી બેસો તે માળીયામાંહય, હોરે હઠીલા રાણા.
હૂં તો બાણુને કરૂં પ્રણામ, હોરે હઠીલા રાણા;
છે કાલાવાલાનું કામ, હોરે હઠીલા રાણા.
એ તો બળિયા સાથે બાથ, હોરે હઠીલા રાણા;
તે તો જોઇને ભરિયે નાથ, હોરે હઠીલા રાણા.
એ તો તરવું છે સાગરનીર, હોરે હઠીલા રાણા;
બળે ન પામીએ પેલું તીર, હોરે હઠીલા રાણા.
અનેકમાં એક કોણ માત્ર, હોરે હઠીલા રાણા;
સામા મળ્યા છે કુપાત્ર, હોરે હઠીલા રાણા.
મને થાય છે માનસુકંન, હોરે હઠીલાં રાણા;
મારૂં જમણું ફરકે લોચંન, હોરે હઠીલા રાણા.

મારો ત્રુટયો મોતીનો હાર, હોરે હઠીલા રાણા ;
દાએ નેત્રે વહે જળધાર, હોરે હઠીલા રાણા.
દીસે નગરી તે ઉજડ રાન, હોરે હઠીલા રાણા;
દીસે ગગને ઝાંખો ભાણ, હોરે હઠીલા રાણા.
રૂવે શ્વાન વાયસ ને ગાય, હોરે હઠીલા રાણા ;
એવા માઠા સૂકન થાય, હોરે હઠીલા રાણા.
હું તો ધ્રુજતી દેખું ધરણ, હોરે હઠીલા રાણા ;
એતો સાગર શ્રોણીત વર્ણ, હોરે હઠીલા રાણા.
આવ્યા અગણિત અશ્વાર, હોરે હઠીલા રાણા ;
અહીં થાય છે હોહોકાર, હોરે હઠીલા રાણા.
ઓ દુંદુભીએ વાળિઓ ઘાય, હોરે હઠીલા રાણા ;
એ તો સૈન્યા તમપર ધાય, હોરે હઠીલા રાણા.
ઓ આવ્યું દળવાદળ, હોરે હઠીલા રાણા ;
ઓ ઝળકે ભાલાનાં ફળ, હોરે હઠીલા રાણા.
પાખર બખ્તર પેહેરયા ટોપ, હોરે હઠીલા રાણા ;
દૈત્ય ભરાયા આવે કોપ, હોરે હઠીલા રાણા.
ઓ વાજે ઘુઘરમાળ, હોરે હઠીલા રાણા ;
અશ્વ દેતા આવે ફાળ, હોરે હઠીલા રાણા.
એ તો શૂરવીર મહાકાળ, હોરે હઠીલા રાણા ;
પડે પેટડીયામાં ફાળ, હોરે હઠીલા રાણા.
નાથ જુવો વિચારી મંન, હોરે હઠીલા રાણા;
જુદ્ધ રેહેવા ઘો રાજંન, હોરે હઠીલા રાણા.
જો લોપો મ્હારી વાણ, હોરે હઠીલા રાણા ;
તમને પિતામહની આણ, હોરે હઠીલા રાણા.
આવ્યો બાણ તે પ્રલેકાળ, હોરે હઠીલા રાણા;
મેઘાડંબર છત્ર વિશાળ, હોરે હઠીલા રાણા.

વલણ.

મેઘાડંબર છત્ર બિરાજે, હલટી નગરી બદ્ધરે ;
અગણીત અસ્વાર આવિયા, તેણે વિંટી લીધો અનીરૂદ્ધરે.

કડવું ૩૦ મું—રાગ સામેરી.

આવી સૈન્યાં અસુરની, અનીરૂદ્ધ લીધો ઘેરી;
કામકુંવરને મધ્યે આણી, વીંટી લીધો ચોફેરી.

અમર કહે શું નીપજશે, ઇચ્છા તે પરમેશ્વરી ;
રીપૂ ગજનાં યુદ્ધમાં, અનીરૂધ લઘુ કેસેરી.
બાણુરાયને શું કરે, ભોગળ લીધી ફોકટ ;
વેરિ વાયસ કોટી મળ્યા, ત્યાં કેમ જીવે પોપટ.
બાણાસુરે સુભટ વારયા, કોઇ ન કરશો ઘાત ;
છે વીર થોડી વયતણો, હું પુછું એને વાત.
આળીએથી ઓખા નિરખે, રૂદન મુક્યું છોડી ;
ઓ જીવન પુઠે યોદ્ધા ઉભા, રહ્યા બેહૂ કર જોડી.
બળવંત બ્હેકે અતી ઘણું, સૈન્યા છે બીહામણી ;
ઓ પવનવેગી પાખરા, હય આવ્યા તે હણહણી.
ઓ સુભટે ભાથા બીડીયા, હીંડીયા સ્વામી ભણી ;
ઓ ખડગ ખેડાં ઝળકતાં, ચળકતાં ભાલાંના અણી.
ઓ ગજ આવ્યા સામટા, હય હીસંતા હણહણી ;
ટોપટોડર સલે બખ્તર, છે સેના બીહામણી.
આ દળનું બળ કેમ સેહેશો, સ્વામી સકોમળ;
પ્રાણનાથને પીડશે, પ્રગટયાં તે કર્મનાં ફળ.
દૈવના દીધા દૈત્યને, દયા નહીં લવલેશ ;
લઘૂ વયમાં છો કંથજી, નથી આવ્યા મૂછે કેશ.
ચાર દિવસનૂં ચાંદરણું, સુખડું ગયું તે વહી ;
પાપી પીડે છે પ્રભૂને, કરમડાં જાણીં કયહીં.
કંથજી મ્હારો એકલો, વીંટી વળ્યા અસૂર ;
એવું જાણીને સહાય કરજો, શામળીયા સ્વસૂર.
કષ્ટ નિવારણ કૃષ્ણજી, હૂં થઇ તમારી વધૂ ;
જો આશા હમારી ભાગશો, લાજશે જદુકુળ બધૂં.
પ્રજાપતિ પાલન કરોછો, પનોતા શ્રી મોરારી ;
સંભાળ સર્વની કીજીએ, ન મુકીયે વીસારી.
અમને આશા તમતણી છે, અમો તમારાં છોરૂ ;
લાજ લાગે વૃદ્ધને, કોઇ કહેશે કાળું ગોરૂં.
એવું જાણી આવજો, છો દામોદરજી દક્ષ ;
પક્ષી પલાણો પ્રભૂજી, પુત્રની કરવા પક્ષ.

ભગવંત ભજતી ભામની, ભરતાર રિપુદળ મધ્ય ;
કોઈ કહે પિતા બાણુને, એ બાળક ને તૂં વૃદ્ધ.
ગદગદ કંઠે ગોરડી, ગતીભંગ જાણે ઘેલી ;
એવું ઇચ્છું છું જે પ્રાણજ કાઢું, મરૂં તે સંગ્રામ પેહેલી.
મુખ વક્ર બિહામણાં છે, મૂછ મ્હોટી મ્હોટી ;
એવા અસુર આવી મળ્યા, સંખ્યા થઇ સપ્તકોટી.
દળ વાદળ સૈન્ય ઊલટયું, મધ્યે આણ્યો અનીરૂદ્ધ ;
વીર વીંટયો વેરીએ, જેમ મક્ષીકાયે મધ.
ધનુષ ધરીયાં પાંચશે, બાણે ચઢાવ્યાં બાણ ;
રાગ મારૂ ગાય ગુણીજન, ગડગડીયાં નીશાન.
ગગને આભજ ઢાંકીયો, શોભીયે જેમ ઇંદુ ;
ઉપમા તે ઉડુગણતણી, લલાટે સ્વેદના બિંદુ.
લઘુ કુંજરની સૂંઢ સરખા, શોભિતા બે ભૂજ ;
શરાસન સરખી ભ્રકુટી ને, નેત્ર બે અંબૂજ.
તૃણ માત્ર ત્રેવડતો નથી, બાણને તે મહાબાહુ ;
અસુર સાથે શોભિયે, જેમ ચંદ્રમા ને રાહુ.
જાદવે જોયું વક્ર દષ્ટે, રાતાં કીધાં ચક્ષ ;
વપુ શોભે ભૂજ ફૂલ્યૂં, જેમ અરણ્યનૂં વૃક્ષ ;
આ સમે જો હોત કુહાડો, અથવા ભોગળે ધાર ;
અસુરને હળવો કરત, ઉતારત ભૂજનો ભાર.
શું વસ્યું બાણનું દિલ છે, તેમાં વસે સર્પનો સાથ ;
પંડમાં પુરવજ રહ્યા, પિંડ લેવા કાહાડે હાથ.
કાષ્ટના કે લાખના, શું, મીંણના ચોહોડયા કર ;
અથવા કોઈ પક્ષી દીસે છે, વિફરાવ્યાં છે પર.
તવ હાસ્ય આવ્યું બાણને, બાળક કેવળ બાળ ;
કોભાંડ કહે અજ્ઞાન નથી, રાય તમને દેછે ગાળ.
બળીસુત અંતર બળ્યો, બળિયો બાળક બલવાન ;
શું કરૂં જે લાંછન લાગે, નહિં તો દેત કન્યાદાન.
સુભટ નિકટ રાય સરવે, બોલીયા બહૂ ગર્વે ;
નિપટ લંપટ નથી બ્હીતો, ધાયા હણવા સર્વે.

કુળલજામણો કુણ છે, તસ્કર નર નિરલજ ;
અપરાધ કરી કેમ ઉગરશે, સિંહના મુખથી અજ.
ગમ નહીં અમરને, તો કેમ આવતાં ફાવ્યું ;
અજાને આવી ચડયો, કે ભૂતે મનડું ભમાવ્યું?
શકે સ્વરગથી નાખીયો, કાંઈ કારણ સરખું ભાસે ;
સાચું કહીશ તો નહીં હણું, બાળક રેહેજે વિશ્વાસે.
કોણ કુળમાં અવતર્યો, કોણ માત તાતને ગામ ;
અનીરૂધ કહે વિહીવા મળ્યો, હવે ન્યાતકુળનું શું કામ ?
પિતૃ પિતામહ માહરા, તે પ્રસિદ્ધ છે સંસાર ;
ચોરી છત્રપતીની કરી, તૂં ચતુર હોય તો વિચાર.
જાદવકુળ છે મુજતણું, મુજ નામ છે અનીરૂદ્ધ ;
જો છેડશો તો સમુદ્રમાંહી, નાખીશ નગરી બદ્ધ.
બાણ સામું જોઇને, કૌભાંડ વળતૂં ભાખે ;
ચોરી કરી કન્યા વરે, કુણ વિના જાદવ પાખે.
પૌત્ર જાણી કૃષ્ણનો, બાણે તે ધશીયા કર ;
નીચ વરે કન્યા વરી, કરમડા બેઠું ઘર.
રીશે તે અંતર પરજળ્યો, ધનુષ ધરિયાં બાણ;
મંત્રીને મહારાજ કહે છે, જુધ્ધો મ્હોટા જાણ.
હાકીને અનીરૂદ્ધ વકારયો, થયો તે દારૂણ શોર ;
ઓખાનેત્રે નીર ભરે જે, કંથને પ્હોંચે જોર.
અસુર બળિયા પ્રાક્રમી, ઉછળતા દે ફાળ ;
દશોદિશાથી વછુટયા, કહે ન જાય જીવતો બાળ.
પરીઘ પટી ગુરજ ગદા, ત્રિશૂલ ને તોમર ;
મોઘરી મૂસળ સરસ કાંતી, ઢાંકી લીધો કુંવર.
અંધકાર માયા આસુરી, વરસે શલ્યાશીખર ;
પડે હય હસ્તી ને ચંમર, વહે માંસને રૂધીર.
હયગજરથ લથબથ અટકે, લટકે છે વાહંન ;
દુંદુભી ગડગડે ખેડાં ખડખડે, રણમાં પડયા બહુ જંન.
સાંગ સળકે ખડગ ચળકે, ઝળકે ભાલીની અણી ;
રીપૂ લાખની લાખમાં, અનીરૂધ જડીયો છે મણી.

ફેરવી ભોગળ બળ કરી, રિપૂદલ દળ્યું જદુજોદ્ધ;
તાડયા પછાડયા આડા પાડયા, કરી કામકુંવરે ક્રોધ.
અંગ રાતાં શીશ ફાટયાં, શૂરા ધરણીએ પાડયા;
પલવટ વાળી પ્રાક્રમી, બહૂ જોધ્ધાને નસાડયા.
ભુજ વિષે ભોગળ ધરી, દેતો અનીરૂધ માર;
હયગજરથપાળા સર્વ નાઠા, હવો તે હાહાકાર.
પ્રહાર પૂરણ રથ ચૂરણ, ગજ અકજ પાછા વળ્યા;
શોણિતપૂરભણી ચાલિયા, વીર ધરણી ઉપર ઢળ્યા.
રણમાં તે રોળી મૂકતો, અનીરૂધ ઈંદ્ર સમાન;
અસુર સુરથી નાસતા, શારદૂલથી જેમ શ્વાન.
હેડું તે હરખ્યું નારનૂં, સુણી નાથનો હોકાર;
અનીરૂધે તારૂણી દેખતાં, કીધું સૈન્ય તારેતાર.
દશ સહસ્ત્ર જોદ્ધા બાણના, મારી કીધા ચકચૂર;
સમુદ્રમાં સંગમ હવો, વહ્યું તે શોણીતપૂર.
બુંબાણ પડીયું રણવિષે, કરે અસુર નાસાનાસ;
ભંગાણ દેખી બાણ ધશીયો, સજ્યો તે નાગપાશ.
ભોગળ છેદી ભુજતણી, મુકયા તે સહસ્રજ સર્પ;
કામકુંવરને બાંધીયો, પછે ગાજીયો છે નૃપ.

વલણ.

નરપત ગાજીયો મેઘની પેરે, ઉતરાવી ઓખાઘરે;
વરકન્યાને બંધન કરી, પછે બાણ મંદીર જાયરે.

કડવું ૩૧ મું.—રાગ રામગ્રી.

બન્યોને બાણે બાંધીયાં, નૌતમ નર ને નાર;
અનિરૂદ્ધ રાખ્યો મુખ આગળે, ગુપ્ત રાખી કુમાર. બંન્યોને.
ચૌટામાં ચોર જણાવિયો, ઢાંકયો વ્યભીચાર;
છાની ઓખા મંદિર મોકલી, રાખ્યો કુળનોરે ભાર. બંન્યોને.
છે શરદરૂતુ તડકો ઘણો, તપે તાવડ શીર;
કેસર રંગની અરચના, ભીંજ્યું સઘળું શરીર. બંન્યોને.
લક્ષણવંતો હીંડે લ્હેકતો, બ્હેકતો બહૂ વાસ;
દૈત્યનું દળ પુઠે પળે, દોરી હીંડે છે દાસ. બંન્રોને.

પેચ છુટયો પાઘડીતણો, આવ્યો પાગ પ્રમાણ;
ચોરે મોરજ મારીયો, કરે લોક વખાણ. બંન્નેને.
ઓખા જો પુનરપી પરણશે, હશે ભવ્ય ભરથાર;
તે સ્વામી શું સુખ પામશે, લીધો એણે સાર. બંન્નેને.
કો કહે દૈવત એહમાં, દીસે રૂપ રસાળ;
કટાક્ષમાં કામની પડે, જોવામાં મોહજાળ. બંન્નેને.
ભુલવણી ભૃકુટી વિશે, ભલી ભૂલેરે નાર;
કુંવારી કન્યાને કામણ કરે, એવો કામકુમાર. બંન્નેને.
ચિન્હ કંઠે કાંકણતણાં, પડયાં ભામનીભૂજદંડ;
ઓખાએ અમૃત ચાખીયું, કીધો અધરને ખંડ. બંન્નેને.
સખી પ્રત્યે સખી કહે, દેખી અંગઅવેવ;
બાંધ્યો એ જુવે આપણ ભણી, એની એવી શી ટેવ. બંન્નેને.
આશા પોહોતી માસ ચારમાં, લીધો સ્નેહનો સ્વાદ;
સુખેથી ભરમ ભાગ્યો ઘણો, લાગ્યો લોકઅપવાદ. બંન્નેને.

વલણ.

લાગ્યો લોક અપવાદરે, પામ્યો દેવકન્યાયરે;
બાણાસુરે અનિરૂદ્ધને રાખ્યો, કારાગ્રહની માંહરે.

કડવું ૩૨ મું—રાગ જોગીઆશાવરી.

શ્રી શુકજી એમ કહે કથા, સાંભલ પરીક્ષીત રાય;
કામકુંવરને કન્યા રાખ્યાં, કારાગ્રહની માંહ્ય.
નાના વિધનાં બંધન બાંધ્યાં, કાહાડી ન શકે શ્વાસ;
એકએકનાં મુખ દેખી દયામણાં, થાય અતિ ઉદાસ.
બીક બાણાસુરતણી, રાણી ભરે છે ચક્ષ;
પુત્રી જમાઇને ભૂખ્યાં જાણી, છાનું મોકલે ભક્ષ.
બંધન દેખી કંથનું, ઓખા ભરે છે નૈણે નીર;
અનીરૂધ આપ બળે કરી, અબળાને આપે ધીર.
આદરૂં તો અસુરકુળને, ત્રેવડું તૃણમાત્ર;
શોભા રાખવા સ્વસુરની, બંધાવ્યું છે મેં ગાત્ર.
મરડીને ઉઠું તો શીઘ્ર છુટું, દળું દાનવ દઇ દુ:ખ;
શું કરૂં જે સ્વસુરપક્ષમાં, રાખવું છે સૂખ.

શામાટે ચિંતા કરોછો, ગોવિંદ છેદશે બંધ ;
આકાશ અવની એક થાશે, એવું કરશે જુદ્ધ.
અગ્નાસ્ત્રની ધુમ ચાલશે, અસુર થાશે અંધ.
સાહ્ય કરશે શામ રામજી, બેઉના છુટશે બંધ.
માહારા સમ જો સુંદરી, ઝાંખો કરો મુખચંદ ;
આ બંધનપેં દુખ અધિક છે, તારાં આંસુડાંનાં બુંદ.
એમ કીધી આસવાસના, હરી આવ્યાનું હારદ ;
કોણ જાણે કારાગ્રહમાં, આવ્યા રૂષી નારદ.
લજ્જા પામ્યો કામકુંવર ને, નીચી કીધી દ્રષ્ટ ;
શરીર ધ્રુજે અતિ ઘણું, બોલી ન શકે સ્પષ્ટ.
શેં લાજછ તૂં પ્રાક્રમી, હસી બોલ્ય મુજ સંગાથ ;
બાણુની બાળકી વરયો, તારી પૃથ્વીમાં થઈ ખ્યાત.
દીપાવ્યો વંશ વાસુદેવનો, બંધાએ લાંછન શૂંય ;
કાલ્ય માધવ મોકલૂં જઈ, દ્વારિકાંથી હુંય.
ઉંડલમાં તેં આભ લીધો, અંતર શેં નહીં ફૂલે ;
ઘોડે ચડે તે પડે પૃથ્વી, ભણે તે નર ભૂલે,

વલણ.

અંતર શેં ન ફુલે જુદ્ધા, મુકાવશે ભગવાનરે ;
અનીરૂદ્ધની આજ્ઞા લઈ, રૂષી હવા અંતરધ્યાનરે.

કડવું ૩૩ મું.—રાગ બેહાગ.

દયા ન આવી ઓખા રડેરે, છે દૈત્યપતી દુરમત ; મારી સજની.
બાકરી બાંધી શ્રીજવર સાથે, વેર વધારયું સત્ય ; મારી સજની.
પાતળિયા પંકજ પિયુજીને, નાગપાશના બંધ ; મારી સજની.
બાંધી લીધો બળ કરીને, કોમળરૂપ મદન ; મારી સજની.
ધાજોરે ધરણીધર શ્રીવર, આપદા પામે નાથ ; મારી સજની.
પુત્ર તમારા ઉપર પ્રહારજ, કરેછે દૈત્યનો સાથ ; મારી સજની.
બારે દળ કૈભાંડે મ્હેલિયું, વકારયો બળી વીર ; મારી સજની.
તોએ રણુથી નવ ઓસરીયો, સાગરનૂં જેમ નીર ; મારી સજની.
ભેદ કરીને બાંધી લીધો, નાગપાશના બંધ ; મારી સજની.
શ્વાસ ન માયે બહુ અકળાયે, અંગ આકર્ષ્યા સંધ ; મારી સજની.

સાપ સમાય નહીં સ્વામીને, હું કરૂં દેહની પાત ; મારી સજની.
બાર લાગે લક્ષ્મીવર તમને, તો થાશે માહા ઉતપાત; મારી સજની.
કમળમુખ શ્રમથી સુકાયું, કન્યા કરે આક્રંદ ; મારી સજની.
અનીરૂધ સમરે શામળીયાને, કમળાવર ગોવીંદ; મારી સજની.
ત્રાહે ત્રાહેરે ત્રીકમજી, સુતની કરજો સહાય ; મારી સજની.
વિપત વેળા વ્હારે ચઢીને, કરો ભગતની રક્ષાય; મારી સજની.
ગજ ગ્રાહથી મુક્ત પમાડયો, કીધી હરિશ્ચંદ્ર રક્ષાય ; મારી સજની.
દાનવકુલ નિકંદન કીધાં, કીધી પ્રલ્હાદની સહાય; મારી સજની.
આજ આંખેથી આંસૂડાં ચાલે, જાશે મારા પ્રાણ; મારી સજની.
સુખ શરીર શાતા નહીં અંગે, લાગ્યો દવ નિરવાણ; મારી સજની.
મનસા વાચા એ વર વરીયો, અવર તે મિથ્યા જાણ; મારી સજની.
રૂપ અને ગુણવંતો સ્વામી, સત્ય કહૂં છું પ્રાણ; મારી સજની.
તાત કઠોર દયા નહીં રૂદીએ, કોમળ મ્હારો કંથ ; મારી સજની.
પ્રહાર કરીને બાંધીરે લીધો, શ્રીહરી વેગળે પંથ; મારી સજની.
કોણ સહોદર આવે અવસર, શોધ કરવાને જાય ; મારી સજની.
નાત ભ્રાતને જાણ નહીં તો, કુણ ઉઠીને ધાય; મારી સજની.
પિતા પીઉજીને વેરીરે દેખે, પરભવે બહૂ પેર ; મારી સજની.
નાગતણા ફૂત્કાર હળાહળ, ફેરવી નાખે લ્હેર; મારી સજની.
ટળવળે અંગ અમીરે ઉઠયો, કંઠે પડીયો શોષ ; મારી સજની.
પુર્વતણાં કર્મ આવી નડીયાં, કોને દીજે દોષ; મારી સજની.
તાત કહે તો કાયારે પાડું, વિષ ખાઊં આ વાર ; મારી સજની.
સ્નેહ ન જાણે કોઈ રે મનનો, કો પીડે ભરથાર; મારી સજની.
તાતતણે મન કાંઇ નહીં, મુને સબળો લાગે સ્નેહ ; મારી સજની.
છોરૂ પોતાનાં જાણી કીજે, દયાળ ન દીજે છેહ ; મારી સજની.
બાણાસુર મહાપુરૂષ જ્ઞાતા, જેથી ચુક ન થાય ; મારી સજની.
બાળક ઉપર પ્રહાર શો કરવો, જદપી હોય અન્યાય ; મારી સજની.
વાહાલા થઇને વેરજ વાળો, શૂં નથી આવતી લાજ ; મારી સજની.
નીચ પદારથ નથી કુળ નીચું, કૃષ્ણકુંવર મહારાજ; મારી સજની.
નીચું નાક ન હોય એથી, નિરર્થક શો સંગ્રામ ; મારી સજની.
મોટા સાથે વિરોધ ન કરીયે, નહીં નિરબળ હળધર શામ; મારી સજની.

સકળ પૃથ્વી આકે ચઢાવી, અસુરનો ફેડયો ઠામ ; મારી સજની.
વેર વધારી વિઠ્ઠલ સાથે, ક્યાં કરશે વિશ્રામ ; મારી સજની.
સ્વામી મ્હારાને શીર સમરથ, તેને ચઢશે કોપ ; મારી સજની.
ભદ્ર ઇચ્છે જો તાત પોતાનું, વીષનું બીજ મા રોપ ; મારી સજની.
જુદ્ધ સમે આકાશે રહિને, જુવે છે નારદ દેવ ; મારી સજની.
અથ મ્રા આણીશ અમો જાશું દ્વારામતી, જુદ્ધ કરશું તતખેવ; મારી સજની.
નિર્ભય રાખી વીણાધર ગયા, પરવરિયા આકાશ ; મારી સજની.
પ્હોંતા રૂષી ઉતરિયા હેઠા, ભેટયા શ્રી અવિનાશ. મારી સજની.

વલણ.

ભેટયા શ્રી અવિનાશને, કુશળ વારતા પૂછે વળી ;
કહે નારદ અનીરૂદ્ધને રાખ્યો, કારાગૃહમાં દૈત્યે મળી.

કડવું ૩૪ મું.—રાગ વેશાડીની ચાલ.

શુકદેવ કહે પરીક્ષીતને, બાંધ્યો તે જાદવ જોધ ;
હવે દ્વારિકાની કહૂં કથા, જાદવ કરે શોધાશોધ.
હીંડોળાસહીત કુંવર હરીયો, રૂવેછે કિંકરી ;
હાહાકાર હવો પુર વિષે, અનીરૂદ્ધની થઇ ચોરી.
રતી અતી આક્રંદ કરે છે, મળ્યાં વિનતાનાં વૃંદ ;
રૂકમણી રોહીણી દેવકી, સર્વે કરે આક્રંદ.
જાદવે સરવે કહ્યું માધવને, શું બેઠા છો સ્વામી;
વાર વિલંબ ન કીજીએ, એમ કુળને લાગે ખામી.
વસુદેવ કહે શામરામને, શૂં બેઠા છો ભૂપ ;
શોધ કરો અનીરૂધનો, ક્યાં ગયો કુંવર અનૂપ.
ઉગ્રસેન કહે આશ્ચર્ય મ્હોટું, કેમ હરયો હીંડોળો ;
દેવ દૈત્ય રાક્ષસનું કારણ, તે ખપ કરીને ખોળો.
સાચને જદુનાથ કહે છે, શાને કીજે શ્રમ ;
ગોત્રદેવીને એમજ ગમતૂં, કુંવર હરયાનું કર્મ.
અગીઆર વરસ અમે ગોકુળ સેવ્યું, મામાજીના ત્રાસે ;
પ્રદ્યુમનને શંબરે હરયો તે, આવ્યો સોળમે વરસે.
ફરિ અનિરૂધ તેમ આવશે, સાચવશે કુળદેવી;
કૃષ્ણે કુટુંબને રોતું રાખ્યું, આશા દીધી એવી.

પાંચ માસ એમ વહી ગયા, જાદવ છે સરવે દુઃખી;
શોણીતપુરથી કૃષ્ણસભામાં, આવ્યા નારદ રૂખી.
હરી આદે જાદવ થયા ઉભા, માન મુનીને દીધું;
આદરશું આસન આપીને, અર્ધ્યપૂજન કીધું.
સમાચાર સરવે કૃષ્ણે પૂછ્યા, નારદ વળતૂં ભાંખે;
ઉતપાત વાત જે તમારા કુંવરને, બાણ બાંધીને રાખે.
ઇશ્વરી ઇચ્છાએ ઓખાને પરણ્યો, સંબંધ એવો સાંધ્યો;
આપદા અનીરૂધ વેઠે, બાણાસુરે બાંધ્યો.
વાત સાંભળી વધામણીની, વજાડાવ્યાં નીશાન;
શામ રામ કામ થયા તતપર, જીતવા રાય બાણ.
સજ્જન સરવ અતી સુખ પામ્યા, છે કુંવરને કુશળ;
ગરૂડ ખેડયો ગોવિંદજીએ, લીધી સેના સકળ.
શંકરષણ ને સાત્યકી, સંગાથે ત્રીજો પ્રદ્યૂમન;
ત્રણ જુદ્ધા પાસે બેસારી, કૃષ્ણે ખેડયો ખગજંન.
એક પ્હોરમાં પંખી પ્હોતા, અસુરે સાંભળી પંખ;
રીપૂહૃદય વીડારવા, શામળે તે ફુંક્યો શંખ.

વલણ.

શંખ ફુંક્યો શામળે, ઉછળ્યો સહસ્રપાણરે;
ત્રાસે નાસે લોક પુરના, પડયું બહૂ ભુંબાણરે.

કડવું ૩૫ મું—રાગ સારંગ.

શંખ શબ્દ વિષે કારણ, રીપૂ દળનું વીડારણ;
કૃષ્ણનું જાણ તે બાણને થયું, બાણપ્રાક્રમ તે ક્યાં ગયું.
અનીરૂધ કહે સુણ સુંદરી, શંખ વાગીયો આવ્યા હરી;
છુટયાં બંધન જાદવથકી, ગાજ્યા હળધર ને સાત્યકી.
બોલે પ્રધુમન મ્હોટે સ્વરે, બાણપાણ છેદાયા ખરે;
ગોવિંદ ગત્ય ન જાયે કળી, જાદવસેના આવીને મળી.
મંત્રી કહે સુણો અસુરેશ, દળ જાદવનું ચાંપે દેશ;
અનુચર આવ્યા ને લાવ્યા વાત, દળ દીસે છે અસંખ્યાત.
મંત્રીને કીધી નેત્રસમશાય, સૈન્ય તત્પર આપી આજ્ઞાય;
દુંદુભી નાનાવીધ ગડગડે, શસ્ત્ર ધરી વીર વાહન ચડે.

પાતાલના ભૂપ કહાડયા લખી, સેના ટોપ સજે જીવરખી ;
પાખર બખ્તર ઘુઘરમાળ, ટચકારે ઘોડા દે ફાળ.
મોરી દામણી ફુંમતડાં ફરકે, છાયા પોતાની દેખીને ભડકે;
ભલા અસ્વાર ઉપર લટકે, હીંસે હય હિંડે ને અટકે.
વાદળિયા વેગે નાચંત, છુટા પગ જેમ પાણીપંથ ;
કાબરા કાળા ને કલંકી, પંખાળા ઉડે છે અબલંકી.
કુમેદ લીલા ને પંચવરણા, ઉજવળ આરબી ઘોડા હરણા ;
પાધરા પવનવેગી ઘોડા, અશ્વાર બહુ જુધ્ધે જોડા.
સજળ વાદળ જેવા હાથી, તે ઉપર મોટા મારથી ;
રથપાળાઅશ્વાર અનંત, ધીર ધસે ને કરડે દંત.
પ્રચંડ પીઠ મ્હોટા પ્હાડ, સળકે જીભ લળકાવે હાડ ;
પૂર પોળે સેના નવ માય, હણો જાદવ કેહેતા જાય.
ટોળાં ઉપર ટોળાં આવે, પગને પ્રહારે ધરણી ધ્રુજાવે ;
રીસે અંતરમાં હડહડીયો, જુધ્ધે રાય બાણાસુર ચડીયો.
દશે દીશના માર્ગ બુરાયા, કોટી શંખ સાથે પૂરાયા ;
ઝટકયા ભૂજ બાણાસૂર મલ્લ, પૃથ્વી થાવા માંડી ઉથલ.
ગર્જના કીધી મહીપાળ, ખળભળીયાં સાત પાતાળ ;
બ્રહ્મલોક જઈ પ્હોંચ્યો નાદ, શ્રીકૃષ્ણને બાણે કીધો સાદ.
ખગારૂઢ આવ્યા છો ખપ કરી, નહીં જાવા દઊં કુશળે ફરી ;
ઉનમત્ત જાદવ ઉછંકળ, તમો દમો સંસાર સકળ.
કુંવારી કન્યાને કપટે વરો, ક્ષત્રી ખળનાં લક્ષણ કરો ;
સઘળે વાંકા થઇને ફરો, દરમાં સર્પ પેસે પાધરો.
કુડું કર્મ કીધું કુંવરે, શું આવ્યા છો તે ઉપરે ;
ત્યારે હસી બોલ્યા ભગવાન, અમો લઇ આવ્યા છું જાન.
જો વિધાત્રાએ કીધો સમંધ, વરકન્યાના છોડો બંધ ;
બાણને મન ચડીયો કાળ, સમંધ શાનોરે ગોવાળ.
એવી આપીશ પેરામણી, સઉને મોકલું જમપુરી ભણી ;
એમ બાણાસુર બોલ્યો વંક, શ્રીકૃષ્ણે સજ્યું સારંગ.
કડાઝુડ કટક બે થયાં, ઉઘાડાં આયુધ કરમાં ગ્રહ્યાં ;
નેજાં ફરકે ફરે તરવાર, દ્વંદ્વજુદ્ધ થયું તેણીવાર.

તોમર ત્રિશૂળ ધરયાં મૂશળ, ગાજ્યા હળધર કર ધરી હળ;
છપન કોટી જાદવ ગડગડીયા, દાનવ ઉપર તૂટી પડિયા.
માનવ દાનવદળ દળાય, દેખી બાણાસુર અકળાય;
બોલ્યો બાણ ધરી અભિમાન, કૃષ્ણતણું ઉતારૂં માન.
વાધ્યા જાદવ અસુર સમાન, બાણે ધરિયૂં શિવનૂં ધ્યાન
અગીયાર કોટીગણની સૈન્યાય, લઈ પધારયા શંકરરાય.
ભૂત પ્રેત ભૈરવ વૈતાળ, સપ્તજ્વર વ્યાધીને વ્યાળ;
શીકોતરી શાકણી સિંહારી, તે લઇને આવ્યા ત્રિપુરારી.
વાગે શીંગ ડમરૂ ને ડાક, ગાજ્યા હરીહર દઇને હાક;
વૃષભે ચડી આવ્યા બાણનાથ, જાદવસૈન્યાનો કરવા ઘાત.

વલણ.

હાક મારી શંકરે, કયાં ગયા કેશવરામરે;
ભટ પ્રેમાનંદ કહે કથા, હરીહરનો સંગ્રામરે.

કડવું ૩૯ મું–રાગ સામેરી.

આવ્યા જુદ્ધે તે શંકરરાયજી, સેવકની કરવા સહાયજી;
ભોળોનાથ ને શ્રી ભગવાનજી, દેખી રીઝયો અસુરરાજાનજી.

ઢાળ.

રાય રીઝયો અસૂરનો, તે શરણ શંકરને ગયો;
પાય લાગી પંચવદનને, સમાચાર સઘળો કહયો.
પુત્ર પ્રધુમનતણો, તેણે લગાડયું લાંછંન;
જમાત્ર પદવી ભોગવી, છાનૂં સેવ્યું ઓખાતું ભુવંન,
બંધને અનીરૂધ રાખ્યો, મને હણતાં તે દયા આવી;
એવા અપરાધ ઉપર આવ્યા, કૃષ્ણ કટકને ચડાવી.
વાત વિરોધની સાંભળી, શિવને તે ચઢીયો ક્રોધ;
જાઓ જાદવની સેના સંહારો, શીવે વકારયા જોધ.
શાકણી શીકોતરી સંચરી, ભક્ષ ભક્ષ વદતી વાચ;
જુદ્ધે ચાલ્યા ભૂત ભૈરવ, પ્રેત ને પીશાચ.
મહા સુભટ બળિયા પ્રાક્રમી, દ્વંદ્વજુદ્ધનું કરૂં શૂં વખાણ;
ગડગડીયા સાત્યકી હુંકારી, સન્મુખ મૂકે બાણ.

બાણાસુર બલીભદ્ર સામો, શંકર ને શ્રીકૃષ્ણ ;
સાત્યકી ને સ્વામીકાર્તીક, નંદી ને ચારૂદ્રષ્ટ.
કૃતવર્મા કૌભાંડ સામો, સાંબ ને ધુમ્રલોચંન ;
શોણીતાક્ષ ને સોમકેતૂ, ગણપતી ને પ્રધુમંન.
રથી સામા રથી આવ્યા, હસ્તી સામા હસ્તી ;
જાદવને શ્રીહરી હકારે, હણો શીવના ઉપસ્તી.
અસુર જાદવ મળ્યા એકઠા, સામેસામા ધીર ;
છપ્પંન કોટી ને બોતેર કોટી, વઢતાં પાડે વીર.
ભોગળે ભોગળ પડે ફરસી, ગુરજના ઝળકારા ;
ગગનમાં જેમ વીજળી ચમકે, તેમ ખડગતણા ચળકારા.
સાંગ લીધી પરીઘ ભાલા, ભોગલ ને ભીંડીમાળ ;
શૂર ચક્રથી ચૂર થાતા, વઢે વીર વિકાલ.
સરખા ને મહા સુભટ બળિયા, થયો રણસંહાર ;
હસ્ત ચરણ ને શ્રવણ નાસિકા, છેદે થાય હાહાકાર.
પ્રબળ માયા આસૂરી, થયો ઘોર અંધ:કાર ;
શૂર ચક્રે ચૂર થાતા, વહી શોણિતની ધાર.
અસ્તીચર્મ ને મેદકાદવ, જાદવ દૈત્ય દળાય ;
ક્ર્મ ચૂકી મામ મૂકી, કાયર પુરૂષ પળાય.
શોણિતમી સરીતા વહી, ભયાનક ભાસે ભોમ ;
પગપ્રહારે રૂધીર ઉડાડે, શૂં સાયર થાશે વ્યોમ.
કુતૂહલ દેખી દેવ કાંપ્યા, હવો તે હાહાકાર ;
બળભંગ ભુજંગ હવો, કેમ સેહેશે તે ભૂમીભાર.
નયણે નિરખી નવ શકે, શામ રૂધીરપ્રવાહ ;
જોગણીનું ભક્ષ ચાલ્યું, સુખી સીંચાણા થાય.
વ્યાઘ્ર સિંહ ને ભુત પ્રેતો, શીવ સેનાની વૃત્ય ;
સંતોષ પામી શાકીણી, કલ્લોલ કરતી કૃત્ય.
ઓખા અનીરૂધ કારણે, રોલાણા તે રાણીજાયા;
કુસુમસજ્જાએ પ્હોડતા, તે રૂધીરનદીએ તણાયા.
સાગરશું સંગમ મળ્યો, શોણિતની સરીતા વહી ;
અસ્તી ચર્મ ને માંસની, બે પાળ બંધન થઇ રહી.

માતંગ અંગ મસ્તકવીના, શું ગ્રાહ છે વિક્રાળ;
કુંભસ્થળ જાણે કાચબા, નરશીશકેશ શેવાળ.
ભાસે ભુજંગ નરકરો, મુખકમલ શું કમળ;
નેત્ર કચ્છ ને મુગટ બગલા, નરનાભ શું વમળ.
પ્રવાહે તણાયા રથ જાતા, શોભીતા શું વાહાણ;
દેખીને દારૂણ નદી, કોપે ચઢયા ત્રીશૂલપાણ.

વલણ.

ત્રીશૂલપાણી સોંઢીયા, વૃષભ હાંકયો ભુધર ભણી;
ભટ પ્રેમાનંદ કહે કથા, હવે કહું રાડ હરીહરતણી.

કડવું ૩૭ મું-રાગ સારંગ.

શંકર આવ્યા છે સંગ્રામે, ધરયું ચાપ તે સુંદરશ્યામે;
ગાજે ગરૂડે છેલછબીલો, હાંકે પોઠીયો હરજી હઠીલો.
કૃષ્ણે ચક્ર ચડાવ્યું ચાક, મૂકયું શંકરે પીનાક;
આવી મળ્યા બે ભગવાન, થયો સંસાર આંદૂલમાન.
વાગી હરીહરતણી હાક, પુરમાં રાંધ્યા રહ્યા છે પાક;
ચળ્યા વિધાત્રીના લેખ, ધ્રુજે ધરા ને સળકયો શેષ.
ફાટયું આકાશ ત્રુટયાં અભ્ર, પડયા ગર્ભવંતીના ગર્ભ;
કરી ચાપ તે મંડલાકાર, શીવે બાણ મુકયાં છે બાર.
જાદવસેના નાખી ઉરાડી, લઇ સમુદ્રમાંહી પાડી;
આવે બાણ તે મેઘની ધાર, કરે ભૂત પ્રેત પૂકાર.
તે પૂઠે મૂકયાં પંચવીશ, છેદ્યાં આવતાં શ્રીજુગદીશ;
શત સહસ્ત્રઅયુત લક્ષકોટ, વરસે બાણ તે દોટાદોટ.
છુટે બંધુક નાળ ને ગોળા, ફેરવે ક્રોધે ભિંડીમાળા;
સણસણતાં શર બહુ છુટે, તેણે કપોળ ભડના ફુટે.
વળગે ભૂત પ્રેત આવર્ણ, વઢે ચુડલ અવળે ચરણ;
મસ્તક શગડી ધીકધીકાવે, કિલકિલ કરતી ઉપર આવે.
હરખી શાકીણી ડાકણી સર્વ, આવ્યું જાણે ઉજાણીનું પર્વ;
ચુસે કંઠ ને ઘુંટડા ભરે, મુખે રૂધિરના રેલા ઉતરે.
કેટલી વારૂણીમાં થઇ મગ્ન, વસ્ત્રવોણી ફરે છે નગ્ન;
અહી ભમાવે જોદ્ધ ગમ્ય, જાદવસેના કીધી ભમ્મ.

કેટલીની તે આંખ્ય કપોળ, કોના મુખ જાણે મ્હોટી પોળ;
લંબરતની વિપરીત વાન, કોના ભુમીએ ભરાએ કાન.
જીભ સળકે સરપાકાર, મુખે કિલકિલ કરે ઉચ્ચાર;
ઘણા જાદવ ખાધા કરડી, નાઠી સેના તે મારગ મરડી.
ધાયા રાક્ષસ દેતા માર, જદુસૈન્યાએ ખાધીહાર;
છુટે દુર્ગ નાળ ને ગોળા, નાઠા જાદવ ટોળેટોળાં.
પ્રગટયો મ્હાદેવને વળી ખાર, વાળ્યો જાદવનો સંહાર;
વઢે ડાકિની શાકિણી સિંહારી, એમ કોપ્યા શ્રી ત્રિપુરારી.
નાઠું સેન દીઠું ચોપાસ, ત્યારે કોપ્યા શ્રી અવિનાશ;
હરિયે ચક્ષુ કીધી વક્ર, પછે મુકયું સુદર્શનચક્ર.
છેદ્યાં ડાકીણીશાકીણીનાં શીશ, રંડા નાસે ને પાડે ચીસ;
કોને ભાલા વાગ્યા ભચોભચ્ચ, કોઇનાં નાક છેદાયાં ટચ્ચ.
છેદ્યા હસ્ત શ્રવણ ને ચરણ, નઇણે ઉડે રૂધીરનાં ઝરણ;
ફરી જાદવ જુધ્ધે વળિયા, ઠામઠામથી આવીને મળીયા.
આવ્યા સામા જાદવ જંન, દેખી ખીજ્યા પંચવદંન;
મુકે શીવ અપરિમિત બાણ, ભલા સુભટ તજે છે પ્રાણ.
કૃષ્ણે મુકયું મોહાસ્ત્ર બાણ, મોહ પામ્યા પીનાકપાણ;
કીધું પોઠીયા ઉપર શયંન, સાંભળ પરીક્ષત રાજંન.
રણે કોપ્યો બળીનો બંધ, ધાયા ગણપતી ને વળી સ્કંધ,
મહા ક્રોધ અભ્યંતર આણી, ધાયા ધનુષવિખે શર તાણી.
ઘણી જાદવસેના મારી, ક્રોધથકી કો ન ઉગારી;
ધશ્યા રાક્ષસ કરતા માર, જાદવમાં થયો હાહાકાર.
ત્યારે ધાયો સાત્યકી શૂર, કીધી અસુરસેનાને ચૂર;
પ્રગટયું માયાતણું તીમીર, મંત્રે નીવારે તે જદુવીર.
છેદ્યાં કવચ ભાલા તે છેક, નાઠા અસુર મુકીને ટેક;
ગાજ્યો બાણાસુર ઉનમત્ત, તાણ્યાં ધનુષ તે પંચશત.
નાખે બાણ તે દાનવ દક્ષ, શત સહસ્ર અયુત ને લક્ષ;
નાઠી સૈન્યા તે ભડભડાટ, હસ્તી ચીસ પાડે ચડચડાટ.
પડે જાદવમાં બહુ ભંગ, ત્યારે કોપ્યા શ્રી સારંગ;
શામે આકરશ્યું સારંગ, બાણે ભેદ્યું તે બાણનૂં અંગ.

કૃષ્ણે છેદ્યો ધ્વજનો દંડ, રથ કીધો તે શતખંડ;
છેદ્યું છત્ર અતી અતોપ, કાપ્યાં કવચ આયુધ ને ટોપ.
બાણે પાડ્યો મસ્તકનો ટોપ, દેખી કૃષ્ણને ચડ્યો કોપ;
કીધા વાહન વીના વીર, ગતીભંગ થયા શરીર.
છેદવા માંડ્યા જ્યારે હાથ, આવી બાણાસુરની માત;
કોટરા એવું તેનું નામ, દેખી નગ્ન ને લાજ્યા શામ.
નવ મૂક્યું સુદરશંન, નાસી છુટ્યો બાણ રાજંન,
પાછો ક્રોધ કરી તે વાર, થયો જુદ્ધ કરવા તૈયાર.
રાયે ફરી કટક સજ કીધું, બાણે વઢવા દદામું દીધું;
જ્યાં ઉભા શ્યામ ને રામ, આવી કીધો મહા સંગ્રામ.
પછે માંડ્યું આસુરી કર્મ, વરસે માંસ રૂધીર ને ચર્મ;
ધાયો સમુદ્ર વાવે જેમ પર્વ, વરસે અસ્તી ઊપદ્રવ.
નાસે જાદવ બળીયા સર્વ, ભલા સુભટ તજે ગર્વ;
હલધર નાઠા મૂકી મામ, દૈત્યે દારૂણ કીધો સંગ્રામ.
નાખે કરદમ કાંટા સર્પ, વરસે શલ્યા દાનવ દર્પ;
પડ્યું જાદવમાં ભંગાણ, નાઠા હલધર લઇને પ્રાણ.
દાનવરાવ મૂકે દોટ, કોની ગ્રહીને મરડે કોટ;
એના ગ્રહી અફાળે શીશ, ખેદ પામ્યા શ્રી જુગદીશ.
ગરૂડ થયો છે ગતીભંગ, શલ્યાપ્રહારે ભાગ્યું અંગ;
રથવીણા કીધા રામ, મુકી મામ ને નાઠા કામ.
સુંદરસ્યામજી કીજે સહાય, જાદવ કરે છે ત્રાહ્ય ત્રાહ્ય;
દેખીને દેવ પામ્યા બીક, બાણે વાળી રૂધીરની નીક.
ખીજ્યા કૃષ્ણ ખેડ્યો ખગજંન, અતી ક્રોધ ચઢ્યો છે મંન;
ચક્ર લીધું છેદવા હાથ, કીધી ઇચ્છા તે વૈકુંઠનાથ.
એમ કોપ્યા શ્રી જદુનાથ, હવે છેદૂં બાણના હાથ;
મૂક્યું ચક્ર તે બીજીવાર, દૈત્યમાં થયો તે હાહાકાર.
નાઠો બાણ વાળીને મૂઠ, હરિયે ચક્ર તે મૂક્યું પૂઠ;
અંગોઅંગમાં લાગી જવાળ, જેમ છેદે કો વડની ડાળ.
એમ કપાય બાણના પાણ, ત્રાહ્ય ત્રાહ્ય વદે મુખ વાણ;
અંગે વહે શોણિતની ધાર, કાપ્યા કર બાણના તે વાર.

આવી બેઠું સુદરશંન, અકળાયો બાણુ રાજંન;
જેમ છેદે વૃક્ષની ડાળ, તેમ કર કાપ્યા ગોપાળ.
જેમ ઝુડે વૃક્ષને વંન, તેમ કર કીધા છેદંન;
પછે રાખ્યા કર ત્યાં ચાર, પડયો બાણુ તે ભુમીમોઝાર.
અંગે રૂધીર વહે વીવર્ણુ, જેમ પર્વતથી નીસરે ઝરણુ;
તો કરે શિવનૂં ધ્યાન, પ્રભુ રાખો સેવકનું માન.

વલણ.

બાણાસુર પૃથ્વી પડયો, પીડા પામ્યો પંડરે;
વળી સદાશીવ કોપે ચઢયા, કાંપ્યાં ચૌદ બ્રહ્માંડરે.

કડવું ૩૮ મું.–રાગ રામગ્રી.

જાગ્યોરે જોગી પુરણ ક્રોધજી, છેકતણાયા વાધ્યો વિરોધજી;
બાણુને લાવ્યો ઊચલી ક્રોમાંડજી, સેવક દીઠો માંસનો પીંડજી.

ચાલ.

પીંડ જાણે માંસનો, એવી દીઠી અસુરની કાય;
વિશ્વ પ્રલેની ઇચ્છા કીધી, ધનુષ ધરયું શીવરાય.
ક્રોધે ભાળી કરે કપાળી, તેં ટાળી મારી મરજાદ;
એ પણુ માહારૂં જે સરવ સંહારૂં, ઉતારૂં ઉનમાદ.
વૃષભ હાંકયો ને ગરૂડ તાકયો, મુખે બોલ્યો મેઘસ્વર;
મંત્ર ફૂંકયો ને કૃષ્ણુ ઢૂંકયો, મુકયો કાલજવર.
જાદવસૈન્યા થઇ આકળી, તાવે તે પીડયાં તંન;
કૃષ્ણે મુકયો એકાંતરો, તેણે ખીજ્યા પંચવદંન.
શીવે હંકારયો ટાહાડીઓ, વરસે જેમ હુતાશંન;
ત્રેઓ મુકયો ત્રીકમે, તેણે દમ્યા દાનવજંન.
પશુપાળે મુકયો પીતજવર, વાતજવર મુકયો લક્ષ્મીવર;
માહાદેવે પછે મુકયો, સઘઘાત કાળજવર.
લોહદંડ તેના હાથમાં છે, નેત્ર લોહીવરણુ;
ધસ્યો પણુ પાછો ખસ્યો, જોઈ અશરણુશરણુ.
કૃષ્ણે મુકયા જેટલા, તેણે રાખી શીવની લાજ;
સમજવર સ્તુતી કરે, તમો બન્યો છો માહારાજ.

જવરને વર હરીએ આપ્યો, હરીકથા ભાજે જેહ;
નીંદા કરે શીવજીતણી, પીડજો તેની દેહ.
ઓખાહરણ જે શાંભળે, અંતર આણી વાહાલ;
કષ્ટ હોએ જો જવરતણું, મુકજો તેનો ખ્યાલ.
પછે અગનાસ્ત્ર મુકયું શંકરે, પ્રગટયો તે હુતાશંન;
સૈન્યા દીઠી દાઝતી, હરીએ પ્રેર્યો પરજંન્ય.
બરસાતે વન્હી સમાવીઓ, થઇ દૈત્ય ઉપર વૃષ્ટ;
પવનાસ્ત્ર મુકયું શંકરે, ટાળ્યું અસુરતું કષ્ટ.
ધુળકોટ થઓ વાયુથી, રજે ભરાણાં જાદવચક્ષ;
સરપાસ્ત્ર મુકયું ત્રીકમે, તેણે વાયુ કીધો ભક્ષ.
સૈન્યા નાસે બાણની, પ્રગટયા તે સરપ અપાર;
પછે મહાદેવે ગરૂડાસ્ત્ર મુકયું, તેણે કીધો નાગસંહાર.
ખગે ચંચના પ્રહાર માંડયા, દમ્યા જાદવ શૂર;
કૃષ્ણે શલ્યા કોટ પ્રગટી, ગરૂડ કીધા ચૂર.
શંકરે વજ્રાસ્ત્ર મુકયું, પરવત કીધા શતખંડ;
ભુધરે બ્રહ્માસ્ત્ર મુકયું, ડોલ્યાં ત્રણ બ્રહ્માંડ.
માહાદેવે રૂદ્રરૂપ કીધું, બાળું સરવ સંસાર;
પશુપતાકા કાહાડીઊં, તારે હવો હાહાકાર.
ધ્રુજે ધ્રુવ ને મેરૂ ડગીઓ, ખલભલ્યાં પાતાળ;
સાગરે મરજાદ મુકી, ડોલ્યા દશ દીગપાળ.
શીવને ક્રોધે શેષ શળકયો, ડોલીઆ દીગ્ગજ;
ચંદ્ર સુરજ ઝાંખા થયા, આપદા પામ્યો અજ.
અષ્ટ પરવત ગળ્યા ભુમીએ, થઇ સૂકી વનસ્પતી સર્વ;
જક્ષ કીન્નર વીદ્યાધર કાંપ્યા, અપ્સરા ને ગંધર્વ.
ચુકયા તાપસ તાપથી, ધ્યાનથી ચુકયા ભગત;
ક્રોધજવાળા જોગેશ્વરની, બળે સંધું જગત.
ત્રૈલોકયમાં બુંબાણ વરત્યું, થાએ ગરભના પાત;
વાયુ રૂંધાયો વીશ્વનો, થઇ કોટી જીવની ઘાત.
કષ્ટ જાણી સૃષ્ટીનું, શ્રી વૈદરભીવલ્લભ;
બાણ મુકયું શજીવન, થયું જગત નવ પલ્લવ.

પુનરપી પ્રલે માંડીઓ, બીષ્ણુએ માંડયો વાદ;
મુનીવર અમર આવીઆ, તે કરે આરત નદ.
સૂરરાય ને શરસ્વતી, કરે છે વેદસ્તવન;
તોએ ક્રોધ મુકે નહી, પછે આવ્યા કમલાસન.

વલણ.

કમળભૂ અંતરીક્ષથી આવ્યા. ક્ષમા ક્ષમા એમ ઓચરે;
શુકદેવ કહે પરીક્ષતને, પછે બ્રહ્મા સ્તુતી કેવી કરે.

કડવું ૩૯ મું–રાગ કેદારો.

સ્તુતી કરે છે બ્રહ્માયરે, નમો નમો; હુંતો બેઉને લાગું પાયરે, નમો નમો.
છો ત્રીભોવનના તાતરે. નમો નમો; કાંઇ આરંભ્યો ઉતપાતરે, નમો નમો.
બ્રહ્મા જોડી ઉભા હાથરે, નમો નમો; જુદ્ધ મૂકી દો દીનાનાથરે, નમો નમો.
છો ગંગાધર પશુપાલરે, નમો નમો; તમો ગરૂડ ચડયા ગોપાળરે, નમો નમો.
જટાધારી ભસ્માધારરે. નમો નમો; મોર પીંછના ધરનારરે, નમો નમો.
ઉમીયાવર જોગેશરે, નમો નમો; મહાસિદ્ધ છો રૂપીકેશરે, નમો નમો.
જય પીનાકત્રિશૂલપાણીરે, નમો નમો; સારંગધર પુરૂષપુરાણીરે, નમો નમો.
તમે જગતપિતા કહેવાઓરે, નમો નમો; પ્રજાને કાં મૃત્યુ ઉપજાઓરે, નમો નમો.
સુખ આપી દુઃખ કોઇ નાપેરે, નમો નમો; ઉછેરી વૃક્ષ કોઇ ન કાપેરે, નમો નમો.
તેડી ઘરમાં નકીજે ઘાતરે, નમો નમો; સુધા કહિએ વિશ્વની વાતરે, નમો નમો.
છેહ ન દીજે લાડ લડાવીરે, નમો નમો; નવ નાખીએ ઉંચા ચડાવીરે, નમો નમો.
ન ઘટે સ્નેહ તમ તૂટેરે. નમો નમો; તો પ્રજાનું આયુશ ખુટેરે, નમો નમો.
ખીજે યુદ્ધ કરતા માતંગરે, નમો નમો; થાય દ્રૂમવેલીનો ભંગરે, નમો નમો.
સામા સાગર જુધ્ધે જાયરે, નમો નમો; તેથી જગત બાધું તણાયરે, નમો નમો.
કોપ માંડયો સદાશીવેરે, નમો નમો; તો પ્રજા કઇ પેરે જીવેરે, નમો, નમો.
આવી સ્તવે છે રૂપી સપ્તરે, નમો નમો; સ્વામી વિશ્વ થયું છે તપ્તરે, નમો નમો.
સ્તવે ભારતી રહી એક મંનરે, નમો નમો, ગુણ ગાય ચાર નીગંમરે, નમો નમો.
સ્તવે નાગ પામ્યા છે કષ્ટરે, નમો નમો; સ્તવે શીવને પરવત અષ્ટરે, નમો નમો.
નમે તાપસ ને સન્યાશીરે, નમો નમો; સ્તવે સહસ્ર રૂપી અઠયાશીરે, નમો નમો.
નમે દૈત્ય થયા કાયરરે, નમો નમો; કરે સ્તુતી સાત સાયરરે, નમો નમો.
એ મસ્તી સરવે કીધીરે, નમો નમો; ન મૂકે શીવે વાત લીધીરે, નમો નમો.
હાકી ઉઠયા કૃષ્ણને હરરે, નમો નમો; ક્રોધપૂરીત કમળા વરરે, નમો નમો.

ક્રોધદ્રષ્ટી અન્યોઅન્યરે, નમો નમો; વ્યાપ્યો કાળ બન્યો ને મનરે, નમો નમો.
શીવે વાદ વિપરીત માંડયોરે, નમોનમો; એઉએ ભાર બ્રહ્માજીનો છાંડયોરે, નમો નમો.
ચેત વનવાસી ગોવાળરે, નમો નમો; હૂં પ્રીછૂંછૂં પશૂપાળરે, નમો નમો.
કામ બહુ શામાના સંજોગીરે, નમો નમો; ખરા ભિલડીકેરા ભોગીરે, નમો નમો.
સ્ત્રીહત્યાએ દેહ થઇ કાળીરે, નમો નમો; શૂં કેવડાવો છો કપાળીરે, નમો નમો.
હો નિરદય મામાના મારણરે, નમો નમો; હો સ્વસુરના સંહારણરે, નમો નમો.
તેં જાચી રૂષીની નારીરે, નમો નમો; ખરા જનમતણા ભીખારીરે, નમો નમો.
ગયો જનમ ઓઢતાં કાંબળીરે, નમો નમો; કઈ કથા રૂડીન સાંભળી, નમો નમો.
હો બળિના દ્વારપાળરે, નમો નમો; છો બાણનગરરખેવાળરે, નમો નમો.
એવૂં કેહેતાં શીવ ક્રોધ્યારે, નમો નમો; ગયા હાડ બન્યો જુધ્ધે બાધ્યારે, નમો નમો.

વલણ.

બાધ્યા બન્યો મરજાદ મૂકી, જગત પ્રલે થાયરે;
વાહન મૂકી ધસ્યા બન્યો, મધ્યે પડયા અંબ્રાયરે.

કડવું ૪૦ મું.-રાગ કેદારો.

ફરી સ્તુતી બ્રહ્મા કરે, નમો નમો; વિનયવાયક ઓચરે. નમો નમો.
જય જય ત્રીભૂવનરાયરે, નમો નમો; શીર તમને નમૂંછૂં પાયરે, નમો નમો.
જે જે વૈકુંઠરાયરે, નમો નમો; જે જે પતી કઈલાસરે, નમો નમો.
જે જે દેવ મુરારીરે, નમો નમો; જે જે ત્રીપુરારીરે, નમો નમો.
જે જે ત્રીગુણાતીતરે, નમો નમો; જે જે ઇંદ્રજીતરે, નમો નમો.
જે જે ગરૂડારૂઢરે, નમો નમો; જે જે વહાન પશૂ પ્રૌઢરે, નમો નમો.
જે જે કમળાવરરે, નમો નમો; જે જે ઉમયાધરરે, નમો નમો.
જે જે કોટી મદનરે, નમો નમો; જે જે પંચવદનરે, નમો નમો.
જે જે પીતાંબરરે, નમો નમો; જે જે વાઘાંબરરે, નમો નમો.
જે જે રૂપે ચીતચોરરે, નમો નમો; જે જે કર્પૂરગૌરરે, નમો નમો.
જે જે પરાતપરરે, નમો નમો; જે જે દીગાંબરરે, નમો નમો.
પ્રભૂ પરમેશ્વરરે, નમો નમો; જે જે જોગેશ્વરરે, નમો નમો.
જે જે પતી વઇકુંઠરે, નમો નમો; જે જે નીલકંઠરે, નમો નમો.
જે જે ટાલો જગના તાપરે, નમો નમો; જે જે ઉતારો બેઉ આપરે, નમો નમો.
જેજે સ્તવે ચતુરમૂખરે, નમો નમો; ત્યારે શીવે નાખ્યું ધનૂષરે, નમો નમો.
જે જે અશરણશરણરે, નમો નમો; જે જે ઉતારયા ઘણરે, નમો નમો.

જે જે આદી અંતરે, નમો નમો; જે જે ભોળા બળવંતરે, નમો નમો.
દીન વચન બ્રહ્માએ ભાંખ્યાંરે, નમો નમો; ત્યારે ધનુષ બંનોએ નાંખ્યાંરે, નમોનમો.
વઢતા હરીહર ભેટાડયારે, નમો નમો; પડીયા જોદ્ધા ફરીને ઉઠાડયારે, નમોનમો.
પછી તેડયો બાણાસુર રાયરે, નમો નમો; તે તો નમ્યો હરીને પાયરે, નમો નમો.

વલણ.

સંસાર આનંદ પામીયો, પ્રસન્ન થયા બ્રંહ્માયરે,
વિપ્ર પ્રેમાનંદ કહે કથા, હવે વીવાહ કેઇ પેરે થાયરે.

કડવું ૪૧ મું–રાગ સારંગ.

વળી શુકજી વદેરે વચંન, સાંભળ પરીક્ષિત રાજંન.
બ્રહ્માએ હરીહરને ભેટાડયા, પડ્યા જોદ્ધા તે ફરીને ઉઠાડયા.
તમો બંન્યો કરો એવાં કામ, તો પૃથ્વીનો કુણ ઠામ.
ઇંદ્રે કીધો અમૃત પરજંન, ઉઠયા જોદ્ધા તે નવજોબંન.
છુટયું બંધન અનીરૂધ મળીયા, ઘણા દીવસના વીજોગ ટળીયા.
બાણાસૂર તે પાએ નમીયો, હાથ કાપ્યા તે દૂખ સમીયો.
જવર પ્રગટયા હુતા જે સાત, બ્રહ્મા પ્રત્યે કહે છે વાત.
જવરે બ્રહ્મા પ્રત્યે કહ્યું, સ્વામી આગ્ના આપો ત્યાં રહૂં.
બ્રહ્માજી કહે છે વાણી, તમે રહેજો જગતમાં જાણી.
અરધા મનુષદેહને દ્વાર, અરધા વનસ્પતી મોઝાર.
ત્યાં રેહેજો તમારો વાસ, એમ જવરની પુરી આશ.
ઓખાહરણ સૂણે ધરી ભાવ, તેનો જાય અજીરણ તાવ.
શુકદેવ કહે સુણ રાય, હરીહરતણો સમુદાય.
કહે હરીને તેડાવા જાન, વિધીએ આપું કન્યાદાન.
આપી આગ્ના શ્રી કૃષ્ણે આવી, જાદવને લાવો સમજાવી.
અક્રૂર સાત્યકી બન્યો ગયા, જાદવ કુટુંબ સહૂ લાવીયા.
હીંડે જાદવરાણી મોડામોડ, ટોળે થાતી તે છપ્પન કોડ.
રાય લખી લખી પત્ર તેડાવે, ઠામઠામથી સહુકો આવે.
રાયે રચના કીધી સારી, લીંપ્યો મંડપ કનકની ગારી.
હેમગિરી વિંધ્યાચળ બોલાવ્યા, ઉદયાચળ અસ્તાચળ આવ્યા.
ત્રિકુટાચળ મેરૂ મૈનાક, ગંધમાદનગિરિ ચક્રવાક.
અજમેળ ગીરી સુશીળ શૃંગ, બ્રહ્મગીરી નતાલ અભંગ.

માગ્યા ગુંગ્યા સ્હેરમાં ભેર, ઘડ માદવગીરીશા લ્હેર.
દેવગીરી કનકાચળ પધરાવ્યા, અષ્ટકૂળ પરવત ત્યાં આવ્યા.
આવ્યા દેવ કોટી તેત્રીશ, રૂષી સરવે દે આશીશ.
નવકુળ તેડાવ્યા નાગ, આવ્યા મોટા રાય સુહાગ.
તેડયા રાજકુળ છત્રીશ, જાચકજન આવ્યા બહુ દીશ.
અનીરૂધને પીઠી ચોળાય, શુભ નારીયો મંગળ ગાય.
પીઠી ચડાવો પટરાણી, જાદવસ્ત્રીયો ગાએ સાધૂ વાણી.
પંચ શબ્દ દુંદુભીનાદ, વાજે વાજીત્ર શોભા વાદ.
જોવા ત્રિભૂવનથી સહુ આવ્યા, રાય બાણને મન ઘણૂં ભાવ્યા.
બાણ ઉતારે ઉતરાવે, કૃષ્ણજી ગ્રહશાંતિક કરાવે.
વિવાહ મંગળની રચનાય, સજાઈ વરઘોડાની થાય.

વલણ.

વરઘોડો ચઢે અનીરૂધનો, જાદવ તતપર થાયરે,
બાણાસુરને માંડવે, જાદવ રાણી ગીત ગાયરે.

કડવું ૪૨ મું—રાગ દેશ.

આદિતની ઘરૂણી, હાંરે તમે નિદ્રામાં પોઢો ;
અનીરૂધને તેલ સીંચારો કે, રાંદલ જાગવોરે.
બ્રહ્માની ઘરૂણી, હાંરે તમે નિદ્રામાં પોહોડો ;
અનીરૂધને તેલ સીંચારો કે, સાવિત્રીને જાગવોરે.
ચંદ્રમાની ઘરૂણી, હાંરે તમે નિદ્રામાં પોહોડો ;
જીયાવરને તેલ સીંચારો કે, રોહીણીને જાગવોરે.
શ્રી કૃષ્ણની ઘરૂણી, હાંરે તમે નિદ્રામાં પોહોડો ;
અનીરૂધને તેલ સીંચારો કે, લક્ષ્મીને જાગવોરે.
પ્રધુમનની ઘરૂણી, હાંરે તમે નિદ્રામાં પોહોડો ;
અનીરૂધને તેલ સીંચારો કે, રતી વહુને જાગવોરે.
મહાદેવની ઘરૂણી, હાંરે તમે નિદ્રામાં પોહોડો ;
ઓખાને તેલ સીંચારો કે, ઉમયાને જાગવોરે.
ગણપતીની ઘરૂણી, હાંરે તમે નિદ્રામાં પોહોડો ;
ઓખાને તેલ સીંચારોકે, સુધબુધને જાગવોરે.

બાણાસુરની પરણી, હાંરે તમે નિદ્રામાંહે પોહોડો ;
ઓખાને તેલ સીંચારો કે, બાણુમતી જાગવોરે.

વલણ.

તેલ ચંપેલ ચડાવો સજની, સરવે મળીને આવો ;
નિદ્રામાંથી જાગૃત થઇને, ગીત મધુરાં ગાઓ.

રાગ ધોળ.

પીઠી ચોળો પીઠી ચોળો પટરાણીરે, મગદળો મગદળો હો રાણીરે ;
પગ ધુવો પગ ધુવો વરની ભાભીરે, ઓખાજી તો રેહેજો અખંડ સોહાગીરે.
ચંદન ચરચ્યાં છે અપારરે, ભૂષણ પેરાવ્યાં છે સારરે.
વર તો વરઘોડે ચડીયારે, અશ્વ અનુપને હીરા જડયારે.
તેના તેજતણો નહી પારરે, ત્યાં તો નિરખે છે નરનારરે.
નિરખી નિરખી દીએ છે આશીશરે, જીયાવર જીવજો ક્રોડ વરીશરે.

કડવું ૪૨ મું–રાગ ધન્યાશ્રી.

વળી તે બ્હિવા માંડીયો ને, જીત્યા જાદવરાય ;
રૂકમણી મન આનંદ ઘણોરે, ત્યાં તો માનુની મંગળ ગાય. અનીરૂધજીની ઘોડલી.
સજન સહૂ ટોળે મળ્યા ને, સુરિનર મળ્યા છે અપાર ;
પાનનાં આપ્યાં બીડલાં, તેપર શ્રીફળ ફોફળ સાર. અનીરૂધજીની.
ચુવા ચંદન છાંટણાંરે, કેસર કુમકુમ સાર ;
ભાટ બંદીજન બહુ મળ્યા, તે તો બોલે છે જયજયકાર. અનીરૂધજીની.
વાજીંત્ર વાગે અતીઘણાં ને, માંહી ભેરીનો નાદ ;
ઢોલ દદામા ગડગડેરે, ત્યાં તો શરણાઇએ લીધો વાદ. અનીરૂધજીની.
અપ્સરા નાચે ઇંદ્રની, માંહી નારદ તુંબરૂ ગાય ;
મધુરીસી વીણા વાજતી, એનો આનંદ ઓછવ થાય. અનીરૂધજીની.
સાબેલા સરવે શોભતા ને, અસ્વાર થયા વરરાય ;
થનગન તેજી નચાવતારે, એવા સુરનર અતી હરખાય. અનીરૂધજીની.
શોણીતપૂર પાટણ ભલૂંરે, ફુલડે સોહાવી વાટ ;
અનીરૂધ વરઘોડે ચઢયારે, ત્યાં શેરીએ સોહાવ્યાં હાટ. અનીરૂધજીની.
ચંચળ ચાલે ચાલતી ને, રંગે રાતે વાન ;
મખીઅરડે મોતી જડયાંરે, ઘોડીનું પંચકલ્યાણી નામ. અનીરૂધજીની.

પક્ષાણ પરવાળીતણાં ને, નંગ પીરોજાં સાર;
રતનજડિત્ર એ પિંગડાંરે, તેની ઝગમગ જ્યોત અપાર. અનીરૂધજીની.
ઘાટ તે પેહેરયો શોભતો ને, નામણ દીવો હાથ;
મોડબાંધ્યો રાણી રૂકમણીરે, જેને શ્રીકૃષ્ણ સરખા નાથ. અનીરૂધજીની.
છત્ર ચમર ને વાવટારે, દીવાનો નહીં પાર;
પુઠે તે આવે જાનરડીરે, તે તો મંગલ ગાતી નાર. અનીરૂધજીની.
વર વેહેલા થઇ તોરણ ચડયારે, સાળો છાંટે નીર;
તેને મનવાંછીત આપીયુંરે, પછે બાજઠે ઉભા વીર. અનીરૂધજીની.
સાસૂ આવી સજ થઇરે, પોહોતી મનની આશ;
ઓખાને અનીરૂધ પરણશેરે, ગુણ ધાય પ્રેમાનંદદાસ. અનીરૂધજીની.

કડવું ૪૩ મું.–રાગ ત્રીતાળી ચોપાઈ.

અનીરૂધ ત્યાં મંડપે આવ્યા, બાણાસુરને મન ઘણું ભાવ્યા.
મુખથી બોલ્યા અમૃત વાણી, પૂંછે પારવતી પટરાણી.
મુંશળ મૂશલ રવાઇ ને ત્રાક, પૂંખી તાણ્યું જીયાવરનું નાક.

બિભાસ.

મુંસળે મા પૂંખીશ ઉમયા, મુંસળે વૃષભનૂં જોતરૂંરે;
મૂંસળે મા પૂંખીશ ઉમયા, મૂંસળે અમૃત ખાંડણુંરે.
રવાઇએ મા પૂંખીશ ઉમયા, રવાઇયે મહિનું વલોવણુંરે;
તરાકે મા પૂંખીશ ઉમયા, તરાક એ વિશ્વનું ઢાંકણુંરે.
સરૈયે મા પૂંખીશ ઉમયા, સરૈયા વૃષભનૂં ચારણુંરે;
ઇંડી પીંડીએ માં પૂંખીશ ઉમયા, ઇંડી પીંડી એ ઉંદર નાખણુંરે.

રાગ ત્રીતાળ ચોપાઈ.

કોતી નાખી છે ઇંડી પિંડી, ઉમયા હરખે હરખે હીંડી;
ગળે ઘાટ ઘાલીને તાણ્યા, જીયાવરને માયરાંમાં આણ્યા.
આડા અંતરપટ ધરાય, હસ્તે હસ્તમેલાપક થાય;
જોશી કહે છે સાવધાન, ગર્ગાચારને દે અતી માન.
સહૂ મળી ત્યાં મંગળ ગાય, એવા આનંદ ઓછવ થાય;
આવી બેઠા મોટા રાજાન, બાણાસૂર તે દે ઘણું માન.

વલણ.

કોડ પોંહોંતાં મનતણાં, પ્રેમે આપ્યાં પાનરે;
વરવહુ આવ્યાં ચોરીયે, દે બાણ કન્યાદાનરે.

કડવું ૪૪ મું.–રાગ ધન્યાશ્રી.

સુર અસૂર તો આવી મળ્યા, મનમાં તે આનંદ ભર;
બાણુરાય ને પ્રદ્યુમન, કરવા બેઠો મધુપર્ક.
હરીહર સભામાં બેઠા, સુર તે તેત્રીશ ક્રોડ;
અવર રાણા ને રાયજી, સરખા તે સરખી જોડ.
વાજીત્ર વાગે અતી ઘણાં ને, બંદીજન કહે શૂભ કૃત્ય;
રાગ રંગ થઈકાર થાય છે, કરે અપ્સરા નૃત્ય.
શુક્રાચાર્ય કહે બાણુરાયને, દ્યોને કન્યાદાન;
આ દીવસ નહીં આવે ફરી, સાનીધ્ય શ્રી ભગવાન.
બાણુરાય કહે શીઘ્ર મંગાવૂં, જે જોઈએ તે આજ;
કન્યાદાન દઉં કોડથી, અનીરૂધને શ્રી મહારાજ.
જળપાત્ર કુમકુમ દધી દુરવા, શ્રીફળ ફોફળ જેહ;
કનકપાત્ર કર ગ્રહીને, રાણીજી લાવ્યાં તેહ.
વેદમંત્ર ઉચ્ચારથી, કરે પૂજા તતખેવ;
પૂજાપો વિધવિધ ચડાવે, ભણીને રૂષી દેવ.
કર અંજલી લેઇને, પછે બોલીયો રાયબાણ;
કન્યાદાન લીયો અનીરૂધજી, જોડું છું બે પાણ.
અનીરૂધ કર આગળ કરે, મનમાં અતી ઉલ્હાસ;
ઓખા અનીરૂધ રાજી થયાં, કીધું નેત્રમાં હાસ્ય.
સુતાનો સંકલ્પ કરીને, હરખ્યો રાયબાણ;
તે દાનની દક્ષણા પછી, આપીયાં કોટિક દાન.
ગજ અશ્વ ને ભૂમી દાસી, કનકપાત્ર અનેક;
શુકદેવ કહે પરીક્ષતને, કહેતાં ન આવે છેક.

કડવું ૪૫ મું.–રાગ ત્રિતાલી ચોપાઈ.

મંગળફેરા ત્યાંરે ફરાય, મળી માનુની મંગળ ગાય;
હર્ષ ધરે બાણ મનમાંય, સાનીધ્ય શ્રી વૈકુંઠરાય.

પેહેરે મંગળે ત્યાં સાર, આપ્યા રથ સહીત તોખાર.
બીજે ધેનૂ આપી અપાર, ત્રીજે કુંજરકેરી લ્હાર.
ચોથે કુંચી સહીત ભંડાર, આપી કીધો છે નમસ્કાર.
બાણાસુર બોલ્યો મુખ વાણ, સંપુષ્ટ કરી બે પાણ.
હું તો સેવિશ તમારાં ચર્ણ, શૂધ રાખજો અંતસ્કર્ણ.
એમ રાયે કન્યાદાન દીધું, વિવ્હાકર્મ સંપૂર્ણ કીધું.
હરીનો કોઇ ન જાણે પાર, બંન્યો કીધાં સ્ત્રી ભરથાર.

વલણ.

કારજ પૂરણ મંગળ વરત્યાં, જોવા મળ્યો સંસારરે ;
ચોરીમાં દંપતી બંનો, આરોગે કંસારરે.

કડવું ૪૬ મું.—રાગ બોભાસ.

કંસાર જમો જમોરે જમાઇ, તારી રૂડી દીસે છે કમાઈ.
છોરા તૂંતો કાલો ને કળીયો, છોરા તૂંતો શીંગોમાંથી સળીયો.
છોરા તૂંતો નખ જેવડો ન્હાનો, કેમ આવ્યો છૈયા છાનો.
મારી ભોળી ઓખા બેન, તારાં ચોરતણાં છે ચેન.
મારી કન્યા ન જાણે કાંઇ, તેને કપટે કીધુ તેં સાંઇ.
છઇયા છત્રપતીએ ઝાલ્યો, કેવો કારાગ્રહમાં ઘાલ્યો.
તારા બાપનો બાપ તેડાવ્યો, તેણે પગે લાગીને છોડાવ્યો.
તારી કમળા માતની ધાડી, તૂંને નવ દેખાડે ધીની વ્હાડી.
તારો પીતા જે છે કામ, તેનૂં ચંચળ ચીત નહીં ઠામ.
શામરામે શૂં લડાવ્યાં લાડ, જેણે ખાધું અંન ભરવાડ.
અમને દાનવને માનવ જોતાં ખામી, નીચ વરે ઉંચ કન્યા પામી.
તારો વંશ તો કીયો કામ, તેણે લજાવ્યૂં બાણાસુરનૂં નામ.
ક્યાંથી પેંઠો તૂં ખંખોળી, તેં તો છેતરી ઓખા ભોળી.
તારા પુણ્યતણો નહીં પાર, રાજપુત્રી પામ્યો પીંડાર.
રૂડી વહૂ પામ્યો તૂં રાય, એક વાર અમ આગળ નાચ.
એમ રામા કરે બહુ રીત, અન્યોઅન્ય ગાય છે ગીત,,
વળતી દેવકન્યા ગાય વરણી, તે તો કેશવની જાંદરણી,
તમે લાંબી શું લૂલી હલાવો, રૂપે ભુંડણુ સરખી ભાવો.
અમારો અનીરૂધ તીખો મરી તો સ્વપનામાં ગયો વરી.

કન્યાને મન એ વર ભાવ્યો, તેણે આદર દઇને તેડાવ્યો.
વરવહુ બન્યો એકઠાં મળીયાં, બાણાસુરના તે હઇડાં દળીયાં.
તેણે કિધો એ ઉપર કોપ, ભાગ્યાં કવચ ને વળી ટોપ.
શું થયૂં સિંહસૂતને સાહ્યા, હરીહળધર કેવા ધાયા.
અમારા શામરામ જ્યારે રૂઠયા, ત્યારે વેવાઇ કીધા ઠૂંઠા.
રણમાં રઝળ્યા રાણાના અંગૂઠા, છોડી આપીને જીવતા છુટયા.
મ્હો મારીને કન્યા લીધી, ઘર વસાવ્વા વહૂઅર કીધી.
એમ ગીત ગાય છે વરણી, વરકન્યા તે ઉઠયાં પરણી.
રૂષી સહસ્ર અઠયાશી ધીશ, દે છે વધુવરને આશીશ.
માગણ ઉચીત પામ્યા દાન, સહુને સંતોષે ભગવાન.
અતી આનંદ ઓછવ થાય, નારી ગીત અનૂપમ ગાય.

વલણ.

ઘર વસાવા વહૂઅર કીધી, ઘેર જાશૂં આનંદરે ;
પરસ્પર વિનોદની વારતા, કહે ભટ પ્રેમાનંદરે.

કડવું ૪૭ મું-રાગ રામગ્રી.

સાંભળો પરીક્ષત રાયજી, કંસાર પૂરશો થાળી માંહજી ;
ઘૃતખાંડ નાખી લાવીજી, રાણી માહરાં મધ્યે આવીજી.

ઢાળ.

કંસાર રીતે ને પરમ પ્રીતે, આરોગે નરનાર ;
સ્વજન નરખે ને મન હરખે, ઉલટ અંગ અપાર.
જાદવ સઘળા જાનઇયા, માનીયા જેમ દેવ ;
તેલમર્દન અંગ મંજન, કરેછે સેવક સેવ.
ખાનપાન ભક્ષ ભોજન, નાનાવિધ પકવાન ;
જાનને ઘણું માન દીધું, રીઝવ્યા ભગવાન.
ઘુઘરા ઘમકે ઢોલ ઢમકે, થાય છે સંગીત ગાન ;
અપ્સરા નાચે ને રાય રાચે, જાચક પામે દાન.
હાથા તોરણ બારણે, કેસર અંગ ઢોળાય ;
ભાત્યભાત્યના સુગંધાદિક, અંગલેપન થાય.
મંડપશોભા માહામનોહર, વિધવિધ પેરનાં કામ ;
કહે કવીતા શૂં વખાણું, દીઠે પ્હોચે હામ.

શ્રીકૃષ્ણ શીવ સભા મધ્ય બેઠા; જાદવ છપ્પન કોડ;
અનીરૂધ ઓખા બીરાજતાં, જાણે માલતી ચંપક જોડ.
શ્રી કૃષ્ણ જાદવ વદે વાણી, સાંભળો બાણરાય;
પેરામણી પ્રધુમનને કરીને, જાનને કરો વીદાય.
વીદાય આપો રાય અમને, થાય છે બહૂ દીન;
બાણાસુર કહે વેગે કરીને, આજ્ઞા દેશૂં સ્વામીન.
ચર્ણરેણુ હું તમારો, મ્હારો શો અધીકાર;
જે જોઇએ તે લખાવો, હૂં આપી કરૂં નમસ્કાર.

કડવું ૪૮ મું—રાગ ધન્યાશ્રી.

સાત્યકી કહે છે લખો કાગળમાં, એક લાખ માતંગ; રાયજી.
સાજસંગાથે પાણીપંથા, પંચ લાખ તુરંગ; રાયજી.
રથ પટકૂળ પામરી સુરભી, ઘટે જે રોકારોક; રાયજી;
મન ઇચ્છું અમે માગીને લીજે, ન રહે મનમાં શોક; રાયજી.
છપ્પન કરોડ જાદવને કાજે, આયુધ સહીત સણગાર; રાયજી;
જાદવજુવતી જે કોઇ ઘેર છે, તેને પટકૂળ સાર; રાયજી.
દેવકી રૂકમણી રોહણી રેવતીને, આપો સોળ સણગાર; રાયજી;
સુભદ્રાને ચીર પાંચ વરણું, વળી સોળે સણગાર; રાયજી.
અનેક ગામ ને દેશજ આપો, તો હાથ ધરે શ્રીરામ; રાયજી;
લક્ષ ગામ ચાર દેશ આપીને, કરો પ્રભૂને પ્રણામ; રાયજી.
રોક જોઇએ તો સોનૂં રૂપું, બલીભદ્રને પૂછો તેહ; રાયજી;
પ્રધુમન વિચાઈ તમારો, મનગમતી વસ્તુ જેહ; રાયજી.
ઘણું અમે શૂં લખાવિયે રાણા, સગપણ સાંધ્યાં હાડ; રાયજી;
જમાઈ જે માગે તે આપો, તેમાં અમને શો પાડ; રાયજી.
ભુરશી દક્ષણા બ્રાહ્મણને આપો, તેનો અહીં શો આંક; રાયજી;
જનજાચકને સહૂકોઇ આપે, જે હોય દરિદ્રી રાંક; રાયજી.
રીતભાત્ય સાત્યકીએ લખાવી, તે સરવે આપી બાણ રાએ; રાયજી;
કર જોડીને ઉભો સનમૂખ, શ્રીકૃષ્ણને નમ્યો પાય; શુંજી.

વલણ.

પાય નમ્યો પરીબ્રહ્મને, આનંદ અંગ ન માયરે;
છપ્પન કોડને પેરામણી કરી, પૂજ્યા ત્રિભુવનરાયરે.

ત્રિભુવનપતી સંતોષીયા, આપ્યાં વસ્ત્ર વાહનરે;
પુત્રી આપી પાયે લાગ્યો, કીધી સ્તુતી સ્તવનરે.

કડવું ૪૯ મું.—રાગ ધન્યાશ્રી.

પુત્રી પધારોરે, સૌભાગ્ય સાસરે, ભાગ્ય તમારૂંરે, તૂળના કુણ કરે;
અમે અપરાધી બહૂ, અવગુણ ભરયાં, પુત્રી તમનેરે, અતી દુખીયાં કરયાં.

રાગ બીભાસની.

દુઃખ પામી દીકરી તે, મહુ લગી કેમ વીસરે;
માતપિતા વેરી થયાં તારાં, મનની ખટપટ કેમ નીસરે.
બાઇ બાપે તુને બંધનમાં રાખી, દુખ વેઠયું બહુ દીકરી;
મોટું ઘરકુળ પામી તે તો, તૂં તારે ભાગ્યે કરી.
ઉગ્ર પુણ્યે ઓખાબાઇ તમો, પામ્યા અનીરૂધ નાથને;
તે સુખ આગળ દુઃખ વીસારયું, જોખમ બાણના હાથને.
શિક્ષા દઊં તને દીકરી, મ્હારી તારી લાજ વધારજે;
જો પ્રીતે પીયુ આજ્ઞા આપે, તો પિયરભણી પધારજે.
ઉગ્રસેન હળધર પ્રધુમન, વાસુદેવ ત્રીભુવન ધણી;
સ્વસુર પક્ષમાં સર્વ કુટુંબની, સેવા ભકતી કરજો ઘણી.
રૂકમણી જાંબુવતી ને રેવતી, સત્યભામા જે સુંદરી;
જક્ષકરમા કાળી વૃંદા, અષ્ટ પટરાણી ખરી.
રતી રંભાવતી દેવકી, માયાવતી સતી રેવતી;
રખે દીકરી આળસ કરતી, તું ચરણ તેનાં સેવતી.
રૂડી ભુંડી વાત સાંભળિ હોય, કોઇ આગળ નવ ચેહેરીયે;
ઉઘાડા કેશ ન મૂકીએ, ઘણું ઝીણું વસ્ત્ર ન પ્હેરીએ.
કામ ઘરનાં બતાવ્યાં કરિયે, ન કરીયે કાંઈ અરૂંપરૂં;
પૂછયા પૂછે સૂક્ષ્મ સાદે, બોલીએ જાઇને ખરૂં.
પાત્ર પગે નવ ઠેશીયે, ક્ષમા રાખીએ બહુ ઉદરે;
આઘું ઓઢી ચાલીએ, રાખીએ દૃષ્ટિ ભૂમીપરે.
સંતાપ સાસરે ન કીજીએ, પીયરને ન વખાણીએ;
લક્ષ દુઃખ હોય સાસરે, પણ સ્વામીને ન જણાવિયે.
દાસી માણસનો સંગ ન કીજે, નીચને મળે માઠું સહી;
સાસુ રીસ કરે ઘણી, પણ સામો બોલ કહિયે નહિ.

સાસૂ નણંદ ને જેઠાણીની, સેવા ભકતી કરજો ઘણી;
પરઘેર નિત્ય જઇએ નહીં, ગયે હલકાઈ થાએ આપણી.
મ્હોટે સ્વરે હસીએ નહીં, કોઇ સાથે તાળી નવ દીજીએ;
ઉભાં રહી ઉઘાડે માથે, પુત્રી પાણી નવ પીજીએ.
ભરથાર પેહેલું જમીએ નહીં, બાઇ ઉચીષ્ટ જમીએ નાથનું;
તુંકારીએ નહીં સેવક આદે, મન રાખીએ સર્વ સાથનું.
માતપિતા ને ભ્રાત ભગની, પીયરસુખ ન સંભારીએ;
આવો બેસો જીજી કહીને, કુળની લાજ વધારીએ.
સહુને ગમતૂં બોલીએ, બાઇ અહંકાર કરીએ નહીં;
હસતૂં વદન નિત્ય રાખીએ, સુખ દુઃખ સમાન ગણીએ સહી.
દિવસે ન સુઇએ દીકરી, બેહેન વચન પિયુનું પાળીએ;
સાસુજી જ્યારે સાદ કરે, ત્યારે જીજી કરી ઉત્તર આલીએ.
સ્વસુર જેઠાણીની લાજ કીજે, ન બોલીએ ઊંચે સ્વરે;
એમ ઘણી શીક્ષા દઇ માતા, પુત્રીને વીદાય કરે.

વલણ.

વીદાય કરે પુત્રીને, ધન વસ્ત્ર દઇ અપારરે;
માતપિતા વળાવવા આવ્યાં, સાથે કુટંબપરીવારરે.

કડવું ૫૦ મું—રાગ સન્યાસી.

બાણાસુર મળી ઘેર જાયરે, સહૂ સોવાસણ ગીત ગાયરે;
અનીરૂધ પામ્યો શુભ કન્યારે, ત્યાં જાદવ હસતા જાયરે.
સાહેલી મળી સહૂ ટોળેરે, અન્યોઅન્ય મળીને બોલેરે;
પછે ગીત ગાય છે વરણીરે, ઓખાને લઇ જાય છે પરણીરે.

રાગ ફુટાણાની ચાલ.

આવ્યો આવ્યો દુવારકાનો ચોર, એના વડપીતાએ ચારમાં ઢોર,
લાખેણી લાડી લઇ ગયોરે. ટેક.
એનૂં શૂં કરીએ વખાણ, એણે જીત્યો તે રાય બાણ, લાખેણી.
આવ્યો આવ્યો કામકુમાર, જદૂકુલનો એ શૃંગાર, લાખેણી.
આવ્યો આવ્યો નંદતણો ગોવાળ, એતો મઝમાકંસનો કાળ, લાખેણી.
આવ્યો આવ્યો હળધરકેરો વીર, ગાયો ચારી તે જમના તીર, લાખેણી.
આવ્યો ગોપીઓનો માખણચોર, એતો નાગર નંદકીશોર, લાખેણી.

એની મધુરી છે બહુ વાણી, એનો વડપીતા મહીનો દાણી, લાખેણી
એને મન આનંદ બહૂ થાય, સખી ઓખાને લઇ જાય, લાખેણી
એમ સૈયરો ગાએ ગીત, મન આણીને બહૂ પ્રીત, લાખેણી
તીહાં આનંદ સહુને થાય, ભટ પ્રેમાનંદ જશ ગાય, લાખેણી.

રાગ કેદારો.

ઓખા બાઇ ચાલ્યાં ચાલણહાર, સાથ મુકયો સહિયરતણોરે ;
મુકયાં માત પીતા પરીવાર, સાથ લીધો જાદવતણોરે.
ઓખાબાઇએ ભરીયાં નયણે નીર, મનમાં આનંદ અતી ઘણોરે ;
ચિત્રલેહા આવી દેવા ધીર, મિલાપ કરી ઓખાતણોરે.
બન્યો ભેટયાં હયડાં સાથ, મનમાં આણંદ પામ્યાંરે ;
ભલે પામી તૂં અનીરૂધ નાથ, દુઃખ તે સઘળાં વામ્યાંરે.
આપણુ રમતાં સહિયર સાથ, સુખમાં તે બહૂ મ્હાલતાંરે ;
હવે લીધો બાઇ જાદવ સાથ, અમને મુકી થયાં ચાલતાંરે.
મ્હોટું ઘર પામી સહિયર તૂં, રાજી હૂં મનમાં થઇરે ;
સુખમાં તારે બાકી શૂંય, પીડા તુજ મનતણી ગઇરે.
બેની ડાહ્યાં થાજો આપ, માયા મનમાં રાખજોરે ;
બોલ્યું ચાલ્યું કરજો માફ, વ્હેલાં તે દરશન દાખજોરે.
ત્યારે કહે છે ઓખાબાઇ, ચિત્રલેહાને પાએ પડીરે ;
બેની તુજ સાચી સગાઇ, સહુ સહીયરમાં તૂં વડીરે.
બાઇ તેં ઝાલ્યો મારો હાથ, રક્ષા કીધી મુજતણીરે ;
મેળવી આપ્યો તેં અનીરૂધ નાથ, દયા આણી તેં ઘણીરે.
જ્યારે પતી ન મનની માંહી, વ્યાકૂલ બેની હૂં થતીરે ;
સુબોધ કરતી મુજને ત્યાંહી, સમજ મુજમાં ન હતીરે.
અનેક ગુણ છે તારા બેન, તે મુજને નહી વીસરેરે ;
તુજ વિના મુજને નહી ચેન, હેતે મુજ હઇડું ઠરેરે.
બાઈ તુજને કહું આપોઆપ, મહિઅર કો દીન આવશૂંરે ;
અપરાધ મારો કરજો માફ, કુશળતા અમો કહાવશૂરે.
એમ કહિ ભરતી નયણે નીર, ચિત્રલેહા છાની રાખતીરે ;
બેની ભીંજે તારાં ચીર, હૈડાં સાથે ચાંપતીરે.

એટલે આવી ઓખાની માત, નઇણે નીરૂધારા વહેરે ;
પુત્રી મારી સાંભળ વાત, મુજ શીખામણ મન લહેરે.
તુજને કેહેતી ગુંજની વાત, દૂર પધારશો દીકરીરે ;
હવે મુજને કોણ કરશે શાંત, કોને જોઇને રહૂં ઠરીરે.
બેની મધુરી બોલતી વાણ, તે મુજને બહૂ સાંભરેરે ;
વ્હાલી તૂં તો મારા પ્રાણ, વીસારી નહીં વીસરેરે.
બેની રૂડાં તારાં ભાગ્ય, દીપાવ્યો જાદવ સાથનેરે ;
પુત્રી રેહેજો અખંડ સુહાગ્ય, પામ્યાં અનીરૂધ નાથનેરે.
એમ દીધો ત્યાં આશીરવાદ, મહિયર વેહેલાં આવજોરે ;
સેવો પવિત્ર સાસૂના પાદ, દુખ હોય દોહ્યલાં કહાવજોરે.
ઓખાબાઈ રેહેજો રિકાંમાંહી, ત્યાં અમને સંભારજોરે ;
ગોમતી ન્હાજો જઇને ત્યાંહીં, ત્રંણે પક્ષને તારજોરે.
એમ કહી દૂર રહી ત્યાં માત, નિરખે છે નઇણાભરીરે ;
એટલે આવ્યો સહિયર સાથ, મળવા તઇયારી કરીરે.
સાસરે જાઓ છો તમે બેન, ગમશે નહીં અમને કંઇરે ;
તુજ વિના નહીં અમને ચેન, સહિ તૂં સમી કો નહીંરે.
બેની રમતાં આપણ સાથ, સહિયર ટોળે સહુ મળીરે ;
હવે પામ્યાં અનીરૂધ નાથ, પાછાં પીયર આવજો વળીરે.
બેની તૂં મા આસું પાડ, છાની રહેને તું જરીરે ;
એટલે ત્યાં આવ્યો કૌભાંડ, બેની વાત કહૂં ખરીરે.
અદકી ઓછી કહી હોય વાત, તે મનમાં નવ રાખજોરે ;
ક્ષમા કરજે મ્હારી માત, વેહેલાં મુખડું દાખજોરે.
એમ સરવે મળી ભેટયાં ત્યાહે, માત પિતા સહિયર સહૂરે ;
વાત કરે છે માંહોમાહે, મનમાં આનંદ છે બહૂરે.

વળણ.

ઓખાને સંતોષીયાં, ન્યૂન ન રાખી ક્યાંય ;
જાનીવાસે ગોત્રજ આગળ, દોરડો કેમ છોડાયરે.

કડવું ૫૧ મું.–રાગ ધોળ મંગળ.

બ્રહ્માએ વાળી ગાંઠ, છબીલી, દોરડો નવ છુટે ;
તારો મહાદેવ બાપ તેડાવ્ય, હો લાડી દોરડો નવ છુટે.

તારી પારવર્તી માત તેડાવ્ય, હો લાડી દોરડો નવ છુટે ;
તારો ગણપતી ભ્રાત તેડાવ્ય, છબીલી દોરડો નવ છુટે.
તારો બાણાસુર બાપ તેડાવ્ય, હો લાડી દોરડો નવ છુટે ;
તારી બાણુમતી માત તેડાવ્ય, છબીલી દોરડો નવ છુટે.
તારો કોભાંડ કાકો તેડાવ્ય, હો લાડી દોરડો નવ છુટે ;
સગાં સરવેને વેગે કહાવ્ય, છબીલી દોરડો નવ છુટે.
હવે કન્યાની જાંનરડી ગાય, હો લાડા દોરડો નવ છુટે ;
ત્યાં તો આનંદ ઓછવ થાય, છબીલા દોરડો નવ છુટે.
બ્રહ્માએ વાળી ગાંઠ, લાડા દોરડો નવ છુટે ;
તારો શ્રી કૃષ્ણ વડવો તેડાવ્ય, છબીલા દોરડો નવ છુટે.
તારો પ્રદ્યુમન બાપ તેડાવ્ય, હો લાડા દોરડો નવ છુટે ;
તારો હળધર કાકો તેડાવ્ય, છબીલા દોરડો નવ છુટે.
તારી રતિ માત તેડાવ્ય, હો લાડા દોરડો નવ છુટે ;
તારી ગોવાળ મંડળીને કહાવ્ય, છબીલા દોરડો નવ છુટે.

વલણ.

એમ રીતભાત ત્યાં કરી, ગોત્રને લાગ્યાં પાયરે ;
ગોર આશીશ દે ઘણી, બાણાસુરની કીધી રક્ષાયરે.

કડવું પર મું.—રાગ સિંધુડો.

પવિત્ર કીધું અસુરકુલ જે, વ્હેવાઇ વિશ્વંભર થયા ;
પુણ્ય મ્હારાં પુર્વ જન્મના, પ્રભુજીએ કીધી દયા.
પ્રલ્હાદઅર્થે નૃસિંહ હવા ને, હિરણ્યકસ્યપૂ ઉદ્ધારીયો ;
બળી કારણ વામન હવા, મારા ભુજનો ભાર ઉતારીયો.
હિરણ્યાક્ષ માટે વરાહ હવા એમ, બાણે વાણી ઓચરી;
સર્વપેં મુને ઘણી કૃપા જે, અનીરૂધે ઓખા વરી.
અપરાધ મ્હારો ક્ષમા કરિયે, હરિ તમ સામો હું વઢયો ;
એવું કહીને રાય બાણાસુર, કૃષ્ણને પગે પડયો.
બેઠો કીધો કર ગ્રહી, શ્રી કૃષ્ણે વખાણ્યો બહુ ;
જદુકુલ દીપાવ્યું અમારૂં જે, તમ પુત્રી થયાં વહુ.
અન્યોઅન્યે માન દીધું, જાદવ સહુ તતપર થાય;
સાસરે વળાવી ઓખાને તે વારે, માતા દે શીક્ષાય.

પુત્રી પીહેરને દીપાવજો, જો પામ્યાં મોટું સાસરૂં;
જશ કમાજો દીકરી, ડાહાપણ જશ રાખે ખરૂં.
એમ કહિને ઓખા વળાવ્યાં, ભેટયાં પુત્રી માય;
જાન વળાવી વલ્યો પાછો, આનંદે બાણરાય.
કૈલાસ ગયા ગિરિજાપતી, કૃષ્ણ પધારયા દ્વારામતી;
ઓખા અનીરૂધ ઘેર આવ્યાં, ભેટયા રૂકમણી રેવતી.
ઉત્તમ કથા ભાગવતતણી, સાંભલતાં સુખકારી;
પાપ સઘળાં પ્રલે થાયે, પરમ પદ પામે ભારી.
વ્યાધી ને સપ્તજવર સમે, જો સાંભળે સ્નેહે કરી;
સુખસંપતી પરીવાર વાધે, મનકામના પૂરે હરી.
શ્રી રામચંદ્ર પ્રતાપથી, પદબંધ કથા હવી;
કાલાવાલા માની લેજો, જથારથ કેહે કવી.
વીરક્ષેત્ર વડોદરૂં, ગુજરાત મધ્યે ગામ;
ચતુરવંશી જ્ઞાતિ બ્રાહ્મણ, કૃષ્ણસૂત પ્રેમાનંદ નામ.

વલણ.

નામ નારાયણતણું, ભાગે ભવજંજાળરે;
ભટ પ્રેમાનંદ કહે કથા, ભજો શ્રી ગોપાળરે.

સમાપ્ત.

